# મઝહબે મુહઝ્ઝબ યા'ને ઈસ્લામ


# ઝોહદો સુન્નત વ જમાઅત
યા'ને
મસલકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.........

બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ
બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

ISLAMIC WELFARE MISSION
GRWB/057/BHARUCH/02
At. : Dayadara, Di. Bharuch Pin. 392020 Guj. India
Ph. (02642) 282792, 282911

# બરકાતે ખ્વાજા (માસિક)

**"બરકાતે ખ્વાજા" (માસિક)**
**૧-સપ્ટેમ્બર-૨૦૦૪**
**શાબાનુલ મોઅઝ્ઝમ-રમઝાન**
**હિ.સ. ૧૪૨૫**
**વર્ષ : ૦૧ અંક : ૦૯, સળંગ અંક : ૦૯**

**★ સ્થાપક અને પ્રકાશક ★**
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**★ પત્ર વ્યવહારનુ સરનામું ★**
બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા
તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦
ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨
મોબાઈલ : ૯૮૨૪૪૮૬૪૪૩


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

## ★ ફૌજે ગમ કી...... ★

અઝ : *હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ મુસ્તફા રઝાખાં* رحمۃ اللہ علیہ

ફૌજે ગમ કી બરાબર ચળ્હાઈ હૈ
દાફ એ ગમ તુમ્હારી દુહાઈ હૈ
ઉમ્ર ખેલોં મેં હમને ગંવાઈ હૈ
ઉમ્ર ભર કી યહી તો કમાઈ હૈ
જબ ખુદા ખૂદ તુમ્હારા હુઆ તો ફિર
કૌન સી ચીઝ હૈ જો પરાઈ હૈ
તાજ રખ્ખા તેરે સર **ર-ફઅ-ના કા,**
કિસ કદર તેરી ઈઝ્ઝત બળ્હાઈ હૈ
અંબિયા કો રસાઈ મિલી તુમ તક
બસ તુમ્હારી ખુદા તક રસાઈ હૈ
મેરા બેળા કિનારે લગે પ્યારે
નૂહકી નાવ કિસને તિરાઈ હૈ
કાશ ! વો હશ્ર કે દિન કહેં મુઝસે
નારે દોઝખ સે તુઝ કો રિહાઈ હૈ
પ્યારે ખૂશ્બૂ તુમ્હારે પસીને કી
ખુલ્દ કે ફૂલોં સે ભી સિવાઈ હૈ
તય્બાહ જાઉં વહાંસે ન વાપસ આઉં
મેરે જી મેં તો અબ યે સમાઈ હૈ
મર રહા હૂં તુમ આ જાઓ જી ઉઠ્ઠું
શરબતે દીદ મેરી દવાઈ હૈ
શૌકે દીદારે નૂરીમેં એ **''નૂરી''**
રૂહ ખીંચ કર અબ આંખોમેં આઈ હૈ


**★ માનદ તંત્રી ★**
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


**નોંધ :** ગ્રાહક નંબર ........ આપનું લવાજમ તા. **તા. ૧-સપ્ટેમ્બર-૨૦૦૪** થી પૂરું **બરકાતે ખ્વાજા**
થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.


નૂરાની આર્ટ, દયાદરા. ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧, મોબાઈલ : ૯૮૨૪૪૮૬૪૪૩

# બરકાતે ખ્વાજા (માસિક) સપ્ટેમ્બર-૨૦૦૪

★ વર્ષ : ૦૧ ★ અંક : ૦૯ ★ સળંગ અંક : ૦૯


## અનુક્રમણિકા


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **તંત્રી લેખ :** મુસ્લિમ બુધ્ધિજીવી વર્ગ કે ઈસ્લામનો બાગી વર્ગ ?! | **રજૂકર્તા :** પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક :** હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યલય) | ૦૮ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્કાત શર્હે મિશ્કાત | મુફ્તી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ (કાર્યાલય) | ૧૧ |
| ૦૪. | ફતવા વિભાગ | **કાર્યાલય** | ૧૨ |
| ૦૫. | શિફા શરીફ | **લેખક :** હઝરત કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૩ |
| ૦૬. | ઈસ્લામ અને આધુનિક શોધો | **લેખક :** અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની<br>(ગુજરાતી અનુવાદક) પટેલ શબ્બીર અલી રઝવી | ૧૬ |
| ૦૭. | ઈમામ અહમદ રઝા ઔર એહ્તેમામે નમાઝ | **અઝ :** હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી નૂરી–મુંબઈ *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)* | ૨૦ |
| ૦૮. | ગુનાહોનો ઈલાજ | **લેખક :** હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી<br>**અનુવાદક :** મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી | ૨૫ |
| ૦૯. | મસ્જિદોમાં નમાઝ બાદ જોરથી ઝિક્ર તથા દુરૂદો સલામ પઢવા વિશે | **અઝ : અલ્લામા અર્શદુલ કાદરી** رحمۃ اللہ علیہ | ૨૮ |
| ૧૦. | ફઝાઈલે શાબાનુલ્ મોઅઝ્ઝમ | **કાર્યાલય** | ૩૧ |
| ૧૧. | હઝરત ઈમામ જા'ફર સાદિક رحمۃ اللہ علیہ | **કાર્યાલય** | ૩૪ |
| ૧૨. | સ્વચ્છ સમાજના ઘડતરમાં નવયુવાનોનો રોલ | **લેખક :** મુહમ્મદ ઝિયાઉર્રહ્માન અલીમી<br>**અનુવાદક :** મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી | ૩૬ |
| ૧૩. | રહમતે ઈલાહી | **અઝ :** જનાબ જિગર નબીપુરી, લંડન | ૩૯ |
| ૧૪. | ઔરતોની હિકાયતો | **લેખક :** મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર (પાક.)<br>**અઝ :** આલિમા કારિયહ્ અનીસા યાકૂબ પટેલ (પાલેજ) | ૪૧ |
| ૧૫. | અનોખા સવાલ–અનોખા જવાબ | **અઝ :** મૌલાના સાદિક હસન સાબરી ચિશ્તી દહેગામી *(ખતીબો ઈમામ શાહી જુમ્મા મસ્જિદ, જંબુસર)* | ૪૨ |
| ૧૬. | દુરૂદે પાક એક અઝીમ ઈબાદત | **અઝ :** હાફેઝ મુહમ્મદ સરફરાઝ દયાદરવી, *(મુતઅલ્લિમ અલ્ જામિઅતુલ્ અશ્રફિયહ્, મુબારકપુર)* | ૪૩ |
| ૧૭. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૭ |

# મુસ્લિમ બુધ્ધિજીવી વર્ગ કે ઈસ્લામનો બાગી વર્ગ ?!

તંત્રી લેખ......

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَا سَیِّدِیْ یَا رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْکَ وَسَلَّمَ

ઘણા સમયથી એવું સાંભળતા આવીએ છીએ કે **"મુસલમાનોનો બુધ્ધિજીવી વર્ગ"** આમ કહે છે અને **"મુસલમાનોનો બુધ્ધિજીવી વર્ગ"** તેમ કહે છે ! સમાચારપત્રો તથા ટી.વી. મીડિયા એને ખૂબ ચગાવે છે. તો આ બુધ્ધિજીવી વર્ગ છે કોણ ? અને એમના સિવાયના મુસ્લિમોનો વર્ગ શું બેવકૂફોનો વર્ગ છે ?! વળી એમની વાતો બુધ્ધિજીવી જેવી છે કે કુબુધ્ધિજીવી જેવી છે તેનો અભ્યાસ કરીએ.

આપણે આ **"મુસલમાનોના કહેવાતા બુધ્ધિજીવી વર્ગ"** પર એક દ્રષ્ટિ નાખીએ. આ ચીકણી ચપણી વાતો કરનારા "કાફિર" શબ્દની વ્યાખ્યા બદલી રહ્યા છે તેમજ ૧૪૦૦ વરસથી ઉલમાની માન્ય **ત્રણ તલાક એટલે ત્રણ તલાક !** ને તેઓ એક કહી રહ્યા છે તથા કૌમી એકતા તેમજ મુસ્લિમોની પ્રગતિની વાતોના નામ પર કુર્આનની જ વિરૂધ્ધ વાતો તથા વર્તન કરનારા કહેવાતા બુધ્ધિજીવીઓ વાસ્તવમાં કેટલી અક્કલ ધરાવે છે તે જોઈએ. આપણે **કુર્આન** અને **હદીષ** તથા **ઉલમાના કથનો** પર ઈમાન ધરાવનારા છીએ અને એનું નામ જ મુસલમાન છે ! જેથી આપણે "કુર્આન, હદીષ તથા ઉલમાના કથનો" થકી આ વાતનો ફેંસલો લાવીશું. ઈન્શાઅલ્લાહ !

## ★ કુર્આનની નજરમાં બુધ્ધિજીવી કોણ ?! ★

રબ તબારક વ તઆલા બુધ્ધિજીવીઓનો ઉલ્લેખ કરતાં ફર્માવે છે :

اِنَّ فِیْ خَلْقِ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَاخْتِلَا فِ الَّیْلِ وَانَّهَارِ لَاٰیٰتٍ لِّاُولِی الْاَلْبَابِ ○ اَلَّذِیْنَ یَذْکُرُوْنَ اللّٰهَ قِیٰمًا وَّقُعُوْدًا وَّعَلٰی جُنُوْبِهِمْ○

"બેશક ! જમીન તથા આકાશના સર્જન અને રાત દિવસના ચક્રમાં બુધ્ધિજીવીઓ માટે નિશાનીઓ છે જેઓ ઉભા ઉભા, બેસીને, આડા પડખે દરેક હાલતમાં રબ તબારક વ તઆલાનો ઝિક્ર કરે છે." *(સૂરએ આલે ઈમ્રાન, આયત–૧૯૦, ૧૯૧)* તથા સૂરએ બકરહ્, આયત ૧૬૩ પણ એ જ અર્થમાં આવેલી છે.

આ આયતોમાં બુધ્ધિજીવીઓની વિશિષ્ટતા જાણવા મળી કે તેઓ હર હાલતમાં અલ્લાહનો ઝિક્ર કરતા રહે છે. ઝિક્ર ઘણી રીતે થાય છે ચાહે જીભ વડે કે કલમથી, ચાહે રબની શાનમાં, તેના મહબૂબની, મહબૂબ બંદાઓની શાનમાં ચર્ચા કરે કે લખતા રહે એ સૌ અલ્લાહનો ઝિક્ર જ છે, કોઈ ઈસ્લામની હક્કાનિયત માટે ઝબાનથી કલમથી કામ કરતો રહે તે પણ અલ્લાહનો ઝિક્ર જ છે અને શરીઅતના, કુર્આન હદીષના આદેશોના પ્રચાર માટે કોશિશમાં રહે એ પણ અલ્લાહનો ઝિક્ર જ છે.

એક ઠેકાણે ફર્માવે છે :–

فَاتَّقُوا اللّٰهَ يٰاُولِي الْاَلْبَابِ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ○

"....તો અલ્લાહથી ડરો! હે અક્કલવાળાઓ! કે તમે ભલાઈ પામો!" *(સૂરએ માઈદહ્, આ. ૧૦૦)*

સારાંશ એ કે બુધ્ધિજીવી એ ગણાશે જે અલ્લાહ વ રસૂલ પર ઈમાન રાખીને તેનાથી ડરતો રહીને તેની ઈબાદતમાં રહે, ખુદા વ રસૂલના ઈર્શાદોને ફેલાવવાના પ્રયત્નો કરતો રહે. અને જે જેટલો અધિક ઝિક્રમાં રહેશે તે એટલો અધિક બુધ્ધિજીવી ગણાશે.

## ★ હદીષની રૂએ બુધ્ધિજીવી કોણ ? ★

હદીષે પાકમાં છે : "મૂર્ખ છે તે શખ્સ જે દુનિયાના જમેલાઓમાં ડૂબેલો રહે અને કહે કે અલ્લાહ માફ કરી આપશે." *(મુકાશિફતુલ્ કુલૂબ)*

જાણવા મળ્યું કે દુનિયાના રંગ રાગમાં, હરામ કામોમાં ડૂબેલી રહે ઉપરથી માફીની આશાવાદી રહે તે વ્યક્તિ બુધ્ધિજીવી નથી પણ "મૂર્ખ" છે. અને જે ખુદાથી ડરીને તકવા પરહેઝગારીથી જીવનાર છે, ગમે તેવા સંજોગોમાં હરામથી બચનાર છે તે જ ખરો બુધ્ધિજીવી છે. દુનિયા માને કે ન માને પણ ખુદા વ રસૂલની નજીક તે બુધ્ધિજીવી જ છે.

## ★ ઉલમાના કથનથી શ્રેષ્ઠ બુધ્ધિજીવી કોણ ? ★

વહબ ઈબ્ને મુનબ્બિહ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે, મેં ઈકોતેર પુસ્તકોમાં એ વાંચ્યું છે કે **જ્યારથી દુનિયા અસ્તિત્વમાં આવી છે ત્યારથી કયામત સુધી તમામ માનવીઓની બુધ્ધિઓની જો હુઝૂર** صلی اللہ تعالیٰ علیہ وسلم **ની બુધ્ધિ સાથે તુલના કરવામાં આવે તો બધા જ માનવીઓની બુધ્ધિઓને હુઝૂરે અકરમ** صلی اللہ تعالیٰ علیہ وسلم **ની બુધ્ધિ સાથે એ જ સંબંધ હશે જે રેતીના એક કણને દુનિયાના તમામ રણો સાથે સંબંધ છે.** અર્થાત બધા જ માનવીઓની કુલ બુધ્ધિઓ એક રેતીના કણ સમાન છે અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બુધ્ધિમત્તા દુનિયાના તમામ રણો બરાબર છે. આ હદીષને અબૂ નુઐમ મુહદ્દિષે "હુલિયા"માં વર્ણન કરી છે અને મુહદ્દિષ ઈબ્ને અસાકિરે પણ એને રિવાયત કરી છે. *(ઝુર્કાની, ભાગ–૪, પેજ–૨૫૦ અને શિફા શરીફ, ભાગ–૧, પેજ–૪૨)*

દોસ્તો ! યકીનન આપણા નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم સમગ્ર સૃષ્ટિમાં શ્રેષ્ઠ બુધ્ધિજીવી છે. અને જે શ્રેષ્ઠ બુધ્ધિજીવી હોય તેના અખ્લાક આદતો પણ શ્રેષ્ઠ હોય છે, તેના વિચારો, તેનાં કથનો પણ શ્રેષ્ઠ જ હોય છે. જેમ કે રબ તઆલા ફર્માવે છે :

وَاِنَّكَ لَعَلٰى خُلُقٍ عَظِيْمٍ ○

**"અને બેશક! તમારા અખ્લાક "અતિ" ઉચ્ચ છે."** *(સૂ. કલમ, આ. ૪)*

હવે વિચારો કે રબ તઆલા એક ઠેકાણે ફર્માવે છે : **કુલ્ મતાઉદ્દુન્યા કલીલ** *(સૂ. નિસાઅ, આ. ૭૭)* જુઓ ! આટલી વિશાળ જણાતી દુનિયાને રબ તઆલા કલીલ (થોડી) દર્શાવી રહ્યો છે. તો તે રબ જેને "અતિ ઉચ્ચ" કહે તેની ઉચ્ચતાનો આલમ શો હશે ?! એટલે કે જેની કોઈ હદ નથી એટલા ઉચ્ચ અખ્લાક આપ صلی اللہ تعالیٰ علیہ وسلم ના છે.

અને યાદ રાખશો કે સર્વ **ઈલ્મી** તથા **અમલી** નૈતિક શ્રેષ્ઠતાઓનો આધાર બુધ્ધિ પર જ છે. જે જેટલો વિશેષ બુધ્ધિજીવી તેટલો વિશેષ ઉચ્ચ સંસ્કાર, ઉચ્ચ અખ્લાક, ઉચ્ચ આદતોવાળો માણસ હોય છે. સારાંશ કે **નબી કરીમ** صلی اللہ تعالیٰ علیہ وسلم **શ્રેષ્ઠ બુધ્ધિજીવી** છે.

"મવાહિબે લદુન્નિયહ્"માં છે : **"કેટલાક**

**લોકોથી રિવાયત થયેલ છે કે અક્કલના ૧૦૦ હિસ્સા છે, જેમાંથી ૯૯ હિસ્સા નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને અતા કરવામાં આવ્યા અને એક હિસ્સો સર્વ મો'મિનોને."** *(મવાહિબે લદુન્નિયહ્, ભાગ-૨, પેજ-૩૩૧)*

ઉપરોક્ત લખાણનો સાર એ નીકળ્યો કે બુધ્ધિજીવી તે છે જે અલ્લાહથી ડરીને તેના હુકમો અનુસાર જીવે છે. અને રસૂલેપાક صلی اللہ تعالیٰ علیہ وسلم થી અધિક ખૌફે ખુદા કોની અંદર હોઈ શકે છે ?! વળી હદીષોથી તથા ઉલમાના કથનોથી પણ પુરવાર થયું કે રબ તઆલાએ સૌથી વિશેષ બુધ્ધિ પોતાના મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم ને જ અતા કરી છે.

આપણને જે બુધ્ધિ (કુલ મખ્લૂકને) મળી તે હુઝૂરની બુધ્ધિની સરખામણીમાં જગતના સમગ્ર રણો સમક્ષ એક રેતીના કણની હૈસિયત ધરાવે છે. હવે આ કણમાંથી વ્યક્તિગત વહેંચાતી વહેંચાતી કિયામત સુધીના લોકોને મળી તો એ બુધ્ધિની હૈસિયત કેટલી તે સમજી લો !

હવે સૌથી શ્રેષ્ઠ બુધ્ધિજીવી નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم છે તો આપના તરફથી જે **જીવન બંધારણ** આપવામાં આવ્યું, જે કાનૂનો આપવામાં આવ્યા તથા જે કરવાના હુકમો થયા અને જે ન કરવાના હુકમો થયા એમાં યકીનન સૌની ભલાઈ જ સમાયેલી છે અને **એને અનુસરનારા જ બુધ્ધિજીવી કહેવાશે.** સહાબા, તાબઈન, તબે તાબઈન, ઔલિયા અને બાઅમલ ઉલમા એઓ બુધ્ધિજીવી હોવામાં ઉચ્ચ ક્રમમાં છે કારણ કે એઓ જ સર્વ મુસ્લિમોમાં ખુદાથી ખૂબ ડરનારા છે અને જેઓ એમના માર્ગે ચાલે અને જેટલા ખુદાથી ડરી તેના તથા તેના રસૂલના હુકમોની પાબંદી કરે તેટલા તેઓ બુધ્ધિશાળી બુધ્ધિજીવીની યાદીમાં ઉપલા ક્રમમાં આવશે.

## ★ આજના કહેવાતા બુધ્ધિજીવીઓનો હાલ ! ★

બે ચોપડી દુનિયવી પઢી લેવાથી કે દુનિયવી ભણતરમાં આગળ વધી જવાથી તે દુનિયવી જ્ઞાનમાં હોશિયાર કહેવાશે પણ તે એવો બુધ્ધિજીવી નથી ગણાવાનો કે કશાય જ્ઞાન વિના પોતાની આઝાદ બુધ્ધિ વડે ઈસ્લામના કાનૂનોમાં ચંચુપાત કરે કે જેને શ્રેષ્ઠ બુધ્ધિજીવી નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ રજુ કર્યા છે. અને જે સહાબા તથા મહાન ઉલમા ૧૪૦૦ વરસથી શીખવાડતા તથા માનતા તથા સમજાવતા આવ્યા છે.

દુનિયા લાખ આગળ વધી જવાનો દાવો કરે પણ **આજેય લોકો માને છે કે જે લોકો સમક્ષ ડાન્સ કરે, પોતાનાં અંગોને લોકો સમક્ષ જાહેર કરી નખરાં કરે તે હલકટ છે, બેશરમ છે, નીચ છે.** તથા એ જ પ્રમાણે નાચનારાઓ, પર સ્ત્રીઓ સાથે ખેલ કરનારાઓ પણ હલકટ છે. "સુવ્વર"ને બકરુ નામ આપવાથી તે બકરુ બની જવાનું નથી. એ જ રીતે **હલકાં કામોને "કલા" કહેવાથી તેની નીચતા જતી રહેવાની નથી.** દરેકનું દિલ અંદરથી કહેશે જ કે આ નીચ કૃત્ય છે અને એ ઈસ્લામની વિરૂધ્ધ જ છે.

તો દોસ્તો ! શરીઅતમાં જેને હરામ તથા તે કૃત્ય કરનાર પર અલ્લાહની લઅનત વરસે છે તેવાં ફર્માનો શ્રેષ્ઠ બુધ્ધિશાળી રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم બહાર પાડે તેની વિરૂધ્ધ જઈને જેમનો ધંધો જ નાચવાનો હોય તેઓને કયો મૂર્ખ બુધ્ધિશાળી માનવા તૈયાર થશે !

**તો આજે કહેવાતા બુધ્ધિજીવીઓમાં હિરોઈનો, હિરો, વિલનો, જૂઠા વાર્તાકારોનાં** નામો જોવા મળે છે જેમ કે કોઈનું નામ શબાના છે કોઈ તસ્લીમા છે, કોઈ જાવેદ છે તો કોઈ ખાન

છે.... વગેરે. વળી એમાં કોઈ એંજીનીયર કે ડોકટર કે વકીલ છે પણ તેમની રોજનીશી યહૂદ તથા નસારા જેવી છે. ઈસ્લામના કાનૂનોમાં ફરેફાર માટે તેમનાં નિવેદનો વાંચીને અતિ અફસોસ સાથે આશ્ચર્ય થાય છે કે, "આ બેવકૂફોને ઈસ્લામના કાનૂન સાથે શું લેવા દેવા છે ?!" વળી આ કહેવાતા બુધ્ધિજીવીઓમાં એવા લોકો પણ સમાયેલા છે જેઓ જરૂરિયાતે દીનના પણ મુન્કિર છે ! કેવળ મુસ્લિમ નામ ધારણ કરી લેવાથી કોઈ મુસલમાન નથી થઈ જતું.

અફસોસ ! કે આ મુસ્લિમોના ઢોંગી શુભેચ્છકો, તકસાધુઓ, પબ્લિકમાં ચાહના પામવા, ચમકતા રહેવાના ઈચ્છુક, નર્યા નફસના બંદાઓ જેમને ઈમાન તથા ઈસ્લામ શું તે ખબર નથી, તેઓ મુસલમાનોની ભલાઈના પ્રોગ્રામો કરીને મુસલમાનોને પોતાની સડેલી બુધ્ધિ વડે જીવન જીવવાના કાર્યક્રમો દર્શાવી રહ્યા છે.

જો તેઓ કુર્આન–હદીષને સમજી શક્યા હોત તો એમની હાલત આવી ન હોત અને તેઓ પ્રખ્યાત અદાકારો, કલાકારો કે કથાકારો કે યહૂદો નસારાના જેવા ન હોત ! અજબની વાત છે કે આવા નાફર્માન લોકો કુર્આન હદીષના પોતાની કુબુધ્ધિથી ખોટા મતલબો ઘડીને પબ્લિકને સમજાવી રહ્યા છે !

સાંભળી લો ! બુધ્ધિજીવી ફક્ત સહીહુલ્ અકીદા ઉલમા (આલિમો) જ છે, તેઓ જ કુર્આનને પોતાના વરસો વરસના અભ્યાસથી જે દીની જ્ઞાન મેળવ્યું તેના દ્વારા સમજી શકે છે અને સમજાવી શકે છે અને તેમણે સમજાવી આપ્યું છે કે :–

જે ઈસ્લામના વર્તુળથી બહાર છે તે "કાફિર" છે. આ વ્યાખ્યા કિયામત સુધી બદલાઈ શકતી નથી. જ્યારે આમાં ફેરફાર વાંછુઓ કહે છે કે, "જે ખુદા અથવા ભગવાન કે દેવ, દેવી કશામાં ન માનતો હોય, નાસ્તિક હોય તે જ કાફિર છે." એટલે એમની દષ્ટિએ અબૂજહલ, અબૂ લહબ પણ "કાફિર"ની વ્યાખ્યામાં ન આવે ! તો એ ગલત છે. એવા લોકો **"કુલ્ યા ઐયુહલ્ કાફિરન્"**માં કોને ગણશે ?! (જામનગરથી નીકળતા **"સંધી વેલ્ફેર"** માસિકમાં પણ આવી ભૂલ ભરેલી વ્યાખ્યા હતી. તેઓ પણ પોતાની ભૂલ સુધારી લે !) અરે ! કલ્મો પઢનારો પણ જો કોઈ જરૂરિયાતે દીનની બાબતનો ઈન્કાર કરશે તો તે પણ "કાફિર" છે, ભલે વરસો વરસ હજ્જ કરે, ૨૪ કલાક નમાઝ પઢે, કલ્માનો વિર્દ કર્યા કરે, છતાં તે મુસલમાન નથી. અને જે મુસલમાન નથી તેને કુર્આન, હદીષની બોલીમાં "કાફિર" જ કહેવાશે. અને જેઓ એની વ્યાખ્યા બદલવા જશે તેઓ પણ એ ગૃપમાં જઈને પડશે તેની નોંધ લેશો.

**ચેતવણી** : હે મુસલમાનો ! આ દૌરમાં મુસ્લિમોની ભલાઈના નામે જાત જાતના લપસણા ઉદ્દેશો, લલચામણી વાતો ને લોભામણાં ઈનામો દર્શાવતી મુસ્લિમ નામધારી વ્યક્તિઓ કે સંસ્થાઓનો રાફડો ફાટી નીકળ્યો છે, **જેઓ પોતાની વાકછટાથી મુસલમાનોને આંજી દઈને ઝકાત, લિલ્લાહ વગેરે નામે ડોનેશનો ઉઘરાવી રહી છે તેમની ભ્રામક વાતોમાં આવશો નહીં તેમને આપવાથી તમારી ઝકાત પણ અદા થશે નહીં.** સુન્ની સહીહુલ્ અકીદા આલિમના માર્ગદર્શન હેઠળ અને શરીઅતના ઈસ્લામના પાયાના સિધ્ધાંતો પર ચાલનારા હોય તે સિવાય કોઈના પ્રતિ ખેંચાયા તો જાહેરમાં કદાચ ટેમ્પરરી લાભો જણાશે પણ અસલમાં તમારામાંના ઈસ્લામ તથા ઈમાનની રૂહ ખોઈ બેસશો ! અને જો એ નહીં હોય તો સર્વ લાભો બેકાર છે, કારણ કે આખેરતમાં જહન્નમ સિવાય કાંઈ હાથ નહીં લાગે.

ત્રણ તલાકોનો મસ્અલો જે ૧૪૦૦ વરસથી ઉલમાની એકમતિથી સિધ્ધ થયેલ છે કે એકી સાથે ત્રણ તલાકો આપે તો ત્રણ જ તલાકો થશે, તલાક આપવાનો અધિકાર ફક્ત પુરૂષને જ છે.... વગેરે એમાં કોઈ ફેરફારને અવકાશ નથી. (તલાકના મસ્અલાની સ્પષ્ટતા માટે બહારે શરીઅત વાંચવી.)

હવે કહેવાતા બુધ્ધિજીવીઓ જેમની હાલત ઉપર દર્શાવી તેવા જો પોતાના તરફથી કોઈ ફેરફાર કરવા ચાહે તો તે **ઈસ્લામની વિરૂદ્ધ એક બગાવત** છે એ સિવાય કાંઈ જ નથી. અસંખ્ય વાર કિતાબોમાં કુર્આન હદીષથી આવી વાતો સ્પષ્ટ કરવામાં આવી છે છતાં કહેવાતા બુધ્ધિજીવી તેની સામે બગાવત કરતા રહે છે તો એનાથી મુસલમાનોએ ભરમાવુ જોઈએ નહીં.

વળી આવી જ સ્પ્રેટ (**Sprat**) નામની સંસ્થાની એક પત્રિકા અમને મળી જેમાં "કૌમી સદ્ભાવનાના પ્રસાર માટે અલગ અલગ કોમોનાં બાળકોને ટૂંક સમય માટે એકબીજાને ઘરે રાખવાનો કાર્યક્રમ" એમના એજન્ડામાં છે.

હવે વિચારો કે, બાળકો જ્યાં જે ઘરમાં રહે છે તે ઘરમાં માબાપ કે વાલી જે મઝહબ પર હોય તેના અનુકરણમાં બાળક પણ જે તે મઝહબ પર ચાલતુ થાય છે. તો ઉપલા કાર્યક્રમમાં શું ખતરાઓ છે તે સામાન્ય માનવી પણ સમજી શકે છે. અને પરચાનું હેડીંગ "હુકૂકુલ એબાદ" આપ્યું છે તો ઈસ્લામના કયા કાનૂનમાં તથા બંદાઓના હક્કોના કયા કાનૂનમાં આ પ્રોગ્રામ આવે છે ?! (સદ્ભાવના કેળવવાના બીજા ઘણા માર્ગો છે જેનાથી એકબીજાને સહાયરૂપ બની સુમેળભર્યા વહેવાર કરી શકાય છે.)

આવા તુક્કાઓથી મુસલમાનોએ સાવધાન રહેવું જોઈએ. અને ઈસ્લામની અસલ કુર્આન, હદીષ તથા મહાન ઉલમાના કથનોને અનુસરી પોતાના ઈમાનને બચાવીને જીવવું જોઈએ. અને




ઈસ્લામ વિરૂધ્ધ જઈને તેના કાનૂનોમાં વિકૃતિ લાવનારાઓનો ચોતરફથી મુસ્લિમોએ વિરોધ કરવો જોઈએ. ખાસ કરીને હાલમાં ટી.વી. ચેનલો પર જે શોર ઈસ્લામી કાનૂનોમાં ફેરફાર માટે કહેવાતા બુધ્ધિજીવીઓ મચાવી રહ્યા છે તેના પ્રતિકાર માટે સુન્નીઓએ તથા રહબરોએ આગળ આવવું જોઈએ.

ઈસ્લામે સ્ત્રીઓને જે હક્કો આપ્યા છે, જે ગુલામીની જંજીરોમાંથી ઈસ્લામે તેણીને છોડાવી છે તેવું કોઈ પણ મઝહબના કાનૂનમાં હોય તો દર્શાવો. કહેવાતા બુધ્ધિજીવીઓ દરેકનો અભ્યાસ કરે અને ઈસ્લામી કાનૂનોની હિકમતોને સમજે પછી એ કાનૂનો પર આંગળી ઉઠાવે.

બુધ્ધિજીવીઓએ ચળવળ ઉપાડવા જેવાં ઘણાં કામો છે : એક તો આજે વ્યભિચાર આમ થઈ રહ્યો છે અને તેના કારણે કાંઈ કેટલીય સ્ત્રીઓ ફસાઈને સગર્ભા થતાં ક્યાંક ઉકરડામાંથી નવજાત શીશુઓ મળી રહ્યાં છે તો ક્યાંક બળાત્કારનો ભોગ બને છે અને છેવટે તેણી આત્મહત્યા કરે છે. તો આવા જુલ્મોમાંથી સ્ત્રીઓને છોડાવવા આગળ વધે. બીજું દહેજના નામે સ્ત્રીઓના પર જુલ્મો સિતમ થાય છે, જીવતી સળગાવી દેવાય છે અથવા જુલ્મથી ત્રાસીને તેણી જ બળી મરે છે, તેના સામે રોક લગાડે. આવા અસંખ્ય પ્રશ્નો સ્ત્રીઓના પર જુલ્મના સળગતા છે તેની સામે સૌ મૂંગા મંતર કેમ છે ?! *(સંપૂર્ણ)*

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

કાર્યાલય

**અઝ :** ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## ★ સૂરએ બકરહની તફસીર ★

هُوَ الَّذِي خَلَقَ لَكُمْ مَا فِي الْأَرْضِ جَمِيعًا ثُمَّ اسْتَوَى إِلَى
السَّمَاءِ فَسَوَّاهُنَّ سَبْعَ سَمَاوَاتٍ وَهُوَ بِكُلِّ شَيْءٍ عَلِيمٌ ۝ وَإِذْ
قَالَ رَبُّكَ لِلْمَلَائِكَةِ إِنِّي جَاعِلٌ فِي الْأَرْضِ خَلِيفَةً قَالُوا
أَتَجْعَلُ فِيهَا مَنْ يُفْسِدُ فِيهَا وَيَسْفِكُ الدِّمَاءَ وَنَحْنُ نُسَبِّحُ
بِحَمْدِكَ وَنُقَدِّسُ لَكَ قَالَ إِنِّي أَعْلَمُ مَا لَا تَعْلَمُونَ ۝

**તર્જુમો :** તે જ તો છે જેણે પેદા કર્યા તમારા માટે જે કાંઈ જમીનમાં છે સર્વ કાંઈ.[૪૧] પછી તવજ્જોહ ફર્માવી ઉપરની તરફ તો ઠીક ઠીક બનાવી દીધાં તેમને સાત આસ્માનો[૪૨] અને તે સર્વ કાંઈ સારી પેઠે જાણે છે અને યાદ કરો[૪૩] જ્યારે ફર્માવ્યું તમારા રબે[૪૪] ફરિશ્તાઓને[૪૫] હું નિયુક્ત કરનાર છું જમીનમાં એક નાયબ.[૪૬] કહેવા લાગ્યા, શું તું નિયુક્ત કરે છે જમીનમાં જે ફસાદ ફેલાવશે અને એમાં ખૂનરેજીઓ કરશે, જ્યારે કે અમે તારી તસ્બીહ કરીએ છીએ તારી હમ્દની સાથે અને પાકી બયાન કરીએ છીએ તારા માટે. ફર્માવ્યું, બેશક ! હું તે જાણું છું જે તમે નથી જાણતા.

## ★ તફસીર ★

**૪૧.** આગામી રુકૂઅમાં માણસની પેદાઈશ અને તેને અલ્લાહના ખલીફા હોવાનો મન્સબ (સ્થાન) અપર્ણ કરવા વિશેનો ઉલ્લેખ આવી રહ્યો છે. એટલા માટે એના પહેલાં એની બુઝુર્ગી તથા એની મહાનતાનું વર્ણન ફર્માવ્યું કે જમીન તથા તેના પેટાળમાં છુપાયેલ અઢળક તથા અતિમૂલ્વાન ખજાનાઓ, લહેરાતાં ખેતરો અને રસીલાં તથા રંગીલાં ફૂલો વડે લદાયેલા લીલાછમ બાગો, ઊંચા પહાડો અને ઊંડા સમુદ્રો, રંગબેરંગી પક્ષીઓ તથા પશુઓની ભરમાર એ સૌને તેની ખિદમતના માટે પેદા કરવામાં આવ્યાં છે, તેણે જોઈએ કે દરેક ચીજને પોતાના કામમાં લાવે, તેનાથી લાભ ઉઠાવે અને પોતાની ખિદમત લે. પરંતુ હક્ક રાહથી ભટકેલા માનવીની પડતીનું શું કહેવું કે તેણે પોતે મખદૂમ (જેની ખિદમત કરવામાં આવે) હોવા છતાં પોતાના ચાકરોને પોતાના ધ્યેય બનાવ્યા, બલ્કે અમુકે તો તેમને ખુદાઈના તખ્ત પર બેસાડયા અને તેમને પોતાના મખ્દૂમ તથા મહામૂલ્ય બનાવીને તેમની સમક્ષ સજદામાં ઝુકી ગયા ! શું આનાથી વધીને પણ કોઈ નાઈન્સાફીની કલ્પના કરી શકાય છે ?! આયતના આ હિસ્સાએ માનવીને પોતાના ઉચ્ચ સ્થાનથી માહિતગાર કર્યો અને આ પોતાને ભૂલનારાને ઝંઝોળ્યો જેથી તે પોતાના ચહેરા પરથી ઝિલ્લત તથા બેઈજ્જતીની ધૂળ સાફ કરે.

**૪૨.. ઈસ્તવા**નો સિલા જ્યાં **ઈલા** હોય તો તેનો અર્થ નિશ્ચય કરવો, ધ્યાનિત થવું થાય છે. મકસદ એ છે કે જમીનના સર્જન પછી ખુદા તઆલાનો ઈરાદો આસ્માનની સજાવટની પ્રતિ ધ્યાનિત થયો અને તેણે પોતાની કામિલ કુદરત અને પુખ્તા હિકમત થકી એને એ રીતે દુરુસ્ત કર્યું કે તેમાં કોઈ કમી તથા ઉણપ બાકી ન રહેવા દીધી. આ આયતોથી સૃષ્ટિના સર્જનના ઈલ્મની (Comogeny) વિગતો

તથા એ સંબંધિત બાબતોના વર્ણનનો હેતુ નથી, બલ્કે હેતુ એ છે કે ઈન્સાન આસ્માની તથા પૃથ્વીની સૃષ્ટિમાં ચિંતન કરે અને તેને અનઅસ્તિત્વમાંથી અસ્તિત્વમાં લાવનારની કુદરતને સ્વીકારે અને રબ્બે કદીરે તેની સલામતી અને આરામના માટે જેટલી સંપૂર્ણ વ્યવસ્થાઓ કરી છે તેનાથી જાઈઝ ફાયદો ઉઠાવે અને તેની આ અમાપ ઈનાયતોનો શુક્રિયા અદા કરે.

**૪૩.** આ રુકૂઅમાં એક અન્ય અઝીમુશ્શાન એહસાનનો ઉલ્લેખ છે એ છે હઝરત ઈન્સાનની પેદાઈશનું વર્ણન. ખાલિકે કાઈનાતે જે કાળજી સાથે આ માટીના પૂતળાની પેદાઈશનો ઉલ્લેખ કર્યો છે તેવો અન્ય મખ્લૂકનો ઉલ્લેખ નથી કર્યો.

**૪૪.** આ સ્થાને રબ મુઝાફ છે. ك ઝમીરની તરફ જેનો મરજઅ ઝાતે પાક મુસ્તફા ﷺ છે. આ ઈઝાફતમાં જે લુત્ફ છે તેનો સહીહ ઈદરાક કેવળ અહલે મહબ્બત તથા ઈરફાનની ખાસ ખૂબી છે. અલ્લામા અલૂસી ફર્માવે છે : (અર્થ) : હુઝૂરે અકરમ ﷺ ની ઝાતે પાક જ હકીકતમાં ખલીફાએ આ'ઝમ છે, અને એ ઝાતે પાક ન હોત તો આદમ જ પેદા ન થાત બલ્કે કાંઈ પણ ન હોત. *(રૂહુલ્ મઆની)*

**૪૫.** એનો વાહિદ **મલકુન્** છે. તેનો માખઝ ઈસ્તેકાક **અલૂકતુન્** છે જેનો અર્થ છે : "પૈગામ રસાની" (પૈગામ પહોંચાડવું) કેમ કે ફરિશ્તા અલ્લાહ તઆલાનો પૈગામ તેના મકબૂલ બંદાઓ સુધી પહોંચાડવા માટે નિયુક્ત છે એટલા માટે તેમને આ નામ વડે સંબોધિત કરવામાં આવ્યા. ફરિશ્તાઓની હકીકત શું છે ? એમાં એટલા વિવિધ કથનો (અકવાલ) છે કે તે સૌનો ઉલ્લેખ અહીં શક્ય નથી. ઈસ્લામના ઉલમા નજદીક તેમની હકીકત એ છે કે, "આ તે લતીફ નૂરાની શરીર છે જે વિવિધ સ્વરૂપો બદલી શકે છે. અને તેમને તેમના મૂળ સ્વરૂપમાં કામિલ ઔલિયા જ જોઈ શકે છે, અને હોવું પણ એવું જ જોઈએ. કેમ કે વિવિધ ચીજોની સમજ તથા અનુભૂતિ એક જ શક્તિ વડે નથી હોતું, બલ્કે વિવિધ શક્તિઓ વિવિધ ચીજોની સમજ તથા અનુભૂતિ કરે છે. રંગતની અનુભૂતિ આંખ વડે અને ગરમીની સ્પર્શથી થાય છે. અંધ માણસ જો લાલ તથા સફેદને ન સમજી શકે તો તે મઅઝૂર (લાચાર) જરૂર છે પરંતુ એ હક્ક નથી કે લાલ તથા સફેદનો ઈન્કાર જ કરી આપે. એ જ રીતે ફરિશ્તા જેમનો સંબંધ આમ રૂહ સાથે છે જો જાહેરી (ભૌતિક) બુધ્ધિ તેને ન ભાળી શકે તો મઅ્ઝૂર છે, અને તે આંખ જે આમ રૂહના રહસ્યો તથા બારીકીઓને જોઈ શકે છે તે તો એ વખતે રોશન હોય છે જ્યારે રિયાઝત તથા મુજાહિદોથી નફ્સની સફાઈ થાય અને દિલનો આઈનો ચમકવા લાગે. જે લોકો આખી જિંદગી લિજ્જતો તથા મનેચ્છાઓની પાછળ લાગેલા રહે છે, જેમણે નફ્સની સફાઈના મહત્વનો કદી એહસાસ નથી કર્યો તેઓ જો આ નૂરાની તથા લતીફ મખ્લૂકને ન જોઈ શકે તો મઅઝૂર છે પરંતુ તેમને કોઈ રીતે એ શોભતું નથી કે તેઓ તે પાક નફ્સોના મુશાહિદોઓનો ઈન્કાર કરે જેમના દિલની આંખો બેદાર પણ છે અને જોનારી પણ છે. એટલા માટે જે લોકોએ ફરિશ્તાઓના અસ્તિત્વનો ઈન્કાર કર્યો છે અને નિરર્થક બેકારની વિવિધ તાવીલો કરી છે તેમનો ઈન્કાર પણ ઈલ્મી નથી અને એ તાવીલો પણ કાંઈ મહત્વ ધરાવતી નથી.

**૪૬.** અહીં ફરિશ્તાઓથી ન મશ્વરો લેવામાં આવી રહ્યો છે અને ન મરજી તલબ કરવામાં આવી રહી છે બલ્કે રબ્બુલ્ ઈઝ્ઝત પોતાના ઉચ્ચ ઈરાદાથી તેમને માહિતગાર કરી રહ્યો છે. અહીં બે ચીજો વિચારને પાત્ર છે : **(૧)** ખલીફા કોને કહે છે ? **(૨)** માણસને ખિલાફતનો હોદ્દો શા માટે આપવામાં આવ્યો ? ખલીફા તે છે જે કોઈના મુલ્કમાં તેના નાઈબની હેસિયતથી તેના હુકમોના પ્રમાણે અમલ કરાવે. આ હોદ્દાના માટે ઈન્સાનની પસંદગીનું કારણ એ જણાય છે કે ઈન્સાન સિવાય

જેટલીયે મખ્લૂક છે તેની ક્ષમતા, ઈલ્મ તથા તેનું કાર્યક્ષેત્ર મર્યાદિત છે અને મર્યાદિતતાની આવી સ્થિતિ હોય તે રબ તઆલાનો ખલીફા નથી બની શકતો જેનો ઈલ્મ, ઈરાદો, અહકામ તથા તસર્રૂફ અમર્યાદિત છે. પરંતુ માનવ જે પ્રારભમાં કમજોર પણ છે અને અજ્ઞાની પણ છે તેમાં તે ભરપુર ક્ષમતા (કેપેસિટી) રાખી દેવામાં આવી છે અને બુધ્ધિ તથા સમજની તે શક્તિઓ એનામાં ભરી દેવામાં આવી છે જેની પહોંચની હદ નથી. એટલા માટે સર્વ મખ્લૂકમાં આ જ એક મખ્લૂક છે જે ખિલાફતના મન્સબની લાયકાત ધરાવે છે. ઉલમાએ રબ્બાનિય્યિનને આ મુટ્ટી ખાકામાં છુપાયેલ શક્તિઓ પરથી પડદો ઉઠાવ્યો છે, તેના માર્ગની ધૂળ સુધી પણ જીવશાસ્ત્રના નિષ્ણાતો નથી પહોંચી શક્યા. આરિફે કામિલ ઈસ્માઈલ હક્કીના શબ્દોનો અભ્યાસ કરો :–

**(અર્થ)** : ઈન્સાન વિવિધ તત્વોનો સમુહ છે તેના દેખાવનો સંબંધ આલમે મહસૂસથી છે અને તેની રૂહનો સંબંધ આલમે ગયબ મલકૂતીથી છે. સૂરત તથા રૂહના સિવાય એમાં એક છુપી શક્તિ છે તે અન્વારે રબ્બાનીના ફયૂઝને કબૂલ કરવાની ક્ષમતા ધરાવે છે. સારી કેળવણી થકી તે આલમે મહસૂસ (ભૌતિકતાની દુનિયા)થી પ્રગતિ કરીને આલમે ગયબ સુધી પહોંચ પ્રાપ્ત કરે છે અને રસૂલે પાક ﷺ ની સાચી પયરવીથી તેના પર આલમે જબરૂત અઝમૂતના માર્ગો ખુલે છે. તે ઈલાહી નૂર જે તેને તેની પયરવી તથા ઈતાઅતની બરકતથી પ્રાપ્ત થાય છે જેનાથી તે જમાલ તથા જલાલના અન્વાર તથા તજલ્લીઓનો મુશાહિદો કરે છે.-فسبحان الله احسن الخالقين ઈન્સાનને જેઓ કેવળ માટીનું પૂતળુ સમજે છે તેઓ કાશ ! તેની હકીકત પર વિચારણા કરે જેથી તેમનામાં પોતાના ઉચ્ચ સ્થાન પર પહોંચવાની તડપ જાગે. આ તે રજકણ છે જેની સામે આસ્માનની ઉચ્ચતાઓ માથુ નમાવે છે અને આ તે કતરો (ટીપુ) છે જેનામાં સમુદ્રોની ગહરાઈઓ છે. ***–ક્રમશઃ***

*(પેજ નં. ૧૧ નું ચાલુ.......)*

સ્વીકારનારા હતા અને કિયામતનો ઈન્કાર કરનારા.

**૫.** અરબસ્તાનના મુશ્રિકોનો અકીદો હતો કે ફરિશ્તાઓ અલ્લાહની પુત્રીઓ છે, ઈસાઈ હઝરત ઈસા عليه السلام ને, યહૂદી હઝરત ઉઝૈર عليه السلام ને અલ્લાહના પુત્ર માને છે. એમાં આ ત્રણેવ કૌમો પ્રતિ નિર્દેશ છે. પત્ની બાળકો હોવાં એ આપણા માટે કમાલ (ખૂબી)ની વાત છે પણ રબના માટે એ વાત ગાળ છે. એક જ ચીજ એકના માટે કમાલ છે તો બીજાના માટે અયબ છે. દા.ત. કુંવારી છોકરીને ઔલાદવાળી કહેવું ગાળ છે તો પરણિત સ્ત્રી માટે એ ખૂબીની વાત છે. રબની શાન તો અતિ ઉચ્ચ છે.

**૬.** ઔલાદવાળો એકલો પણ નથી હોતો, ઔલાદ તેની જાતી, પ્રકાર તથા જિન્સ (સ્ત્રી કે પુરૂષ જાતી)માં શરીક હોય છે અને બેનિયાઝ પણ નથી હોતો, કેમ કે માણસ વાસનાના પ્રભાવ અથવા દુશ્મનોના ડરના કારણે અથવા પોતાના મૃત્યુ બાદ વારસાના માટે ઔલાદવાળો બનવાનું અપનાવે છે. રબ તઆલા તમામ ન્યાઝમંદીઓથી પાક છે. જુઓ ચાંદ તથા સૂર્ય વગેરેનો કિયામતની પહેલાં નાશ નથી તો તેમના વારસાના માટે તેમની ઔલાદ પણ નથી.

**૭.** જ્યારે કે ઔલાદ બાપના સમાન હોય છે એટલે કે માણસનું બાળક માણસ અને સિંહનું બચ્ચુ સિંહ હોય છે. તો નઊઝુબિલ્લાહ ! ખુદાનો પુત્ર ખુદા જ હોવો જોઈતો હતો. જ્યારે રબ તેનો ખાલિક તે મખ્લૂક, રબ માલિક તે મમ્લૂક છે પછી સમાનતા કેવી ?

**૮.** કેમ કે પત્ની પતિની સમજાતિ જ હોય છે. માણસની પત્ની જિન્નાતણ કે ગાય, ભેંસ નથી થઈ શકતી. જો નઊઝુબિલ્લાહ ! રબની બીવી હોત તો તે તેની સમજાતિ બલ્કે તેની કૌમ પણ હોત ! રબ કૌમ તથા જાતિથી પાક છે. ***–ક્રમશઃ***

દર્સે હદીષે પાક

# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

(એટલે)

# મિર્કાત શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

**★ હદીષ : ૧૯ ★**

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે : નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે રબ ફર્માવે છે[૧] ઈન્સાન મને જૂઠલાવે છે એ તેને માટે યોગ્ય ન હતું અને મને ગાળ આપે છે એ એના માટે દુરુસ્ત ન હતું[૨]. એનું મને જૂઠલાવવું તો એ છે કે કહે છે રબ મને પહેલાની જેમ બીજીવાર બનાવી નહીં શકે[૩]. જો કે પહેલીવાર પેદા ફર્માવવું બીજીવાર બનાવવાથી અધિક સરળ તો નથી[૪]. તેની ગાળ તેની તે બકવાસ છે કે અલ્લાહ તઆલાએ ઔલાદ ઈખ્તિયાર કરી[૫]. હું તો એકલો બિનયાઝ છું[૬]. ન જન્મ આપુ ન જન્મ્યો. મારો કોઈ બરોબરીયો નથી[૭]. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની રિવાયતમાં એ પ્રમાણે છે કે ઈન્સાનનું મને ગાળ આપવું તેની એ બકવાસ છે કે હું ઔલાદવાળો છું. હું એનાથી પાક છું કે પત્ની તથા બાળકોવાળો હોઉં[૮]. *(બુખારી શરીફ)*

**★ સમજુતી ★**

**૧.** આ હદીષે કુદસી છે જેમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : **કાલલ્લાહ.** હદીષે કુદ્સી અને કુર્આનમાં ફરક એ છે કે હદીષે કુદ્સી ખ્વાબ તથા ઈલ્હામથી પણ હાંસલ થઈ શકે છે. જ્યારે કુર્આન જાગૃતાવસ્થામાં જ આવશે. તેમ જ કુર્આનના શબ્દો પણ રબના છે હદીષે કુદ્સીમાં મઝમૂન (મેટર) રબની અને શબ્દો હુઝૂરના હોય છે. યાદ રાખશો કે સર્વ હદીષ બરહક્ક છે અને કુર્આનની જેમ અમલને પાત્ર છે. હઝરત સિદ્દીકે અકબરે હદીષના આધારે જ હુઝૂરના માલમાંથી વારસો ન વહેંચ્યો, જ્યારે કે એ હુકમ કુર્આની હતો પણ હદીષે કુદ્સીમાં **કાલલ્લાહ**ની સ્પષ્ટતા થાય છે. એની સવિસ્તાર ચર્ચા અમારી કિતાબ "એક ઈસ્લામ"માં જુઓ.

**૨.** યાદ રાખશો કે જિન્નાત તથા ઈન્સાન સિવાય કોઈ મખ્લૂકમાં કાફિર નથી પણ ઈન્સાન પર અલ્લાહનાં એહસાનો અધિક છે કે એમનામાં જ અંબિયા તથા ઔલિયા મોકલ્યા. એટલા માટે વિશેષ રીતે તેની શિકાયત કરવામાં આવી.

**૩.** એટલે કે કિયામતનો મુન્કિર છે અને તમામ તે આયતોને જૂઠલાવે છે જેનામાં કિયામતનો ઉલ્લેખ છે.

**૪.** એટલે કે રબના માટે પૈદા કરવું અને ફરી બનાવવું બંને સમાન રીતે સરળ છે, લોકોના માટે પૈદા કરવું મુશ્કેલ હોય છે અને ફરી બનાવવું સરળ હોય છે. જ્યારે કાફિરો રબ તઆલાને વિ□નો સર્જનહાર જાણે છે તો પછી કિયામત માનવામાં તેમને શા માટે મૌત આવે છે ! જ્યારે કે કિયામતમાં (જીવતા) ઉઠાડવું એ મખ્લૂકને ફરી બનાવવું થશે ન કે (નવું) સર્જન કરવું એમાં સંબોધન કાફિરોની તરફ છે જેઓ અલ્લાહની જાત તથા સિફાત (ખૂબીઓ)ને

*(વધુ પેજ નં. ૧૦ પર..........)*

# ફતવા વિભાગ

**આજે ઈસ્લામી શિક્ષણ સંસ્થા તરીકે દેવબંદી વહાબીઓ જેને ગણે છે તે દારુલ ઉલૂમ દેવબંદના મોલ્વીઓએ નબી વલીની શાનમાં ગુસ્તાખીઓ લખીને મુર્તદ બની જહન્નમને પોતાનું ઠેકાણુ બનાવ્યું છે. ત્યાંના મુફ્તીઓએ અગાઉ ટેલીફોન પર અને હવે ઈન્ટરનેટ પર નિકાહ જાઈઝ થવાનો ફત્વો બહાર પાડયાના સમાચાર ગુજરાત ટુ ડે તા. ૨-૮-૦૪ ના પેપરમાં વાંચવા મળ્યા. અસલમાં ગુસ્તાખે નબી મુર્તદના નિકાહ ન મુર્તદ મુર્તદ સાથે, ન મુસલમાન સાથે ન અન્ય સાથે ક્યાંય થતા જ નથી, તો તેમને ગમે તેવો ફત્વો બહાર પાડી કૌમને ઝિનામાં નાખવામાં શો વાંધો હોય ! આવો ! ઈસ્લામનો નિકાહ બાબત મૂળભૂત સિધ્ધાંત જાણવા આ ફત્વો જોઈ લો કે બે (સુન્ની) ગવાહો હોવા નિકાહમાં શર્ત છે અને ગવાહનો મતલબ મૌજૂદ હોવું અનિવાર્ય છે.** *(તંત્રી : બરકાતે ખ્વાજા)*

**સવાલ** : શું ફર્માવે છે મુફિતયાને કિરામ એના વિશે કે ઔરતને કહ્યું તું મારી થઈ ગઈ અથવા સ્ત્રીને કહ્યું, આટલા એવઝમાં તું મારી પત્ની થઈ જા, તેણીએ કબૂલ કર્યું અથવા સ્ત્રીએ પુરૂષને કહ્યું, મેં તારી સાથે મારી શાદી કરી, પુરૂષે કબૂલ કર્યું. અથવા પુરૂષે સ્ત્રીને કહ્યું તેં પોતાને મારી પત્ની કરી ? તેણીએ કહ્યું, કરી ! તો આ સૌ સંજોગોમાં નિકાહ થઈ જશે. *(બહારે શરીઅત, ભાગ-૨, પેજ-૯)*

તો શું મસ્અલામાં ગવાહની પણ જરૂરત પડશે અથવા ગવાહ વિના નિકાહ થઈ જાય ? દલીલપૂર્ણ જવાબ આપશો, તો આભારી થાશું. *[**પૂછનાર** : અનીસુર્રહ્માન, જામેઅ મસ્જિદ, કસરિયા, પૂર્વ ચંપારન, બિહાર]*

**જવાબ** : નિકાહ સહીહ થવા માટે ગવાહ શર્ત છે. ભલે ઈજાબો કબૂલના શબ્દો તે હોય જે તમે પ્રશ્નમાં બહારે શરીઅતમાંથી લખ્યા છે અથવા એના સિવાય અન્ય આમ મતન તથા શરહ તથા ફતવાની કિતાબોમાં છે. **અર્થાત : "બે મુસલમાન સ્ત્રી પુરૂષના આપસમાં નિકાહ બે ગવાહો વિના નથી થઈ શક્તા."** હદીષ શરીફમાં ફર્માવવામાં આવ્યું : **અર્થાત : "ગવાહ વિના નિકાહ થતા નથી."** *(રિવાયત કરી તિર્મિઝીએ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી)* બહારે શરીઅતના જે પેજ ઉપરથી આપે આ લખાણ નકલ કર્યું છે તેના બીજા જ પેજ ઉપર નિકાહની શરતોનું વર્ણન છે જેમાં ત્રીજી શરત **"ગવાહોનું હોવું"** છે એટલે કે **ઈજાબ તથા કબૂલ બે પુરૂષ અથવા એક પુરૂષ બે સ્ત્રીઓની સામે થાય.** જેથી ગવાહ વિના નિકાહ સહીહ થવાનો કોઈ માર્ગ નથી. અલ્લાહ બેહતર જાણનાર છે.

***લખનાર** : મુફ્તી આલે મુસ્તફા મિસ્બાહી-ઘૌસી, યુ.પી.*
*(બહવાલા જામે નૂર-દિલ્હી, જૂન-૨૦૦૪)*

**સવાલ** : શું ફર્માવે છે દીન તથા મિલ્લતના મુફતીઓ આ મસ્અલામાં કે મઝારે ઔલિયા પર ઔરતોએ હાજરી આપવી કેવી છે ? અને કેટલીક ઔરતો ત્યાં સિજદો પણ કરે છે તેના માટે શું હુકમ છે ? કુર્આન, હદીષ તથા આ'લા હઝરતની કિતાબથી દલીલ આપી સ્પષ્ટ જવાબ આપશો.

*-[**પૂછનાર** : એ. યાકૂબ પટેલ, મુ. પાલેજ]*

**જવાબ** : સ્ત્રીઓએ મઝારો પર જવું નાજાઈઝ અને ગુનોહ છે. કારણ કે તેનાથી બેપર્દગી અને અજાણ્યા માણસોથી અથડામણ થાય છે. હદીષ શરીફમાં છે કે, "અલ્લાહ તઆલાની લા'નત છે એવી સ્ત્રીઓ પર જે કબરો પર જાય છે." *(ઉમ્દતુલ કારી શરહે બુખારી, ભાગ-૮, પેજ-૬૯)* અને બીજી જગ્યાએ છે કે, "સ્ત્રીઓએ કબરો પર જવુ મકરૂહ છે. બલ્કે આ જમાનામાં તો હરામ છે." *(ઉમ્દતુલ કારી, શરહે બુખારી, ભાગ-૪, પેજ-૭૮)* અને હનફી મઝહબની મો'તબર કિતાબ ગુન્યા શરહે મુન્યા, પેજ-૫૯૪ માં છે કે, ઈમામ કાઝી અયાઝને પૂછવામાં આવ્યું કે સ્ત્રીઓએ કબ્રસ્તાનમાં જવુ જાઈઝ છે કે નહીં ? તો તેમણે કહ્યું કે આવી જગ્યાએ એવું ન પૂછવામાં આવે કે તેણીઓનું કબ્રસ્તાનમાં જવુ જાઈઝ છે કે નહીં, બલ્કે આવુ પૂછવું જોઈએ કે કબ્રસ્તાનમાં જવાથી તેણીઓ પર કેટલી લા'નત થાય છે ? તો જ્યારે તેણીઓ ઘરેથી કબરો ઉપર જવાનુ વિચારે છે તો અલ્લાહ પાક અને ફરિશ્તાઓની લા'નતમાં રહે છે અને જ્યારે ઘરેથી નીકળી જાય છે ત્યારે શૈતાનો ચારેય બાજુથી તેણીઓને ઘેરી લે છે. અને જ્યારે કબરે પહોંચે છે તો મય્યતની રૂહ તેણીઓ ઉપર લા'નત કરે છે. અને જ્યારે પાછી ફરે ત્યારે અલ્લાહ તઆલાની લા'નતમાં હોય છે." આવી જ રીતે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ એ ફતાવા રઝવિય્યહ્ શરીફ મુતર્જિમ, ભાગ-૯, પેજ-૫૪૩ અને ૫૫૨ માં લખ્યું છે. અને મઝારો ઉપર સિજદો કરવો નાજાઈઝ હરામ, અને ગુનાહ છે. આવી જ રીતે ફતાવા રઝવિય્યહ્ શરીફ, ભાગ-૯, નિસ્ફે આખર, પેજ-૧૧૩ માં છે. અલ્લાહ તઆલા બેહતર જાણનાર છે.

***લખનાર** : મુહમ્મદ હારૂન રશીદ કાદરી અમજદી કંબોલ્વી*

"ઈમાનની જાન રસૂલે પાક ﷺ ની શાન પ્રદર્શિત કરતો સંગ્રહ" એટલે

# શિફા શરીફ

شفا شریف

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

★ ઉર્દૂ અનુવાદક ★ મૌલાના અબ્દુલ હકીમ અખ્તર શાહજહાંપુરી

★ ગુજરાતી અનુવાદક ★ ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

## *(વિભાગ-૪)*

હબીબ પર મહેરબાની અને સન્માન જાહેર કરતાં અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :–

طٰہٰ ۝ مَآ اَنْزَلْنَا عَلَیْکَ الْقُرْاٰنَ لِتَشْقٰٓی ۝

**અર્થાત** : અય મહબૂબ ! અમે આ કુર્આન તમારા પર એટલા માટે નથી ઉતાર્યું કે તમે કષ્ટમાં પડો. *(સૂરએ તાહા, આયત : ૧, ૨)*

આ (તાહા)ની તફસીરમાં એક કથન એ છે કે, આ નબી કરીમ ﷺ ના નામોમાંથી એક નામ છે. બીજું કથન એ છે કે, આ અલ્લાહ તઆલાનું એક નામ છે. ત્રીજું કથન છે કે, તેનો અર્થ યા **રજુલ** છે. ચોથું કથન એ છે કે, તેનાથી "યા ઈન્સાન" મુરાદ છે. પાંચમું કથન એ છે કે, આ અક્ષર મુકત્તિઆતથી છે જેનો અર્થ અલ્લાહ તઆલા જ બેહતર જાણે છે અને તેના રસૂલ ﷺ ઈમામ વાસેતી رحمۃ اللہ علیہ નું કથન છે કે, તેનાથી **યા તાહિરુ, હાદિયુ** મુરાદ છે આ છઠ્ઠું કથન થયું. સાતમું કથન એ છે કે, **વ તઈ**થી કાર્યનો સૂચક શબ્દ છે અને **"હા"** ગુપ્ત સંકેત છે, "જમીનથી." જેથી અર્થ એ થયો કે જમીન પર બંને પગ રાખીને (રાત્રીમાં ઊભા રહેવું) (કયામે લયલ) ઊભા રહ્યા કરો અને એક પગ પર ઊભા રહીને પોતાની જાનને તકલીફમાં ન મૂકો. જેમ કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું છે :–

مَآ اَنْزَلْنَا عَلَیْکَ الْقُرْاٰنَ لِتَشْقٰٓی ۝

આ આયતનું શાને નુઝૂલ એ છે કે, સરવરે કોનોં મકાં ﷺ રાત્રી જાગરણ અને રાત્રીમાં ઊભા રહેવામાં ઘણી જ મહેનત અને તકલીફથી કામ લઈ રહ્યા હતા. તેના પર અલ્લાહ તઆલાએ આ આયતો નાઝિલ ફર્માવી. કાઝી અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન અબ્દુર્રહમાન علیہ الرحمۃ والرضوان એ કાઝી અબૂ વલીદ અલ્બાજી رحمۃ اللہ علیہ થી ઈજાઝત લીધી અને પોતાની સનદ સાથે બયાન કર્યું કે, અમારાથી હદીષ બયાન કરી હાફિઝ અબૂઝરે, તેમનાથી અબૂ મુહમ્મદ હમ્વીએ, તેમનાથી ઈબ્રાહીમ બિન ખરીમ શાશીએ, તેમનાથી અબ્દ બિન હમીદે, તેમનાથી હાશિમ બિન કાસિમે. તેમણે જાફર બિન રબીઅથી સાંભળી અને તેમણે અનસ બિન માલિક رضی اللہ عنہ થી. તેઓ ફર્માવે છે કે, રસૂલુલ્લાહ ﷺ જયારે ઊભા રહેતા હતા. તે વખતે અલ્લાહ તઆલાએ આ વહી નાઝિલ કરી કે, અય હબીબ ! આપના બંને પગથી જમીનને ઈજ્જત બક્ષો. અમે એ માટે તમારા પર કુર્આને કરીમ ઉતાર્યું નથી કે તમે કષ્ટમાં પડો.

આ આયતમાં અલ્લાહ તઆલાએ પોતાના હબીબ ﷺ સાથે જે પ્રતિષ્ઠા અને સારા વહેવારનો મામલો પ્રગટ કર્યો છે તે સ્પષ્ટ જાહેર છે ગુપ્ત નથી. જો આપણે શબ્દ "તાહા"ને નબી કરીમ ﷺ ના મુબારક નામોમાંથી ગણીએ જેવું કે,

મુફસ્સિરીનનું એક કથન એ પણ છે. અથવા તેને કસમ ગણીએ તો પણ આ નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સન્માન તથા પ્રતિષ્ઠાની જ વાત થઈ. આવી જ સહાનુભૂતિનું પ્રદર્શન કુર્આન કરીમની આ મુબારક આયતમાં છે :

فَلَعَلَّكَ بَاخِعٌ نَّفْسَكَ عَلٰٓى اٰثَارِهِمْ اِنْ لَّمْ يُؤْمِنُوْا بِهٰذَا الْحَدِيْثِ اَسَفًا ۝

**અર્થાત** : તો ક્યાંક તમે પોતાના જીવનો દાવ લગાડી દેશો તેમની પાછળ, જો તેઓ આ વાત પર ઈમાન નહીં લાવે તો, ગમથી. *(સૂરએ કહફ, આયત–૬)*

એવો જ બારી તઆલાનો ઈર્શાદ છે :–

لَعَلَّكَ بَاخِعٌ نَّفْسَكَ اَلَّا يَكُوْنُوْا مُؤْمِنِيْنَ ۝

**અર્થાત** : ક્યાંક તમે પોતાના જીવ પર ખેલી જશો તેમની ચિંતામાં કે તેઓ ઈમાન લાવ્યા નહીં. *(સૂરએ શુઅરા, આયત–૩)*

અને તે જૂઠલાવનારાના વિશે અલ્લાહ તઆલાએ આમ ફર્માવ્યું હતું :–

اِنْ نَّشَاْ نُنَزِّلْ عَلَيْهِمْ مِّنَ السَّمَآءِ اٰيَةً فَظَلَّتْ اَعْنَاقُهُمْ لَهَا خَاضِعِيْنَ ۝

**અર્થાત** : જો અમે ઈચ્છીએ તો આસમાનમાંથી તેમની ઉપર કોઈ નિશાની ઉતારીએ કે તેમનાં ઊંચા ઊંચા તેની સામે નમેલા રહી જાય. *(સૂરએ શુઅરા, આયત–૪)*

અને આ દિલાસાના પ્રકરણમાં આ બારી તઆલાનો ઈર્શાદ પણ છે :–

فَاصْدَعْ بِمَا تُؤْمَرُ وَاَعْرِضْ عَنِ الْمُشْرِكِيْنَ ۝ اِنَّا كَفَيْنٰكَ الْمُسْتَهْزِءِيْنَ ۝ الَّذِيْنَ يَجْعَلُوْنَ مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ فَسَوْفَ يَعْلَمُوْنَ ۝ وَلَقَدْ نَعْلَمُ اَنَّكَ يَضِيْقُ صَدْرُكَ بِمَا يَقُوْلُوْنَ فَسَبِّحْ بِحَمْدِ رَبِّكَ وَكُنْ مِّنَ السّٰجِدِيْنَ وَاعْبُدْ رَبَّكَ حَتّٰى يَاْتِيَكَ الْيَقِيْنُ ۝

**અર્થાત** : તો જાહેરમાં કહી દો જે વાતનો તમને હુકમ છે અને મુશ્રિકો તરફથી મોઢું ફેરવી લો. બેશક ! એ હસનારાઓ સામે અમે તમને પૂરતા કરીએ છીએ, જેઓ અલ્લાહ સાથે બીજો મઅબૂદ ઠેરવે છે. લો હવે જાણી જશે અને બેશક ! અમને ખબર છે કે તેમની વાતોથી તમારું દિલ સંકોચાય છે તો પોતાના રબને વખાણતાં તેની પવિત્રતા બોલો અને સિજદાવાળાઓમાં થાવ અને મરતાની ઘડી સુધી પોતાના રબની ઈબાદતમાં રહો. *(સૂરએ હુજુરાત, આ. ૯૪ થી ૯૯)*

એ જ રીતે બારી તઆલાનો ઈર્શાદ છે :–

وَلَقَدِ اسْتُهْزِئَ بِرُسُلٍ مِّنْ قَبْلِكَ فَحَاقَ بِالَّذِيْنَ سَخِرُوْا مِنْهُمْ مَّا كَانُوْا بِهٖ يَسْتَهْزِءُوْنَ ۝

**અર્થાત** : અને અવશ્ય અય મહબૂબ ! તમારાથી પહેલાં રસૂલો સાથે પણ ઠઠ્ઠો કરવામાં આવ્યો. તો તે જેઓ તેમનાથી હસતા હતા તેમની હંસી તેમને જ લઈ બેઠી. *(સૂરએ ઈન્આમ, આયત–૧૦)*

ઈમામ મક્કી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, આવી રીતે સાંત્વન આપીને અને દિલાસો આપી અલ્લાહ તઆલાએ તે બોજને હલ્કો કરી દીધો છે જે મુશ્રીકોના દુ:ખ અને મજાકના કારણે ફખ્રે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم નું મુબારક દિલ તડપતું રહેતું હતું અને સાથે જ આપ પર એ પણ જાહેર કરી દીધું કે, જો આ લોકો દુશ્મનીના કારણે આ જ માર્ગે ચાલતા રહ્યા તો તેમના પર પણ તેવી રીતે અઝાબ આવી શકે છે જેવી રીતે પહેલાંની ઉમ્મતો પર અઝાબ ઉતર્યો હતો. અને આ દિલાસાના પ્રકારમાંથી આ ઈર્શાદે બારી તઆલા છે :–

وَاِنْ يُّكَذِّبُوْكَ فَقَدْ كُذِّبَتْ رُسُلٌ مِّنْ قَبْلِكَ ۝

**અર્થાત** : અને જો આ લોકો તમને જૂઠાડે તો બેશક ! તમારાથી પહેલાં કેટલાયે રસૂલો જૂઠાડવામાં આવ્યા.

અને આ આયતે કરીમામાં પણ આવો જ દિલાસો ફર્માવ્યો છે :–

كَذٰلِكَ مَآ اَتَى الَّذِيْنَ مِنْ رَّسُوْلٍ اِلَّا قَالُوْا سَاحِرٌ اَوْ مَجْنُوْنٌ ۝

**અર્થાત** : આવી જ રીતે જ્યારે એમના આગલાઓ પાસે કોઈ રસૂલ પધાર્યા તો એવું જ બોલ્યાં કે જાદૂગર છે અથવા ગાંડો. *(સૂરએ ઝારિયાત, આયત–૫૨)*

અલ્લાહ તઆલાએ આ આયતમાં પાછળની ઉમ્મતોના કડવા જવાબો અને અયોગ્ય વાતચીતની ચર્ચા કરી છે જે તેઓ પોતાના અંબિયાએ કિરામને પણ એવી રીતે તંગ કરતા હતા. એ માટે મક્કાના કાફિરોની આ વર્તણુંક કોઈ નવી વાત નથી. પછી આપના દિલને ખુશ કરવાના હેતુથી આપની તરફ ઉઝ્ર બયાન કરતાં ફર્માવી દીધું કે :–

فَتَوَلَّ عَنْهُمْ فَمَا أَنْتَ بِمَلُوْمٍ

**અર્થાત** : તો તમે એમનાથી મોઢું ફેરવી લો ! તમારા ઉપર કશો આક્ષેપ નથી. *(સૂરએ ઝારિયાત, આયત–૫૪)*

એટલે તમે આ કાફિરો તરફથી વિમુખ થઈ જાવ અને અલ્લાહના હુકમો પહોંચાડવાની તમારી જે જવાબદારી છે તો જ્યારે તમારાથી પોતાની ફર્ઝની અદાયગીમાં જરા પણ સુસ્તી થઈ નથી તો તમોને કોઈ ભલુ બુરૂ કહી જ શક્તો નથી. અને આ રીતના દિલાસામાં આ બારી તઆલાનો ઈર્શાદ છે:–

وَاصْبِرْ لِحُكْمِ رَبِّكَ فَإِنَّكَ بِأَعْيُنِنَا

**અર્થાત** : અને અય મહબૂબ ! તમે પોતાના પરવરદિગારના હુકમ પર અટલ રહો કે બેશક ! તમે અમારી સંભાળમાં છો. *(સૂરએ તૂર, આયત–૪૮)*

એટલે અય મહબૂબ ! કાફિરોના કષ્ટ પર સબર કરો ! કેમ કે અમારી નિગાહે કરમ હમેશાં તમારી સાથે રહે છે અને અમારી સંભાળ તમારે માટે પૂરતી છે. અન્ય પણ કેટલીયે આયતોમાં અલ્લાહ તઆલાએ પોતાના હબીબ સૈયેદના મુહમ્મદ રસૂલલ્લાહ ﷺને આ જ પ્રકારનું સાંત્વન આપ્યું છે. –*(ક્રમશઃ)*

*(પેજ નં. ૨૭ નું ચાલુ.......)*

નથી. જે નેઅમત (અક્કલ) તને મળી છે તે પણ અલ્લાહ તઆલાની જ આપેલ છે અને જો અક્કલ તથા દૌલત બંને નેઅમતો માત્ર તને જ આપી દેવામાં આવત તો આ ઈન્સાફ ન ગણાત. અને મજાની વાત તો એ છે કે જો વાંધો ઉઠાવનાર અક્લમંદને કહેવામાં આવે કે ચાલ ! તું પોતાની અક્કલને તેની દૌલતથી બદલી લે ! એટલે કે પોતાની અક્કલ જાહિલ માલદારને આપી દે અને તેના બદલામાં તેનો માલ લઈ લે. તો ખરેખર તે આના પર રાજી નહીં થાય. એ જ પ્રમાણે જો કોઈ ખૂબસૂરત સ્ત્રી કોઈ બદ્‌સૂરત તથા બુરી શક્કલવાળી સ્ત્રીને કિંમતી ઘરેણાં તથા ખૂબસૂરત કપડાંમાં બની સંવરેલી જુએ અને કહે કે આ તો ખરી હિકમત (ફિલોસોફી) કે નેઅમત તો બદ્‌સૂરતને અતા કરવામાં આવે જેને તે (નેઅમત) સારી પણ ન લાગે ! અને એટલું પણ જાણવાની કોશિશ ન કરે કે આ હુસ્નો જમાલ અને ખૂબસૂરતી જે તને આપવામાં આવી છે તે તેણીનાં ઘરેણાં અને કપડાંથી ઘણાયે દરજા બેહતર છે. અને જો આ બંને વસ્તુઓ હુસ્ન અને સામાન તેણીને જ આપવામાં આવે તો આ ઈન્સાફથી ઘણુ જ દૂર રહી જાત.

હઝરત ઐયૂબ عليه السلام એ ખુદાએ તઆલાની બારગાહમાં અર્ઝ કરી કે, હે પરવરદિગાર ! જ્યારે તેં મને મુસીબતમાં મુબ્તિલા કર્યો તો મેં સબ્ર કરી તેને બરદાશ્ત કર્યું અને બેસબ્રીને પોતાની પાસે ભટકવા પણ ન દીધી. તે જ સમયે બગલાની જેમ કંઈક ઉઠયું અને તેનાથી દસ હજાર અવાજો પર આધારિત એક નિદા આવી કે (હે ઐયૂબ !) તે સબ્ર તારી પાસે ક્યાંથી આવી ?! તેને અતા કરનાર કોણ હતું ?! હઝરત ઐયૂબ عليه السلام તરત જ આ ઈશારો સમજી ગયા અને પોતાના માથે માટી નાખી અર્ઝ કરી કે, હે અલ્લાહ ! એ તો તારો જ ફઝ્લ તથા કરમ હતો કે હું તેને બર્દાશ્ત કરવાને લાયક બની શક્યો. આ જ કારણ હતું કે સહાબાએ કિરામ ફર્માવતા હતા કે કાશ ! અમે માટીના કણો હોત અથવા કાંઈ પણ ન હોત.

માલૂમ પડયું કે જે માણસ હકીકત જાણી લે છે તે અલ્લાહના ખૌફના કારણે ક્યારેય ખૂદ પસંદીમાં ગિરફતાર નથી થતો. *(ક્રમશઃ)*

Islam & Modern Inventions

# ઈસ્લામ અને આધુનિક શોધો


અરબી લેખક : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની

ઉર્દૂ અનુવાદક : અબૂ હમ્માદ મુફતી અહમદમિયાં બરકાતી મારહરવી (પાક.)

ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## ★ ટેલીફોન, ટેલીગ્રાફ, ટેલીવિઝન અને પ્રેસ ★

એમાંથી જ ટેલીફોન (ગ્રેહામ બેલ અમેરિકન, ઈ.સ. ૧૮૭૬), ટેલીગ્રાફ (વિલિયમ કૂક બ્રિટનવાસી, ઈ.સ. ૧૯૨૬) પ્રેસ (હુલ અમરિકી ગટનબર્ગ, ઈ.સ. ૧૮૮૯) છે. અલ્લાહ તઆલાના કથન : ويقذ فون بالغيب من مكان بعيد માં એના પ્રતિ નિર્દેશ છે બલ્કે તદ્દન જાહેર છે. **તર્જુમો** : અને તે દૂર જગાએથી ગયબ ફેંકી મારે છે." (ગયબ એટલે આપણાથી અદશ્ય દરેક ચીજ) એ ઉપરાંત આ તે હદીષોથી સાબિત છે જેમાં સમયના આપસમાં નજીક થઈ જવાનું અને જમીનના લપેટાઈ જવાનું વર્ણન છે. જેમ કે શરીરોના એક બીજાથી ઝડપભેર આપસમાં મળવાથી જમીન લપેટાઈ ગઈ છે, એ જ પ્રમાણે અવાજોના એક શહેરથી બીજા શહેરમાં પહોંચવામાં અને એક જ ક્ષણમાં વિ□ના એક ખૂણાથી બીજા ખૂણા સુધી જવાથી જાણે કે જમાનો લપેટાઈ ગયો છે. એ રીતે રેડીયો અને ટેલીગ્રાફ પણ આ દર્શાવેલ આયત અને પાછલી હદીષોથી સાબિત છે અને જે આગળ આવી રહ્યું છે કે ચાંદ જોવાની ખબર તરત જ દૂર દૂર સુધી પહોંચી જશે. એના પરથી પણ ટેલીગ્રાફની તરફ ઈશારો થાય છે.

નિસાઈએ અમ્ર ઈબ્ને તગલુબની હદીષ નકલ કરી છે. ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺ એ કે :-

ان من اشراط الساعت ان يفشوا المال ويكثر وتفشوا التجارة، ويظهر العلم، ويبيع الرجل البيع فيقول لا حتىٰ استامر تاجر بنى فلاں

"કિયામતની નિશાનીઓમાંથી એ છે કે માલ ફેલાઈ જશે અને વિપુલતા થશે, વેપાર આમ થઈ જશે, ઈલ્મ જાહેર થશે અને કોઈ શખ્સ વેચાણ કરશે તો કહેશે કે થોભો ! પહેલાં ફલાણી જગાના વેપારી સાથે મશ્વરો કરી લઉં." *(નિસાઈ, ભાગ-૨, પેજ-૧૮૭)*

અને એ તમારો તથા અમારો અનુભવ છે કે મોટા મોટા વેપારીઓ જ્યારે કોઈ વેચાણ કરે છે તો તાર ટેલીફોન થકી પોતાના અન્ય સાથીઓથી જે કોઈ બીજા શહેરમાં હોય છે તેમની સાથે મશ્વરો કરે છે કે ક્યાંક ભાવ ઓછો કે વધારે ન થઈ ગયો હોય અથવા તેના ભાગીદારે એ માલનો સોદો કોઈ બીજા સાથે ન કરી નાખ્યો હોય વગેરે વગેરે. તો હવે આ વેપારી માટે પેલો વેપારી જે દૂર બેઠો છે અને કોઈ અન્ય ઈલાકામાં કે કોઈ અન્ય શહેરમાં છે એનાથી વેચાણ કરતી વેળા મશ્વરો કરવો ટેલીફોન અથવા ટેલીગ્રામ સિવાય કોઈ અન્ય ચીજથી શક્ય નથી.

એક અન્ય હદીષ શરીફમાં રેડીયો તથા પ્રેસ બંને પ્રતિ નિર્દેશ છે. દારમીએ મુસ્નદમાં તથા અબૂ નુઐમે હિલ્યામાં અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે :-

ان اللّٰه تعالىٰ قال ابث العلم فى آخرا لزمان حتى يعلم الرجل والمرأة والعبد والحر والصغير والكبير

فــاذا فــعــلــت ذالك بهم اخــذ تهم بــحــقــی عــلــیهـم

"રબ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો કે આખર જમાનમાં હું ઈલ્મને એ રીતે ફેલાવીશ કે દરેક મર્દ તથા ઔરત, આઝાદ તથા ગુલામ, બાળકો તથા મોટાઓ એને મેળવી લેશે." જ્યારે હું આવું કરીશ તો મારા હક્કના કારણે તેમની પકડ કરીશ." *(દારમી)* (જે મારો તેમના પર છે અને તે તેમણે અદા નથી કર્યો.)

જાહેર છે કે ઈલ્મના આ રીતે આમ (સામાન્ય) થઈ જવાનુ કારણે તે ચર્ચાઓ, બહષો, લખાણો તથા તકરીરો છે જે રેડીયો, ટી.વી. પરથી સમયે સમયે પ્રસારિત કરવામાં આવે છે. આ હદીષ શરીફથી પ્રેસો તથા મુદ્રણાલયોની સાબિતી પણ થઈ જાય છે કેમ કે એના ફાયદા પણ એ જ છે. પણ પ્રેસથી ભણેલો ગણેલો અને શિક્ષિત વ્યક્તિ જ ફાયદો ઉઠાવી શકે છે જ્યારે કે રેડીયો અને ટી.વી. દરેક વ્યક્તિના માટે આમ છે ચાહે જાહિલ ગંવાર હોય કે શિક્ષિત. ટી.વી.નો પ્રોગ્રામ "તા'લીમે બાલિગાં" એની ઉઘાડી સાબિતી છે.

એક અન્ય હદીષ શરીફમાં જેમાં ખાસ રેડીયોનું સમર્થન મળે છે. ઈબ્ને માજહએ અબૂ માલિક અશ્અરી رضی اللہ عنہ થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

لیشــربــن نــاس مــن امتــی الــخــمــر یسمونهـا بغیـرا سـمهایضرب علی رؤسهم بالمعاز ف والمغنیات یخف الله بهم الارض ویجعل منهم القردة والخناز یر

"મારી ઉમ્મતમાં કેટલાક લોકો શરાબ પીશે અને તેનું નામ બદલી નાખશે. એમનાં માથાંઓ પર ગીતો વાગી રહ્યાં હશે (ઈયર ફોન) અને એના પ્રકારની બીજી ચીજો હશે અલ્લાહ તઆલા તેમને જમીનમાં ધસાવી દેશે અને તેમનામાંથી વાનર તથા સુવ્વર બનાવી દેશે. *(ઈબ્ને માજહ, પેજ–૨૯૦)*

વર્તમાનકાળમાં લોકોએ વિવિધ નામથી શરાબ બનાવી લીધી છે અને તેને હલાલ કરી રાખેલ છે. જેનાથી એ જાહેર થાય કે તે શરાબ નથી, જો કે તે શરાબ જ છે. શરાબખાનાંઓમાં તેમજ અન્ય મોજ મજા, મનોરંજનના સ્થળોએ તથા મકાનોમાં લોકો શરાબ પીએ છે અને રેડીયો તથા ગ્રામોફોન વગેરે તેમનાં માથાંઓ પર વાગતાં રહે છે. અલ્લાહની પનાહ ! અલ્લાહ તેમને ક્યાંક ધસાવી ન દે.

આ હદીષને વિવિધ રીતે સહાબીઓની જમાઅતે રિવાયત કરી છે. સહીહ બુખારીમાં અબૂ આમિર અથવા અબૂ માલિક અશ્અરી رضی اللہ عنہما એ એને આ પ્રમાણે વર્ણન કરી :–

لیکونن من امتی اقوام یستحلون الخمر والحریر

**તર્જુમો** : "મારી ઉમ્મતમાં કેટલાક લોકો હશે જેઓ શરાબ તથા રેશમને હલાલ બનાવી લેશે." *(બુખારી, ભાગ–૨, પેજ–૮૩૭)*

અને એમાં આ પ્રમાણે છે :–

ویمسخ اخرین قردة وخنازیر الیٰ یوم القیامت

**તર્જુમો** : "અને બીજા કિયામત સુધી વાંદરા તથા સુવ્વરના રૂપમાં ફેરવી દેવામાં આવશે." *(હવાલો ઉપર મુજબ)*

એક અન્ય હદીષ શરીફમાં જે કિયામતની નિશાનીઓના બારામાં છે રેડીયો વિશે પણ ઓપન નિર્દેશ છે. હઝરત ઔફ ઈબ્ને માલિક رضی اللہ عنہما ફર્માવે છે કે એ હદીષમાં આ પ્રમાણે છે : واتخذ القرآن مزامیر "લોકો કુર્આનને ગીત બનાવી લેશે." *(તિબ્રાની કબીર)*

ઈબ્ને માજહ્ની આ હદીષની અસ્લ (દલીલ) એ છે કે જેમાં ઉમ્મતના તોતેર (ફિર્કા) થઈ જવાનો ઉલ્લેખ છે. *(ઈબ્ને માજહ્, પેજ–૨૯૬)*

હવે તમે જુઓ છો કે રેડીયોથી તિલાવત થાય છે અને તેનાથી નગ્માઓ તથા ગાયનો પ્રસારિત કરવામાં આવે છે, જાણે કુર્આન ગાવા વગાડવાનું સાધન થઈ ગયું, ક્યારેક ગીતો પછી ક્યારેક મ્યુઝિક બાદ તિલાવત પ્રસારિત થાય છે. (વળી

હાલમાં પ્રોગ્રામોના સેટીંગમાં કોઈ વાત સમાચાર રજૂ કરતાં પહેલાં ખાસ પ્રકારનું મ્યુઝિક ચાલે છે પછી સમાચારો વગેરે રજૂ થાય છે. વચ્ચે પણ એવું થતુ રહે છે જેમ કે બી.બી.સી. વગેરેના ન્યુઝમાં થાય છે એવું જ ધાર્મિક પ્રોગ્રામની રજૂઆતમાં પણ થાય છે ! *–ગુજરાતી અનુવાદક*) બીજુ એ કે જેવી રીતે લોકો ગીતો સાંભળીને આનંદ પામે છે તેમ આ રીતે કુર્આન સાંભળીને આનંદ પામે છે, જાણે કે તેને પણ ગાવાની એક પ્રકારની ચીજ બનાવી લીધી અને જાહેર છે કે એ ચીજ રેડીયો થકી પેદા થઈ છે જેમ કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું છે.

## ★ સબમરીન તથા મિસાઈલ ★

આ જ પ્રસંગોમાંથી કે જેને અમે ફર્માને નબવી صلی اللہ تعالیٰ علیہ وسلم ના પ્રમાણે જોઈએ છીએ સબમરીનનું જોવું પણ છે. અલ્લાહ તઆલાનું ફર્માન :–

قل هو القادر علىٰ ان يبعث عليكم عذا باً من فوقكم اومن تحت ارجلكم

**તર્જુમો** : "તમે ફર્માવી દો કે તે એના પર કાદિર (શક્તિમાન) છે કે તમારા ઉપર અને તમારા પગોની નીચેથી અઝાબ મોકલે." *(સૂ. અન્આમ, આ. ૬૫)* પરથી પણ સબમરીન સાબિત થાય છે. પાછળ અમે એક હદીષ શરીફ વર્ણન કરી (અહમદે મુસ્નદમાં સઅદ ઈબ્ને અબી વક્કસ رضی اللہ عنہما થી) કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને આ આયતે કરીમાના વિશે સવાલ કરવામાં આવ્યો તો આપે ફર્માવ્યું કે, "એવું થવાનું છે અને હજી સુધી એની તા'વીલ સામે નથી આવી." હવે એની તાવીલ એ રીતે થઈ કે બોમ્બવર્ષા કરતાં વિમાનો, મિસાઈલ તથા સબમરીન અસ્તિત્વમાં આવ્યાં. કેમ કે પાછલા મુફસ્સિરોના સમયમાં આ પ્રકારની ચીજો હતી નહીં એટલા માટે તેમણે ઉપરથી અઝાબ આવવાની તફસીર રાજાઓ થકી કરી કે રાજાઓનો ગુસ્સો જાણે કે ઉપરથી અઝાબ નાઝિલ થાય છે અને પગોની નીચેથી અઝાબની તફસીર ગુલામો થકી કરી, અને જાહેર છે કે એવું નથી. પરંતુ એમણે કોઈ એવી ચીજ ન જોઈ જે આ આયતના પ્રમાણે હોવાની લાયકાત ધરાવતી હોય એટલા માટે તેમણે આવી તફસીર કરી પરંતુ આપણા જમાનામાં હવે અલ્હમ્દુલિલ્લાહ ! એ ચીજો મૌજૂદ છે જેનાથી અર્થો તદ્દન સહીહ સમજમાં આવી જાય છે.

## ★ ફોટોગ્રાફી અને ટેપ રેકોર્ડર ★

એમાંથી જ જમાદાત (નિર્જીવ ચીજો)નું બોલવું છે જેમ કે ફોટોગ્રાફી તથા ટેપ રેકોર્ડર. (અહમદે મુસ્નદમાં અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત કરી.) રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

الذی نفسی بیده لاتقوم الساعة حتی تکلم السباع الانس، وحتی تکام الرجل عذبة وسوطه وشراك نعله تخبره بما قحاث اهل من بعده

"તે જાતની કસમ જેના કબજામાં મારી જાન છે ! કિયામત કાયમ થશે નહીં ત્યાં સુધી કે જાનવરો માનવોથી વાત કરશે અને માણસના કોરડાનો ફંદો અને તેના જોડાની દોરી તેની સાથે વાત કરશે અને ઘરમાં તે માણસના પછી જે કાંઈ થયું તેની ખબર આપશે." *(તિર્મિઝી, પેજ–૩૧૮, મસ્તદરક, ભાગ–૪, પેજ–૪૬૭)* (અને એમણે જ રિવાયત કરી તિર્મિઝીમાં અને એને હસન સહીહ ગરીબ દર્શાવી અને હાકિમે મુસ્લિમની શર્તે સહીહ કહી અને અબૂ નુઐમે હિલ્યામાં) અને અબૂ હુરૈરહ્ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પણ આ હદીષને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી રિવાયત કરી છે અને તે આ શબ્દોમાં છે :–

انها امارات من امارات بین یدی الساعة اوشك الر جل ان یخرج فلا یر جع حتی یحدثه نعلاه وسوطه ما احدث اهله من بعده

"એ કિયામતની નિશાનીઓમાંથી છે, નજીક છે કે માણસ જયારે ઘરેથી નીકળે અને જયારે પાછો

આવશે તો જે કાંઈ તેનાં ઘરવાળાંઓએ તેની પછી કર્યું હશે તેને એ માણસના જોડા અને ચાબુક જણાવી આપશે. *(મુસ્નદે અહમદ)*

આ તે નાના યંત્ર તરફ નિર્દેશ છે જે હાલમાં જ શોધાયેલ છે અને તેને માણસ હાથમાં પણ છુપાવી શકે છે અને ખિસ્સામાં પણ રાખી શકે છે. એ યંત્ર મજલિસવાળાઓની વાતોને ટેપ કરી લે છે જેથી તેમની વાતો તથા તેમના અવાજો તેમની વિરૂધ્ધ દલીલ બની શકે જયારે કે મજલિસવાળાઓને એની ખબર પણ નથી પડતી. હદીષ શરીફ એવું દર્શાવી રહી છે કે આ યંત્ર આમ (સામાન્ય) થઈ જશે. ઘરમાં છોડી જશે જેથી તે તેના બાદ થનારી વાતોને રેકોર્ડ કરે અને જ્યારે તે પાછો આવે તો તે લોકોની વાતચીત સાંભળે જે તેમણે તેના ગયા પછી કરી. જાણે તે યંત્ર તે માણસને તેની ગેરહાજરીમાં બનનારી વાતો વર્ણન કરી રહેલ છે. અમેરિકા અને યૂરોપમાં એવું જ થાય છે, ભલે હજી આપણા સુધી તે નથી પહોંચ્યું પણ સરકારી કામોના ઉપયોગ માટે તે દરેક શહેરમાં મૌજૂદ છે. (અને હવે તો આ ટેપરેકોર્ડર કેટલું સામાન્ય થઈ ગયું એ કહેવાની જરૂરત નથી ! *–ગુજરાતી અનુવાદક*)

જે જમાનામાં મારી ઝબાનબંદી કરવામાં આવી (બોલવા પર પ્રતિબંધ) ત્યારે હું જેલમાં એક તાળુ મારેલી ઓરડીમાં બંધ હતો. બે ત્રણ દિવસ પછી એક માણસ દરવાજા પર આવ્યો અને મને પોકારીને પૂછયું કે વાંચતાં લખતાં આવડે છે ? મેં કહ્યું, હા ! તો તે માણસે દરવાજા નીચેથી એક પત્ર અંદર દાખલ કર્યો અને કહ્યું કે એને વાંચી લો પછી મને પાછો આપી દો. આ પરચામાં એવું લખ્યું હતું કે, "સબ્ર કરો ! સબ્ર માત્ર અલ્લાહ તરફથી જ છે." એ લોકોએ જેલની બહાર તમારા માટે એક રૂમ નક્કી કર્યો છે છે જેમાં પલંગની નીચે એક સાધન રાખ્યું છે જેથી તમે જે કાંઈ પણ બોલો તેને રેકોર્ડ કરી લેવામાં આવશે, તો જ્યારે તમને કોઈ મળવા આવે અને તમે તેનાથી વાતચીત કરવા ચાહો તો કાગળ પર લખીને વાત કરજો જીભથી કાંઈ બોલવું નહીં." જેવું તે વ્યક્તિએ કહ્યું હતું તેવું જ થયું.

તિર્મિઝીમાં આ હદીષ અધિક સ્પષ્ટતા સાથે છે અને તેના શબ્દો આ પ્રમાણે છે :–

والذی نفسی بیده لا تقوم الساعة حتیٰ تکلم السباع الانس وحتی یکلم الرجل عذبة سوطه وشراك نعله وتخبره فخذه بما احدث اهله بعده

"ખુદાની કસમ ! કિયામત રચાશે નહીં ત્યાં સુધી કે જંગલી જાનવર માણસ સાથે વાત કરશે અને એટલે સુધી કે માણસ પોતાની ચાબુક ફંદા અને પોતાના બુટની દોરી સાથે વાત કરશે. અને માણસની જાંગ તેને તે વાતો બતાવશે જે તેના ઘરમાં થઈ છે." *(તિર્મિઝી, પેજ–૩)*

અને એ તમે જાણો છો કે અંગ્રેજોના પેન્ટમાં ખિસ્સાં તેમની જાંગના સ્થાને હોય છે જેમાં તેઓ પોતાનો જરૂરી સામાન રાખે છે અને એ કે તે લોકોની પાસે વિવિધ પાટલૂનો અને કેટલાયે જોડા હોય છે જેમાંથી તેઓ એક પાટલૂન પહેરે છે અને બાકી ઘરમાં ટીંગાઈ રહે છે. અને એક જોડા વાપરે છે બાકી જોડા ઘરમાં પડી રહે છે. એ નાના સરખા યંત્ર (ટેપ)ને તેઓ પોતાના પેન્ટના ખિસ્સામાં રાખે છે અને તે પેન્ટ આદત પ્રમાણે ઘરમાં લટકેલી રહે છે અને તે યંત્ર વાતચીતને ટેપ કરી લે છે. એ પ્રમાણે જોડા અને ચાબુક જેને સામાન્યત : એ લોકો પોતાના ઘરોમાં રાખે છે. જ્યારે માણસ ઘરે પાછો આવે છે તો તે યંત્ર એ સર્વ ટેપ થયેલી વાતો જે એના પછી ઘરમાં થઈ છે એને જણાવી દે છે જાણે કે તેની જાંગ, તેનો ચાબુકનો ફંદો અને તેના જોડાની દોરી જ તેની સાથે વાત કરી રહેલ છે. અને અલ્લાહ બેહતર જાણે છે કે રસૂલુલ્લાહ ﷺ નો મતલબ શું છે, શક્ય છે એનાથી મુરાદ કોઈ એવી ચીજ હોય જેને આપણે હજી સુધી નથી જોયી. ***(ક્રમશઃ)***



# ઈમામ અહમદ રઝા ઔર એહ્તેમામે નમાઝ

અઝ : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી નૂરી-મુંબઈ
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**اَلصَّلوٰةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا سَيِّدِىْ يَا رَسُولَ اللّٰهِ صَلَى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ**

अहमद रज़ाने फ़य्ज़ का दरया बहा दिया
हुब्बे नबीसे दिल को मदीना बना दिया
अहसान तेरा भूले क्यूंकर ये अदना ''शाकिर''
उल्फ़तमें मुस्तफ़ा के तळपना सिखा दिया

## ★ અહમિયતે નમાઝ કુર્આનકી રોશનીમેં ★

કુર્આને કરીમ ઔર અહાદીષે કરીમામેં મુહાફિઝે સલાત ઔર પાબંદીએ નમાઝ કી સખ્ત તાકીદ વારિદ હૈં. આ'લા હઝરત સૈયેદેના ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી قدس سرہ ને મુહાફિઝતે સલાતકે મુતઅલ્લિક કષીર આયાતો અહાદીષ અપને ફતાવામેં નકલ ફર્માએ હૈં. હમ યહાં ઉનમેં સે ચંદ આયાતો અહાદીષ પેશ કરતે હૈં.

### ★ આયત : ૧ ★

وَالَّذِيْنَ هُمْ عَلٰى صَلَاتِهِمْ يُحٰفِظُوْن۔ اُوْلٰئِكَ هُمُ الْوَارِثُوْنَ۔ اَلَّذِيْنَ يَرِثُوْنَ الْفِرْدَوْسَهُمْ فِيهَا خَالِدُوْن۔

''ઔર વો લોગ જો અપની નમાઝ કી નિગેહદાશ્ત (કાળજી) કરતે હૈં કે ઉસે વક્તસે બેવક્ત નહીં હોને દેતે, વહી સચ્ચે વારિષ હૈં કે જન્નત કી વરાષત પાએંગે, વો ઉસમેં હમેશા રહનેવાલે હૈં.''

મઆલિમ શરીફ ઈમામ બગવી શાફઈમેં હૈ :–

''મુહાફિઝત કરતે (કાળજી રાખે) હૈં ઔર હમેશા નિગાહબાની કરતે હૈં ઔર ઉન્કે અવકાતકા (સમયનો) ખયાલ રખતે હૈં. નમાઝ કા ઝિક્ર મુકર્રર કિયા જાતા હૈ (નમાઝ વિશે ચર્ચા કરાઈ છે) તા કે વાઝેહ (સ્પષ્ટ) હો જાએ કે ઉસ્કી મુહાફિઝત વાજિબ હૈ.''

### ★ આયત : ૨ ★

وَالَّذِيْنَ هُمْ عَلٰى صَلَاتِهِمْ يُحَافِظُوْن۔ اُوْلٰئِكَ فِى جَنّٰتٍ مُّكْرَمُوْن۔

''ઔર વો લોગ કે અપની નમાઝોં કી મુહાફિઝત કરતે હૈં, હર નમાઝ ઉસ્કે વક્તમેં અદા કરતે હૈં, વો જન્નતોંમેં ઈઝ્ઝત લિએ જાએંગે.''

નિસાઈ શરીફમેં હૈ : ''નમાઝ કી મુહાફિઝત (કાળજી) યે હૈ કિ અપને અવકાતસે ઝાએઅ્ ન હો. (સમય વહી ન જાય.)

### ★ આયત : 3 ★

وَالَّذِيْنَ يُوهِنُوْن بِالْاٰخِرَةِ يومنون به وهم علٰى صَلاتهم يُحَافظون۔

''ઔર જિન્હેં આખેરત પર યકીન હૈ, વો

કુર્આન પર ઈમાન લાતે હૈં ઔર વો અપની નમાઝ કી મુહાફિઝત કરતે હૈં કે વક્ત કે બાહર ન હો જાએં."

તફસીરે કબીરમેં હૈ :- "મુહાફિઝતસે મુરાદ યે હૈં કે વક્ત ઔર તહારત (પાકી) વગૈરહ્ તમામ શરાઈત કો મલ્હૂઝ રખ્ખા જાએ (શરતોને સાચવીને) ઉસ્કે અરકાન કો કાઈમ કિયા જાએ ઔર ઉસે મુકમ્મલ કિયા જાએ, યહાં તક કે જબ નમાઝ કા વક્ત આએ તો આદમી ઉન કામોં કો બતૌરે આદત કરને લગે.

**★ આયત : ૪ ★**

حَافِظُواعلى الصَّلَوٰة وَالصَّلوةِ الوُسطىٰ وقُومُو اللّٰهِ قَانِتِيْن۔

"મુહાફિઝત કરો સબ નમાઝોં કી ઔર ખાસ બીચવાલી નમાઝ કી, ઔર ખળે હો અલ્લાહ કે હુઝૂર અદબસે."

યા'ની મુહાફિઝત કરો કે કોઈ નમાઝ અપને વક્ત સે ઈધર ઉધર ન હોને પાએ. બીચવાલી નમાઝ નમાઝે અસ્ર હૈ. ઉસ વક્ત લોગ બાઝાર વગૈરહ્ કે કામોંમેં ઝિયાદા મસ્રૂફ હોતે હૈં ઔર વક્ત ભી થોળા હોતા હૈં, ઈસ લિએ ખાસ ઉસ્કી તાકીદ ફર્માઈ.

મદારિહ શરીફમેં હૈં : "નમાઝ પર મુહાફિઝત કરો યા'ની હમેશાં હર વક્ત પળ્હો."

બયઝાવી શરીફમેં હૈં : "નમાઝોં કી મુહાફિઝત કરો યા'ની વક્ત પર અદા કરો ઔર હમેશગી કરો."

**★ આયત : ૫ ★**

ثم خلف من بعدهم خلف اضاموالصلوٰة

"ફિર આયે ઉનકે બાદ બુરે પસમાન્દે (કપુત) જિન્હોં ને નમાઝેં ઝાએઅ્ કી."

સૈયેદેના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہ عَنْهُمَا ઈસ આયત કી તફસીરમેં ફર્માતે હૈં :-

"યે લોગ જિન કી મઝમ્મત (બુરાઈ) ઈસ આયતે કરીમામેં ફર્માઈ ગઈ વો હૈં જો નમાઝ કો ઉનકે વક્ત સે હટાતે ઔર નાવક્ત પળ્હતે હૈં."

અફઝલુત્તાબઈન સૈયેદેના સઈદ ઈબ્ને મુસૈય્યિબ رضی اللہ عنہ ફર્માતે હૈં :-

"નમાઝ કા ઝાએઅ્ (બર્બાદ) કરના યે હૈ કે ઝોહર ન પળ્હી યહાં તક કે અસ્રા કા વક્ત આ ગયા."

**★ આયત : ૬ ★**

فَوَيْلٌ لِلْمُصَلِّيْن۔ اَلَّذِيْنَ هم عَن صَلوٰتهم سَاهُون۔

"ખરાબી હૈ ઉન નમાઝીયોં કે લિએ જો અપની નમાઝોં સે ગાફિલ હૈ." (કે વક્ત નિકલ જાને પર પર પળ્હતે હૈં.)

તફસીરે જલાલૈન શરીફમેં હૈ : (અર્થ) **સાહૂન**સે મુરાદ વો ગાફિલ જો નમાઝ કો વક્તે નમાઝ સે મોઅખ્ખર (સમય વહી ગયા પછી) કરતે હૈં.

તફસીરે મફાતિહુલ ગૈબમેં હૈ : **સાહૂન** [(દો અમ્ર કે સાથ મુકય્યદ) (બે બાબતો સાથે સંકળાયેલ)] : **(૧)** નમાઝ કો કઝા કરના **(૨)** ઈન્સાન કા નમાઝ મેં ગાફિલ હોના.

ઈસ આયતે કરીમા કી યે તફસીર ખૂદ હદીષમેં વારિદ હૂઈ, જૈસા કે અન્કરીબ ઈન્શાઅલ્લાહ ! આયેગા.

## ★ અહમિયતે નમાઝ હદીષ કી રોશનીમેં ★

**★ હદીષ ૧ ★**

ઈમામ અહમદ બસનદે સહીહ હઝરત હન્ઝલહ્ કાતિબ رضی اللہ عنہ સે રાવી હૈં :-

"યા'ની મૈંને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم કો ફર્માતે હુએ સુના કે જો શખ્સ ઈન પાંચ નમાઝોં કી ઉનકે રુકૂઓ સુજૂદો અવકાત પર (રુકૂઅ, સજદા તથા સમયો સાથે) મુહાફિઝત કરે ઔર યકીન જાને કે વો અલ્લાહ عزوجل કી તરફસે હૈં, જન્નતમેં જાએં. યા

ફર્માયા, જન્નત ઉસકે લિએ વાજિબ હો જાએ, યા ફર્માયા, દોઝખ પર હરામ હો જાએ.

### ★ હદીષ ૨ ★

ઈમામ માલિકો અબૂ દાઊદો નિસાઈઓ ઈબ્ને હબ્બાન અપની સિહાહમેં ઓબાદહ્ ઈબ્ને સામત رضی اللہ عنہ સે રાવી હૈં કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માતે હૈં :–

"પાંચ નમાઝેં અલ્લાહ તઆલાને ફર્ઝ કીં, જો ઉનકા વુઝૂ અચ્છી તરહ કરે ઔર ઉન્હેં વક્ત પર પળ્હે ઔર ઉન્કા રુકૂઓ ખુશૂઅ પૂરા કરે ઉસ્કે લિએ અલ્લાહ عزوجل પર અહમ (વાદા) હૈ કે ઉસે બખ્શ દે ઔર જો ઐસા ન કરે તો ઉસકે લિએ અલ્લાહ તઆલા પર કુછ અહદ નહીં, ચાહે બખ્શે ચાહે અઝાબ કરે." (યે અલ્ફાઝ અબૂદાઊદ કે હૈં.)

### ★ હદીષ ૩ ★

અબૂદાઊદ તરીક ઈબ્ને અઅ્રાબીમેં હઝરતે કતાદા ઈબ્ને રબઈ અન્સારી رضی اللہ عنہ સે રાવી હૈં કે હુઝૂર સૈયેદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માતે હૈં કે અલ્લાહ عزوجل ફર્માતા હૈ :–

"મૈંને તેરી ઉમ્મત પર પાંચ નમાઝેં ફર્ઝ કીં ઔર અપને પાસ અહદ મુકર્રર (નકકી વાયદો) કર લિયા, જો ઉન્કે વક્તોં પર ઉન્કી મુહાફિઝત કરતા આયેગા ઉસે જન્નતમેં દાખિલ કરુંગા ઔર જો મુહાફિઝત ન કરેગા ઉસકે લિએ મેરે પાસ કુછ અહદ નહીં.

### ★ હદીષ ૪ ★

દારમી, હઝરત કઅબ ઈબ્ને ઉજરહ્ رضی اللہ عنہ સે રાવી હૈ, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم અપને રબ્બે જલ્લ વ અલાસે રિવાયત ફર્માતે હૈં કે વો ઈર્શાદ ફર્માતા હૈં :

"જો નમાઝ ઉસકે વક્તમેં ઠીક ઠીક અદા કરે ઉસકે લિએ મુઝ પર અહદ હૈ કે ઉસે જન્નતમેં દાખિલ ફર્માઊં ઔર જો વક્તમેં ન પળ્હે ઔર ઠીક અદા ન કરે ઉસકે લિએ મેરે પાસ કોઈ અહદ નહીં, ચાહૂં તો ઉસે દોઝખમેં લે જાઉં ઔર ચાહૂં તો જન્નતમેં."

### ★ હદીષ ૫ ★

તિબ્રાની બસનદે સહીહ અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما સે રાવી હૈં : એક દિન હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ને સહાબાએ કિરામ صلی اللہ تعالیٰ علیہ وسلم સે ફર્માયા, જાનતે હો તુમ્હારા રબ ક્યા ફર્માતા હૈ ?! અર્ઝ કી, ખુદા વ રસૂલ ખૂબ દાના હૈં ! ફર્માયા, જાનતે હો તુમ્હારા રબ ક્યા ફર્માતા હૈ ?! અર્ઝ કી, ખુદા વ રસૂલ દાના હૈં ! ફર્માયા, જાનતે હો તુમ્હારા રબ ક્યા ફર્માતા હૈ ?! અર્ઝ, કી, ખુદા વ રસૂલ દાના હૈં ! ફર્માયા, તુમહારા રબ જલ્લ વ અલા ફર્માતા હૈ :–

"મુઝે અપને ઈઝ્ઝતો જલાલકી કસમ ! જો શખ્સ નમાઝ વક્ત પર પળ્હેગા ઉસે જન્નતમેં દાખિલ ફર્માઉંગા, ઔર જો ઉસકે ગૈર વક્તમેં પળ્હેગા, ચાહૂં તો ઉસ પર રહમ કરું ચાહૂં તો અઝાબ !"

### ★ હદીષ ૬ ★

નીઝ તિબ્રાની, અવસતમેં હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہ સે રાવી હૈં, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માતે હૈં :–

"જો પાંચો નમાઝેં અપને વક્ત પર પળ્હે, ઉન્કા વુઝૂઓ કિયામો ખુશૂઓ સુજૂદ પૂરા કરે, વો નમાઝ સુફૈદ રોશન હોકર યે કહતી હૈ કે અલ્લાહ તેરી નિગેહબાની ફર્માએ જિસ તરહ તુને મેરી હિફાઝત કી, ઔર જો ગૈર વક્તમેં પળ્હે ઔર વુઝૂઓ ખુશૂઓ રુકૂઓ સુજૂદ પૂરા ન કરે વો નમાઝ સિયાહ તારીક (કાળી) હોકર યે કહતી નિકલતી હૈ કે અલ્લાહ તુઝે ઝાએઅ્ (તબાહ) કરે જિસ તરહ તૂને મુઝે ઝાએઅ્ કિયા, યહાં તક કે જબ ઉસ મકામ પર પહુંચે જહાં તક અલ્લાહ عزوجل ચાહે, પૂરાને કપળે કી તરહ લપેટકર ઉસ્કે મુંહ પર મારી જાએ." (અલ્ અયાઝુબિલ્લાહિ તઆલા)

★ હદીષ ૭ ★

અબૂ દાઊદ હઝરત ફઝાલહ્ ઝહ્રાની رضی اللہ عنہ સે રાવી હૈ :–

"મુઝે હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ને મસાઈલે દીન તા'લીમ ફર્માએ, ઉનમેં યે ભી તા'લીમ ફર્માયા કે નમાઝે પંજગાના કી મુહાફિઝત કરો."

★ હદીષ ૮ ★

બુખારી, મુસ્લિમ, તિર્મિઝી, નિસાઈ, દારમી, અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ تعالیٰ عنہما રાવી હૈં, મૈંને સૈયદુલ મુરસલીન صلی اللہ تعالیٰ علیہ وسلم સે પૂછા, સબસે ઝિયાદા કૌનસા અમલ અલ્લાહ عزوجل કો પ્યારા હૈ ?! ફર્માયા, "નમાઝ ઉસ્કે વક્ત પર અદા કરના."

★ હદીષ ૯ ★

બય્હકી, શોઅ્બુલ ઈમાનમેં બતરીક અકરમહ્ અમીરુલ્ મો'મિનીન સૈયેદેના ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ સે રાવી :–

"એક શખ્સને ખિદમતે અકદસમેં હાઝિર હોકર અર્ઝ કી, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم ઈસ્લામ મેં સબસે ઝિયાદા ક્યા ચીઝ અલ્લાહ તઆલા કો પ્યારી હૈ ? ફર્માયા, નમાઝ વક્ત પર પળ્હના, જિસને નમાઝ છોળ દી ઉસકે લિએ દીન ન રહા, નમાઝ દીન કા સુતૂન હૈ.

★ હદીષ ૧૦ ★

"અમીરુલ મો'મિનીન ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ને અપને આમિલોં કો ફર્માન ભેજે : તુમ્હારે કામોંમે મુઝે ઝિયાદા ફિક્ર નમાઝ કી હૈ, જો ઉસ્કી હિફાઝત કરે ઔર ઉસ પર મુહાફિઝત કરે, ઉસને અપને દીન કી હિફાઝત કી ઔર જિસને ઉસે ઝાએઅ્ કિયા વો ઔર કામોં કો ઝિયાદાતર ઝાએઅ્ કરનેવાલા હૈં.

★ હદીષ ૧૧ ★

મુસ્લિમ, અબૂદાઊદ, તિર્મિઝી, નિસાઈ, અહમદ, દારમી હઝરત અબૂઝર رضی اللہ عنہ સે રાવી હૈં :–

"હુઝૂર સૈયદુલ્ મુરસલીન صلی اللہ تعالیٰ علیہ وسلم ને મેરી રાન પર હાથ મારકર ફર્માયા, તેરા ક્યા હાલ હોગા, જબ તૂ ઐસે લોગોમેં રહ જાએગા જો નમાઝ કો ઉસકે વક્તસે તાખીર (મોડી) કરેંગે ?

મૈંને અર્ઝ કી, હુઝૂર ! મુઝે ક્યા હુકમ દેતે હૈં ?! ફર્માયા, તૂ વક્ત પર નમાઝ પળ્હ લેના."

★ હદીષ ૧૨ ★

અહમદ, અબૂદાઊદ, ઈબ્ને માજહ્ બસનદે સહીહ ઓબાદા ઈબ્ને સામત رضی اللہ عنہ સે રાવી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માયા :–

"મેરે બાદ તુમ પર કુછ હાકિમ હોંગે ઉનકે કામ વક્ત પર ઉન્હેં નમાઝસે રોકેંગે યહાં તક કે વો વક્ત નિકલ જાએગા, તુમ વક્ત પર નમાઝ પળ્હના."

★ હદીષ ૧૩ ★

બઝ્ઝાર, મુહીયુસ્સુન્નહ્, બગવી હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہ સે રાવી હૈ :–

"મૈંને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સે પૂછા વો કૌન લોગ હૈં જિન્હેં અલ્લાહ عزوجل કુર્આન મજીદમેં ફર્માતા હૈ, ખરાબી હૈ ઉન નમાઝીયોં કે લિએ જો અપની નમાઝસે બેખબર હૈં. ઈર્શાદ ફર્માયા, વો લોગ જો નમાઝ કો ઉસકે વક્તસે હટાકર પળ્હેં."

બગવી કી રિવાયત હૈ :–

"હમેં અહમદ ઈબ્ને અબ્દુલ્લાહ સાલેહીને ખબર દી (પૂરી સનદ કો ઝિક્ર કિયા) મુસ્અબ ઈબ્ને સઅદસે, વો અપને વાલિદ رضی اللہ تعالیٰ عنہما સે રાવી હૈ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સે ઈસ આયત કે બારેમેં સવાલ હુવા, ફર્માયા, ઈસસે મુરાદ વક્ત ખોના."

## ★ હદીષ ૧૪ ★

અબૂ દાઊદ સુનનમેં ઔર તિબ્રાની મુઅજમમેં બસનદે જયદ અબૂદરદા رضی اللہ عنہ સે રાવી હૈં કે હુઝૂર પુરનૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માતે હૈં :–

"પાંચ ચીઝેં હૈં કે જો ઉન્હેં ઈમાન કે સાથ લાએગા જન્નત મેં જાએગા, જો પંજગાના નમાઝોં કી ઉન્કે વુઝૂ ઉનકે રુકૂઅ ઉનકે સુજૂદ ઉનકે અવકાત પર મુહાફિઝત કરે. (ઔર રોઝા, હજ્જો, ઝકાતો, ગુસ્લે જનાબત બજા લાએ.)

## ★ આ'લા હઝરત ઔર નમાઝ કી પાબંદી ★

નબીપાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને અપની ઉમ્મતકો નમાઝ કી મુહાફિઝતો પાબંદી કા હુકમ દિયા ઔર ખૂદ ઉસ પર અમલ કર કે દુન્યા કો દિખા દિયા. હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم હર નમાઝ સહાબાએ કિરામ કે સાથ ઉસકે વક્ત હી મેં અદા ફર્માયા કરતે થે. આ'લા હઝરત علیہ الرحمۃ والرضوان ઉનહી રસૂલે મુકર્રમ صلی اللہ تعالیٰ علیہ وسلم કે સચ્ચે આશિક થે ઈસી લિએ અપને આકાઓ મૌલા કો જો કહતે સૂના કહને લગે, જો કરતે દેખા ઉસ પર અમલપેરા હો ગયે. કદમ કદમ પર આપ રસૂલે ગિરામી વકાર આકા صلی اللہ تعالیٰ علیہ وسلم કે ફર્માનો સુન્નત કી પયરવી કરતે નઝર આતે હૈં. યહી વજહ હૈ કે આપ કભી ભી ઔર કિસી ભી હાલતમેં નમાઝ કો વક્ત સે મુઅખ્ખર નહીં ફર્માતે હૈં. (કઝા થવા દેતા ન હતા.) જૈસા કે વાકિયાતે ઝૈલ શાહિદ હૈં.

હિ.સ. ૧૩૩૭ ઈ.સ. ૧૯૧૯ માં આ'લા હઝરત علیہ الرحمۃ والرضوان ને ઈદુલ્ ઈસ્લામ હઝરત મૌલાના અબ્દુસ્સલામ સાહબ علیہ الرحمۃ والرضوان કી દઅ્વત પર જબલપૂર કા સફર બીમારી કી હાલતમેં કિયા. આગાઝે સફર કા ઝિક હઝરત બુરહાનુલ મિલ્લત علیہ الرحمۃ والرضوان યૂં કરતે હૈં :–

"સુબ્હ ચાર બજે આ'લા હઝરત علیہ الرحمۃ والرضوان ..... ઔર ખાદિમ બુરહાન ગાળી પર બરૈલી રેલ્વે સ્ટેશન કે લિએ રવાના હુએ. મૈંને અર્ઝ કિયા, હઝરત ! અયન નમાઝ કે વક્ત ગાળી રવાના હોગી નમાઝે ફજ્ર કહાં અદા કી જાએગી ? આપને મુસ્કુરાકર ફર્માયા, "ઈન્શાઅલ્લાહ ! પ્લેટફારમ પર !"

સ્ટેશન પર પહુંચને પર માલૂમ હુવા કે ગાળી ચાલીસ મિનટ લેટ હૈ. પ્લેટફોરમ પર જાનમાઝ, ચાદરેં, રૂમાલ બિછા લિએ ગયે, ઔર બઔનહી તઆલા (ખુદાની મદદથી) કષીર તા'દાદને આ'લા હઝરત علیہ الرحمۃ والرضوان કે પીછે નમાઝે ફજ્ર કી. યે આ'લા હઝરત علیہ الرحمۃ والرضوان કી કરામત થી કે ઈત્મિનાન કે સાથ નમાઝસે ફારિગ હુએ.

હઝરત મૌલાના અબ્દુસ્સલામ સાહબ અપને રુફકા કે હમરાહ (સાથીઓ સાથે) આ'લા હઝરત علیہ الرحمۃ والرضوان કે લિએ કટની તક ચલે આયે થે. આગે કા વાકિઆ બુરહાને મિલ્લત યૂં લિખતે હૈં :–

"ટ્રેન ચાર બજે કટની પહુંચી........... આ'લા હઝરત علیہ الرحمۃ والرضوان કે લિએ વુઝૂ કા ઈન્તેઝામ કિયા ગયા. ફર્માયા, નમાઝે ફજ્ર કહાં હોગી ? અર્ઝ કિયા, સલીમનાબાદમેં. લેકિન ! સિર્ફ તીન મિનટ ગાળી ઠહરતી હૈ. હુઝૂર ! વુઝૂ ફર્માએં ખાદિમ હાઝિર હૈં. મૈં ઈન્જન કી તરફ બળ્હા, દેખા ડ્રાઈવર મુસલમાન હૈ ઔર વો ભી આ'લા હઝરત علیہ الرحمۃ والرضوان કી કદમબોસી કર કે જા રહે હૈં, મુઝ સે મુસાફા કિયા, મૈંને કહા, સલીમનાબાદમેં નમાઝે ફજ્ર અદા કરના હૈ. પૂછા, કિત્ના વક્ત લગેગા ?! મૈંને કહા, ૧૨ યા ૧૫ મિનટ. કહા, મૈં લેટ કર દુંગા. ગાર્ડ ભી મિલ ગયા, ઉસને ભી ઈત્મિનાન દિલાયા. ગાળી બળે (ઠીક) વક્ત પર સલીમનાબાદ પહુંચી. પ્લેટફારમ પર જાનમાઝેં, ચાદરેં, રૂમાલ બિછાકર તકરીબન્ ૩૦૦ કી જમાઅત હૂઈ. પૂરી ટ્રેન કે મુસાફિર દેખ રહે થે આ'લા હઝરત علیہ الرحمۃ والرضوان ઈત્મિનાન કે સાથ વઝીફા સે ફારિગ હોકર ગાળીમેં તશરીફ લાએ. –*(ક્રમશઃ)*

# ગુનાહોનો ઈલાજ

**લેખક : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી**
**અનુવાદક : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી**

## ★ રિયાકારી (દેખાડો) અને તેનો ઈલાજ ★

અમુક સ્ત્રી તથા પુરૂષોને આ ખરાબ આદત હોય છે કે તેઓ દીન કે દુનિયાનું જે પણ કામ કરે છે તે પ્રચાર, નામ કમાવવા તથા દેખાડો કરવા માટે કરે છે. આ બુરી આદતનું નામ રિયાકારી (બાહ્ય આડંબર) છે. આ સખત ગુનાહની વાત છે કારણ કે નેક કામોમાં ઈખ્લાસનું હોવું જરૂરી છે એટલે કે દરેક નેક કામ અલ્લાહની રઝા અને ખુશનુદી મેળવવા કરવામાં આવે. પણ જો કોઈ નેક અમલના ઝરીયા જાતી તથા નફ્સની ઈચ્છા હોય તો તે નેક કામ રિયાકારીનું શિકાર થઈ જાય છે અને અસલ મકસદથી દૂર થઈ જાય છે અને આ ગુનાહે કબીરા છે, અલ્લાહ તઆલાએ એને બિલકુલ નાપસંદ ફર્માવ્યો છે અને એને શૈતાની અમલ કહેવામાં આવ્યો છે.

જેમ કે સૂરએ નિસાઅ્માં ઈર્શાદ છે, "અને જે લોકો પોતાના માલને લોકોને દેખાડવા માટે ખર્ચ કરે છે અને અલ્લાહ પર તથા કયામત પર ઈમાન નથી લાવતા અને જેમનો દોસ્ત શૈતાન થયો તો શૈતાન કેટલો બુરો સાથી છે."

હદીષ શરીફમાં છે કે કયામતના દિવસે અલ્લાહનો મુનાદી રિયાકારોને મેદાને મેહશરમાં આ રીતે પુકારશે કે, હે બદ્કાર ! હે બદ્અહદ ! (વાયદા ખિલાફી કરનાર) હે રિયાકાર ! તારા અમલ ગારત થઈ ગયા અને તારો બદલો તથા સવાબ બર્બાદ થઈ ગયો ! તું અલ્લાહના દરબારથી નીકળી જા અને તે માણસથી પોતાનો સવાબ માંગ જેના માટે તેં અમલ કર્યો હતો ! *(અહયાઉલ્ ઉલૂમ, ભાગ–૩, પેજ–૨૯૪)*

એ જ રીતે બીજી હદીષમાં છે કે જે અમલમાં જરા બરાબર પણ રિયાકારી (દેખાડા)નો અંશ હોય તેને અલ્લાહ તઆલા કબૂલ નથી ફર્માવતો. અને રસૂલુલ્લાહ ﷺ એ આ પણ ઈર્શાદ ફર્માવ્યો કે જહન્નમમાં એવી વાદી છે જેને અલ્લાહ તઆલાએ રિયાકારી (દેખાડો) કરવાવાળાઓ માટે તૈયાર ફર્માવી છે. *(અહયાઉલ ઉલૂમ)*

## ★ રિયાકારીનો ઈલાજ ★

આ બીમારી ઘણી જ ખતરનાક છે, તેનો ઈલાજ દીનના ફર્ઝોમાંથી ગણવામાં આવે છે કારણ કે આ એવી જાલિમ બીમારી છે જે દિલની દરેક બીમારીઓમાં રચેલી વસેલી રહે છે, તેને દૂર કરવું ઘણુ જ સખત છે. તેનો ઈલાજ અમલી રીતે એ છે કે એ હકીકત આદમી પર જાહેર છે કે તેનું દરેક કામ લિજ્જત મેળવવા માટે હોય છે માટે લિજ્જતની તમન્ના હોવા છતાં જ્યારે તને એ જાણ થઈ જાય કે બેશક ! આ દુનિયામાં તો લિજ્જત મળવાની જ છે પણ આખેરતમાં આ નુકસાનની ભરપાઈ તેની તાકાતથી બહાર હશે અને તેનો અઝાબ એટલો સખ્ત હશે કે તેને વેઠવું પણ તેની તાકાતથી બહાર છે તો પછી લિજ્જતો (દુનિયવી) છોડવી તેના માટે ઘણી જ આસાન થઈ જશે. દા.ત. કોઈ માણસ મધનો ઘણો જ શોખીન છે, લાલચની હદ સુધી તેની તરફ લલચાયેલો છે પણ મધ આપતાંની સાથે જ તેને બતાવી દેવામાં આવ્યું કે આમાં ઝહેર પણ મિલાવવામાં આવ્યું છે ! તો તે માણસ શોખ તથા

લિજ્જત હોવા છતાં તેને છોડી દેશે.

અમલી ઈલાજ એ છે કે પોતાના ગુનાહો અને લગઝિશોને જે રીતે છુપાવે છે એ જ રીતે પોતાની ઈબાદતો અને ઈતાઅતોને પણ છુપાવી રાખે. શરૂઆતમાં આ વાત થોડી સખત લાગે છે પણ લગાતાર કોશિશ પછી આસાન પણ થઈ જાય છે, કારણ કે મુનાજાત અને ઈખ્લાસની એક લિજ્જત હોય છે અને જ્યારે એ મળી જાય છે તો બીજી કોઈ લિજ્જતની તમન્ના જ નથી રહેતી. ત્યારે તે એવા મકામ પર પહોંચી જાય છે કે લોકો તેને જુએ છે તો જોતા જ રહી જાય છે. તેનું દિલ લોકો તરફ માઈલ જ નથી થતું બલ્કે તેઓથી બિલકુલ બેખબર થઈ જાય છે.

બીજુ મુકામ તસ્કીને રિયા (રિયાકારી ખતમ કરવા)નું છે. એટલે કે જ્યારે રિયા દિલમાં પૈદા થવા લાગે તો તરત જ તેને દૂર કરવામાં આવે કારણ કે ભલેને તમારું દિલ લોકોની પ્રશંસાથી દૂર કેમ ન હોય અને તમારા અમલ માત્ર અલ્લાહની રઝા ખાતર કેમ ન હોય પણ શૈતાન પોતાના કામમાં લાગેલો રહે છે અને ઈબાદત દરમ્યાન રિયા (દેખાવ)નો ખયાલ નાખતો રહે છે. જેમાંથી પહેલો ખયાલ તો એ પૈદા કરે છે કે (હે ઈબાદત કરનાર !) તારી ઈબાદતનો હાલ તો લોકોને માલૂમ થઈ ગયો જ છે. આ જ પ્રકારનો બીજો એક ખયાલ એ પૈદા થાય છે અને દિલમાં એ વસ્તુ પૈદા થાય છે કે લોકો તેને કદર તથા ઈજ્જતની નજરે જુએ. ત્રીજુ એ કે દિલ એ વાતની તેહકીક કરવા ઈચ્છે છે કે શું ખરેખર હું લોકોમાં મકબૂલ છું ? અને મારી ઈજ્જત તથા કદર તેમના દિલમાં ઘર બનાવી ચૂકી છે ?! તો આપણી કોશિશ એ હોવી જોઈએ કે પહેલો ખયાલ જ નજીક ન આવવા પામે અને આદમી પોતાની જાતને કહે કે મને એ વાતની શું ફિકર કે લોકો મારી ઈબાદતને જુએ છે કે નહીં ?! જ્યારે મારો પરવરદિગાર જે દરેક વસ્તુને જાણે છે તેને (મારી ઈબાદતની) ખબર છે ! તો માત્ર તેનું જાણવું મારા માટે કાફી છે. અને બીજો ખયાલ જે લોકોમાં મકબૂલિયત વિશે છે તે પૈદા થાય તો પણ ઉપરોક્ત વર્ણન કરવામાં આવેલ શબ્દોને દોહરાવે અને ખયાલ કરે કે જો લોકોમાં મારી મકબૂલિયત પણ થઈ જાય તો અલ્લાહ તઆલાના ગઝબ સામે તેનો શું ફાયદો ? એટલે કે પોતાના ખયાલ (દેખાડો)નું આ વાતથી વજન કરે જેથી માત્ર ખયાલથી જ નફરત પેદા થઈ જાય.

## ★ ખૂદ પસંદી અને તેનો ઈલાજ ★

નબી કરીમ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે ત્રણ વસ્તુઓ હલાકતનાં કારણ છે : **(૧)** બખીલી **(૨)** લાલચ **(૩)** ઘમંડ અને ખૂદ પસંદી (હું કાંઈક છું !). અને ફર્માવ્યું કે તમે ગુનાહથી બચ્યા તો પણ એક એવી વસ્તુમાં સપડાશો જે ખરેખર ગુનાહથી પણ બદ્તર છે આનું નામ ખૂદ પસંદી અને ખૂદ નુમાઈ છે. *(કીમીયાએ સઆદત)*

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہ ફર્માવે છે કે હલાકત બે વસ્તુઓમાં છુપાયેલી છે, ખૂદ પસંદી અને નાઉમ્મીદી. ખૂદ પસંદી તે બલા છે જેનાથી ઘણીયે આફતો જન્મ લે છે અને આ બલામાં સપડાયેલ માણસની આદત હોય છે કે પોતાને સૌથી સારો ગણે છે. બીજુ એ કે તેને પોતાના ગુનાહ યાદ જ નથી આવતા અને કોઈ યાદ પણ આવી જાય તો તેના ઈલાજ તરફ ધ્યાન નથી આપતો અને સમજે છે કે આપણી તો બખ્શિશ થઈ જ ગઈ છે ! ઈબાદતમાં શુક્ર ગુઝારીને ફુઝૂલ (બેકાર) ગણે છે ન તો તેને એનું ધ્યાન રહે છે કે જો ઈબાદત કબૂલ થાય તો બરકતો મળે છે પણ કબૂલ ન થવાના સંજોગોમાં મોટી આફતો પણ છે. ન તો તેને આ વસ્તુની જાણકારીનો શોખ હોય છે. આ રીતે ખુદાનો ખૌફ તેના દિલમાં બાકી નથી રહેતો અને તે પોતાને તેનાથી મેહફૂઝ ગણે છે ત્યાં સુધી કે કોઈ વાત તેની

ઈચ્છા વિરૂધ્ધ હોય તો તેને સાંભળવા તૈયાર નથી થતો, ભલે તે વાત તેના મિત્રએ કહી હોય. કોઈની શિખામણ પર ધ્યાન નથી આપતો, તો આ રીતે બીજાનું ભલે કાંઈ બગડે કે ન બગડે પણ તેવો માણસ જરૂર પોતે અધુરો અને તેનો ઈલ્મ (જાણકારી) પણ અધુરો રહી જાય છે, જે ઝિલ્લતથી પણ બદ્તર છે. યાદ રાખો કે અલ્લાહ તઆલા જેને કોઈ નેઅમત અતા ફર્માવે છે, દા.ત. ઈલ્મની નેઅમત, ઈબાદતની તૌફીક અથવા આ પ્રકારની કોઈ નેઅમત તો બંદાએ તેનો શુક્ર અદા કરવો જોઈએ અને ખૌફ રાખવો જોઈએ કે ક્યાંક આ નેઅમત તેની કોઈ ભૂલના કારણે પાછી લઈ લેવામાં ન આવે ! આવો માણસ ખૂદ પસંદ નથી થઈ શક્તો. પણ જો ખૌફ પણ ન રાખે અને ખુશ પણ હોય, વળી આ ખયાલથી ખુશ હોય કે આ નેઅમત તેને પોતાની મેહનતથી મળેલી છે અને (તેની મેહનતના આધારે) તેને મળવી જ જોઈતી હતી. અને એ હકીકતથી બે ખબર થઈ જાય છે કે એ નેઅમત માત્ર અલ્લાહની ઈનાયતનો નતીજો છે જેમાં તેના પોતાના કોઈ અમલની દખલ નથી. અને જો આ રીતે તેના દિલમાં અલ્લાહનો ખૌફ બાકી ન રહે તો આ બુરી સિફતો (દુર્ગુણો) અને તેની ખુશી ખૂદ પસંદી કહેવામાં આવશે.

## ★ ખૂદ પસંદીનો ઈલાજ ★

જો કોઈ માણસ રાત દિવસ ઈલ્મ પ્રાપ્તિ અને ઈબાદતમાં લાગેલો રહે છે તથા તેના પર નાઝ કરે છે અને કહે છે કે હું પોતે જ કરું છે અને આ બધુ મારી કુદરત તથા તાકાતના કારણે થઈ રહ્યું છે ! તો શું તે (દા'વો કરનાર)ને ખબર છે કે આ કુદરત, અંગોમાં તાકત, નિયત તથા ઈરાદો જે આ કામમાં ભાગ ભજવી રહ્યાં છે તે ક્યાંથી આવ્યાં છે ?! અને તેમને લાવવાવાળો કોણ છે ? બસ ! આ તો બધું અલ્લાહ તઆલાનું ખાસ ઈનામ છે અને તારી ખૂદ પસંદી તારી જેહાલત (અભણતા)ના કારણે છે. તારા હાથમાં રાખેલું જ શું છે ?! તારે તો અલ્લાહ તઆલાના આ ફઝ્લો કરમ પર શુક્ર અદા કરવો જોઈએ, નહીં તો ઘણાયે લોકો એવા છે જેઓને અલ્લાહ તઆલાએ બેખબર છોડી બુરી ઈચ્છાઓમાં રહેવા દીધા અને તારા પર ખાસ ઈનાયત તથા રહમત કરી તારામાં નેક કામોની સમજ પૈદા કરી તથા પોતાની સામે ઝુકવાનો શરફ અતા કર્યો.

એ જ રીતે તમે કહો કે મને ઈબાદતની તૌફીક એટલા માટે આપવામાં આવી કે હું પરવરદિગારને મહબૂબ રાખું છું. તો હું કહીશ કે મહોબ્બત અને દોસ્તીને પૈદા કરવાવાળો કોણ છે ?! આના જવાબમાં જો તમે કહો કે હું અલ્લાહની મા'રેફત (ઓળખ)માં કામયાબ થઈ ગયો પછી તેના જમાલનો મુશાહિદો (દીદાર) પણ મળી ગયો કારણ કે મેં તેને ઓળખી લીધો. તો અમે તમને પૂછીશું કે, આ જમાલનો દીદાર અને મા'રેફત (ઓળખ) અતા કરનાર કોણ હતું ?! તો જ્યારે બધું જ તે (માલિક)ના તરફથી છે તો પછી ખૂદ પસંદી અને તાજ્જુબ પણ તેની તરફ જ મનસૂબ કરવામાં આવે તથા દરેક વસ્તુને તેના ભરોસા, ઈનાયત તથા કરમ પર રાખવામાં આવે. તેણે જ તને પૈદા કર્યો અને આ ખૂબીઓ પણ તારામાં પૈદા કરી, કુદરત તથા ઈરાદાથી તને નવાઝયો, નહીં તો તું શું છે ?! અને તારી ઔકાત શું છે ? *(કીમીયાએ સઆદત)*

ટૂંકમાં એ કે જે માણસ તૌહીદને તેની અસલ હકીકતના રંગમાં ઓળખી લે છે તે ખૂદ પસંદીનો શિકાર નથી થઈ શક્તો. અમુક વાર એ પણ બને છે, દા.ત. કોઈ ગરીબ અક્કલવાળો એ વાત પર તાજ્જુબ કરવા લાગે છે કે હે અલ્લાહ ! જાહિલ (નાદાન) ને તો તું ઘણો માલ અને દૌલત આપી રહ્યો છે જ્યારે કે હું પોતાની અકલમંદી ધરાવતો હોવા છતાં તે (નેઅમત)થી મેહરૂમ છું ! પણ આ અક્કલ તથા સમજવાળો માણસ એ વાત ભૂલી જાય છે કે અક્કલથી વધુ સારી કોઈ નેઅમત

*(વધુ પેજ નં. **૧૫** પર..........)*

# મસ્જિદોમાં

# નમાઝ બાદ જોરથી ઝિક્ર તથા દુરૂદો સલામ પઢવા વિશે

લેખક : રઈસુલ્ કલમ હઝરત અલ્લામા અર્શદુલ્ કાદરી رحمۃ اللہ علیہ | અઝ :કાર્યાલય

મસ્જિદોમાં નમાઝ બાદ જોરથી દુરૂદો સલામ પઢવા બાબતે કેવળ કાશ્મિર જ નહીં અન્ય ઠેકાણે પણ આવા વાંધા વહાબીઓ, દેવબંદીઓ વગેરે તરફથી કરવામાં આવે છે તો તેમના માટે આ સવાલ તથા જવાબ સમજવા માટે પૂરતો છે જે હઝરત અલ્લામા અર્શદુલ કાદરી علیہ الرحمۃ والرضوان એ ખૂબ જ સરળ ભાષામાં આપ્યો છે. "બરકાતે ખ્વાજા" ના વાંચકોના લાભાર્થે જેનો અનુવાદ કરી રજુ કરીએ છીએ. *–તંત્રી*

**સવાલ** : લગભગ પાછલાં સાતસો (૭૦૦) વરસોથી (એટલે કે જયારથી કાશ્મિરમાં ઈસ્લામ જાહેર થયો) અહીંની લગભગ સર્વ મસ્જિદો તથા દરગાહોમાં ફર્ઝ તથા સુન્નત નમાઝો પછી તમામ સુન્ની મુસલમાનો સંક્ષિપ્તમાં ઝિક્ર અઝકાર તથા દુરૂદ શરીફ **સલ્લલ્લાહુ અલૈક યા રસૂલલ્લાહ ! વ સલ્લમ અલૈક યા હબીબલ્લાહ !** જોરથી ખૂબ જ એહતેરામ તથા અકીદતની સાથે પઢે છે અને ઉપર્યુક્ત દુરૂદની સાથે નઅત શરીફ જેમાં રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની તા'રીફ તથા તૌસીફ અને હુઝૂરને હયાતુન્નબી જાણીને તેમનાથી રૂહાની ફૈઝ હાંસલ કરવાના માટે મદદ માટે પોકાર પણ કરે છે અને સાથોસાથ **અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ ! અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા હબીબલ્લાહ !** નો વિર્દ પણ કરે છે. એ જ નિયમ પર સદીઓથી અમારા કાશ્મિરના મીર વાઈઝ ખાનદાનના આ'લા પાયાના રૂહાની ઉલમા તથા ફાઝિલો તથા અસ્લાફ (જેમાં દેવબંદી મસ્લકના પાછલા આલિમો પણ સામેલ છે) અમલ કરતા રહ્યા છે.

હવે વિનંતિ એ છે કે કેટલાયે વરસોથી શાનો શૌકતની સાથે ઉપરોક્ત દુરૂદ શરીફ (સલ્લલ્લાહુ અલૈક યા રસૂલલ્લાહ વસલ્લમ અલૈક યા હબીબલ્લાહ !) પર કેટલાક લોકો મોટાભાગે ઈમામ સાહબો તથા નમાઝીઓને ટોકતાં વાંધો ઉઠાવે છે કે હદીષોની રોશનીમાં આ દુરૂદની કોઈ સનદ મૌજૂદ નથી, ન તો હિંદુસ્તાન અથવા પાકિસ્તાનની કોઈ બરેલ્વી અથવા સુન્ની મસ્જિદમાં આ દુરૂદને મોટા અવાજે પઢવામાં આવે છે, આ દુરૂદ કેવળ કાશ્મિરની વાદી સુધી જ સીમિત છે. આ દુરૂદને ધંધાદારી મોલ્વીઓ અને કબ્રપૂજક મુલ્લાઓએ કાશ્મિરમાં ચાલુ કર્યુ છે તેમજ આ દુરૂદને મસ્જિદોમાં મોટા અવાજે પઢવાથી શોર તથા ઘોંઘાટ પેદા થાય છે જેનાથી મસ્જિદના નમાઝીઓને નમાઝમાં ખલેલ પડે છે પરિણામે મસ્જિદની બેહુર્મતી થાય છે.

હુઝૂર પુરનૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ નમાઝની અંદર અને નમાઝથી ફારિગ થયા બાદ કેવળ અને કેવળ દુરૂદે ઈબ્રાહીમ પઢવાની તા'કીદ કરી છે જેનો ઉલ્લેખ સહીહ બુખારી તથા મુસ્લિમ તથા અન્ય

હદીષોની કિતાબોમાં મળે છે.

હવે સ્થિતિ એટલે સુધી પહોંચી ચૂકી છે કે ક્રમે ક્રમે દુરૂદે હુઝૂરી જેનો ઉલ્લેખ ઉપર થયો છે તે મોટાભાગની મસ્જિદોમાં ધીરેથી કે જોરથી પઢવાનો રિવાજ ખત્મ થતો જઈ રહ્યો છે.

આપને વિનંતિ છે કે મહેરબાની કરીને પ્રથમ ફુરસદમાં વિગતવાર વર્ણવેલ દુરૂદ જોરથી કાશ્મિરની મસ્જિદોમાં પઢવાના જાઈઝ હોવા બાબતે સંતોષકારક જવાબ લેખરૂપે એનાયત કરશો તો નવાઝિશ થશે. વસ્સલામ.

**(પ્રશ્નકર્તા)** : *સૈયદ મુહમ્મદ અમીન અલ્વી, માજી પ્રમુખ, વર્લ્ડ ઈસ્લામિક મિશન–કાશ્મિર, મુહમ્મદ અબ્દુલ્લાહ દીવ, નાઈબ પ્રમુખ, વર્લ્ડ ઈસ્લામિક મિશન–કાશ્મિર, ડો. મુહમ્મદ રમઝાન ઉવૈસી, મગર મિલબાગ, સરપરસ્ત વર્લ્ડ ઈસ્લામિક મિશન શફાઅત અહમદ હુસૈની, મુહમ્મદ મકબૂલ મીર કુતુબખાના ગૌષિયા, પુલવામિયહ્ ખુર્શિદ જાન કુરૈશી–શ્રીનગર, કાશ્મિર થકી (૭–મે, ૧૯૯૧)*

## ★ અલ્‌જવાબ ★

કાશ્મિરના સહીહુલ અકીદા સુન્ની મુસલમાનો ! વ અલૈકુમુસ્સલામ વ રહ્‌મતુલ્લાહિ વ બરકાતુહ !

**(૧)** એક પરદેશની સફરથી આવ્યા બાદ દિલ્હીમાં જમા થયેલ ટપાલમાં આપનો પત્ર મળ્યો. દુરૂદે હુઝૂરીથી મના કરનારાઓ પર મને સખ્ત અફસોસ છે કે ફર્ઝ તથા સુન્નત નમાઝો પૂર્ણ થયા બાદ જે દુરૂદ શરીફ સાતસો વરસોથી કાશ્મિરની વાદીમાં પઢવામાં આવી રહ્યું છે તેના માટે કહે છે કે તે નાજાઈઝ છે ! સાતસો વરસોના લાંબાકાળમાં જે હજારો આલિમો તથા મશાઈખ તથા ફકીહો તથા ઔલિયાએ દુરૂદના જાઈઝ હોવા પર અમલી રીતે મોહર મારી છે તેના બારામાં એ ફેંસલો કરવો ઉઘાડી ગુમરાહી ગણાશે કે તેઓ તમામે તમામ એક નાજાઈઝ તથા હરામ ચીજને પાળનાર પોષનાર હતા ! સાતસો વરસના સર્વ ઉલમા તથા મશાઈખને ગુમરાહ ઠરાવવાના બદલે એ ફેંસલો કરવો આપણા માટે આસાન છે કે આજે જે તબકો (અમુક કિતાબો તથા પુસ્તિકાઓ પઢીને) આ દુરૂદનો મુખાલિફત (વિરોધ) કરી રહ્યો છે તે ગુમરાહ તથા બદ્‌અકીદા છે. ઈલ્મ તથા તકવો, ખુદાનો ડર અને હક્ક ગોઈમાં આજના લોકો પાછલા સાતસો વરસના આલિમો તથા આમ લોકોથી હરગિઝ નથી વધી શક્તા.

**(૨)** દુરૂદે ઈબ્રાહીમીનું મનકૂલ હોવું હરગિઝ એ વાતને જરૂરી નથી કરતું કે એના સિવાય દુરૂદ શરીફના જેટલા અન્ય તરીકા છે જેને પઢવું નાજાઈઝ તથા હરામ છે ! ૧૪૦૦ વરસની લાંબી મુદ્દતમાં હદીષ તથા ફિકહના ઈમામો તથા ઉમ્મતના મહાન બુઝુર્ગોની લાખો કિતાબો આપણી સમક્ષ છે તેના શરૂઆતના ખુત્બામાં જેટલા પણ દુરૂદો સલામના શબ્દો લખવામાં આવ્યા છે ન તો તે દુરૂદે ઈબ્રાહીમીમાં છે અને તો દુરૂદે ઈબ્રાહીમીની જેમ હદીષની કિતાબોમાં નકલ થયેલ છે. સર્વ લેખકોએ પોત પોતાની પસંદના પ્રમાણે કિતાબના પ્રારંભમાં દુરૂદો સલામના શબ્દો લખ્યા છે. તો શું એના આધારે કાશ્મિરના આ નવા મુઅલ્લિમો ૧૪૦૦ વરસના સર્વ લેખકોને બિદઅત તથા ગુમરાહીના શિકાર ઠરાવશે ?!

અને એટલા દૂર શા માટે જઈએ ! ખૂદ વર્તમાનકાળના હજારો લેખકો છે જેમાં દેવબંદીઓ, અહલે સુન્નત બરેલ્વી, અહલે હદીષ, જમાઅતે ઈસ્લામી, નદવીઓના આલિમો પણ દુરૂદો સલામના જે શબ્દો વાપરે છે તે ન તો દુરૂદે ઈબ્રાહીમી છે અને ન તો દુરૂદે ઈબ્રાહીમીની જેમ હદીષની કિતાબોમાં નકલ થયેલ છે. પરંતુ તેમ છતાં તેમની વિરૂધ્ધ કોઈ ટીકાની જીભ નથી ખોલતુ, ન લેખકોને બિદઅતી તથા ગુમરાહ ઠરાવવામાં આવે છે.

**(૩)** તદ્‌ઉપરાંત આજે ઉર્દૂ, ફારસી તથા અરબીમાં હજારો મન્ઝૂમ દુરૂદો સલામ છે જેના શબ્દો હદીષની કિતાબોમાં નકલ થયેલા નથી તેમ છતાં કોઈ પણ તેને હરામ અથવા નાજાઈઝ નથી કહેતું, કેવળ હિંદુસ્તાન તથા પાકિસ્તાનમાં જ નહીં બલ્કે રૂએ ઝમીનની સર્વ મુસ્લિમ ઉમ્મતે કશાય નકાર વિના તેને સ્વીકારી લીધેલ છે. જે લોકો આ આધાર પર કાશ્મિરમાં ચાલતા દુરૂદો સલામને નાજાઈઝ તથા હરામ કહી રહ્યા અને કહે છે કે આ દુરૂદ શરીફ ન તો કિતાબ તથા સુન્નતના પ્રમાણે છે અને ન સલફ તથા ખલફની રિવાયતોના મુજબ છે તો એમનું આવું કહેવું કેવળ તેમની અજ્ઞાનતા તથા પોતાના ગુમરાહ કરનારા દિમાગની ઉપજ છે, જેનો કોઈ ઈલાજ નથી !

**(૪)** ફર્ઝ તથા સુન્નત નમાઝના ખત્મ થયા બાદ મોટા અવાજથી દુરૂદો સલામ પઢવાને જો નાજાઈઝ તથા હરામ ઠરાવવામાં આવે તો મસ્જિદોમાં નમાઝ બાદ મોટા અવાજે વાઅઝ તથા તકરીરો કરવી પણ નાજાઈઝ તથા હરામ થશે. જ્યારે કે જે લોકો બુલંદ અવાજથી દુરૂદો સલામ પઢવાની મનાઈ કરી રહ્યા છે તેઓ પણ કાશ્મિરની મસ્જિદોમાં મોટા અવાજે એલાનો પણ કરે છે અને વાઅઝ તથા તકરીરો પણ કરે છે અને તેમને કોઈ પણ મના નથી કરતું કે એનાથી નમાઝમાં ખલેલ પડે છે !

**સારાંશ** કે જે લોકો કાશ્મિરમાં રીવાજ પામેલ દુરૂદો સલામને નાજાઈઝ કહી રહ્યા છે તેમની પાસે મના કરવાના માટે કુર્આન તથા હદીષથી કોઈ દલીલ મૌજૂદ નથી. તો હવે તેનું કારણ એ સિવાય અન્ય કાંઈ નથી કે મુસલમાનોનાં દિલોમાં તેઓ મહબ્બતે રસૂલ તથા હુબ્બે ઔલિયાનો કોઈ જઝબો જીવંત હાલમાં જોવા ચાહતા નથી.

**(૫)** **યાદ રાખશો કે યા રસૂલલ્લાહ !** અને **યા નબીયલ્લાહ !** ની સાથે દુરૂદો સલામના શબ્દો કાશ્મિરના સહીહુલ અકીદા આલિમો તથા મુસલમાનોના ઉપસ્થિત કરેલા નથી બલ્કે આ શબ્દોને અત્તહિય્યાતમાં પણ સામેલ કરી દેવામાં આવેલ છે, જેથી કરીને નમાઝી મસ્જિદોમાં આ શબ્દોની સાથે હુઝૂરને સલામ કરે. અને એ પણ સાંભળી લો કે આ શબ્દોની સાથે રસૂલે કરીમ ﷺ ની બારગાહમાં સલાતો સલામની પેશકશ કેવળ કાશ્મિરની મસ્જિદો સાથે ખાસ નથી, બલ્કે મસ્જિદે નબવી શરીફ હુઝૂર અકરમ ﷺ ના રોઝા પાક પર આ જ શબ્દો સાથે આખા જગતના મુસ્લિમો હુઝૂરને સલામ પેશ કરે છે.

કાશ્મિરી મુસલમાનોના માટે વિચારવાપાત્ર વાત એ છે કે જ્યારે વહાબી નજદીઓની સત્તા હેઠળ આ સલામ ત્યાં બંધ ન થઈ શકી ! તો કશ્મિરની વાદીમાં જ્યાં આશિકાને રસૂલની સત્તા છે ત્યાં આ સલામ કઈ રીતે બંધ થઈ શકે છે ?! હવે જોવાનું એ છે કે કાશ્મિરના ગૈરતમંદ તથા સરફરોશ મુસલમાનો થોડાક મોલ્વીઓને ખાતર પોતાના રસૂલને છોડે છે અથવા પોતાના રસૂલને ખાતર તે મોલ્વીઓને ઠુકરાવી દે છે ?! સાતસો વરસનો સરમાયો જો આ રીતે લૂંટાતો રહ્યો તો થોડાક વરસો બાદ કાશ્મિરના મુસલમાનો પાસે શું બાકી રહી જશે ?! તેમણે જોઈએ કે પોતાના અકીદા અને પોતાના બુઝુર્ગોના મસ્લકની હિફાઝતના માટે તેઓ પોતાની સફોને વ્યવસ્થિત કરે અને બાતિલ કુવ્વતોની સાઝિશોને નિષ્ફળ બનાવે. વસલ્લાહુ તઆલા અલા ખૈરિ ખલ્કિહી મુહમ્મદિંવ વ આલિહી વસહ્‌બિહી અજમઈન.

**–(લખનાર) અર્શદુલ કાદરી,**

*(બાની વ મોહતમિમ જામિઆ હઝરત નિઝામુદ્દીન ઔલિયા–દિલ્હી, સ્ટ્રીટ નંબર–૨૨–ઝાકિર નગર, દિલ્હી–૨૫, બહવાલા રઈસુલ કલમ નંબર જામે નૂર, દિલ્હી–ઈ.સ. ૨૦૦૨)*

☆ ★ ✪ ✪ ★

# ફઝાઈલે શાબાનુલ્ મોઅઝ્ઝમ

કાર્યાલય

હદીષે પાકમાં સરકારે દો જહાં ﷺ એ ફર્માવ્યું કે, "શાબાન મારો મહીનો છે." આ પરથી હુઝૂર ﷺ ને આ મહીનો કેટલો પ્યારો હશે તેનો અંદાઝો લગાડી શકાય છે. આજે યહૂદો નસારાની ચાલે ચાલીને ખૂદ મુસલમાનો અવળા પાટે ચઢી ગયા છે. નવી પેઢીને આ મહીનાઓની ફઝીલત તથા બરકતોની ખબર નથી ન જાણવાનો ઈન્ટરેસ્ટ છે ! આજે તો ક્રિકેટની સીઝન આવતી હોય છે તો તેની તથા વિવિધ સિરયલોની તેમજ વિ□સુંદરી, દેશ સુંદરી.... વગેરે હરિફાઈઓના પ્રોગ્રામોની ખબર પહેલેથી રખાય છે અને તેનાં દ્રશ્યોની એક પળ પણ ન ચૂકાય એ માટે સહકુટુંબ મજા માણવાના પ્રોગ્રામો સેટ થતા રહે છે. અફસોસ ! કે આશિકાને રસૂલના દાવેદારો રસૂલલ્લાહના મહીનાના મહત્વથી, તેની અદબથી મેહરૂમ રહે છે ! આવો ! ભાઈઓ તથા બહેનો ! આ મુબારક મહીનાનું મહત્વ સમજો અને તેના ફયૂઝથી માલમાલ બનો.

ઈસ્લામી આઠમો મહીનો શાબાન છે. તેનું નામ શાબાન હોવાનું કારણ એ છે કે શાબાન તશઅબથી નીકળેલ છે એનો અર્થ તફર્રક (વહેંચણી) થાય છે. આ મહીનામાં પણ ખૂબ ભલાઈ વહેંચાય છે તેમજ બંદાઓને રોજી આ મહીનામાં વહેંચાય છે.

હદીષ શરીફમાં છે કે શાબાનને શાબાન એટલા માટે કહે છે કે એમાં રોઝાદારોના માટે ખયરે કષીર (અઢળક ભલાઈ)ની વહેંચણી થાય છે. એટલે સુધી કે તે જન્નતમાં દાખલ થઈ જાય છે. *(માષબત મિનસ્સુન્નહ્, પેજ-૧૪૧)*

આ મુબારક મહીનામાં હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ની વિલાદતે પાક થઈ. આ મુબારક મહીનાની ૧૫ મી રાત એટલે શબે બરાતની રાતે મુસ્લિમ ઉમ્મતના ઘણા લોકોની મગફેરત થાય છે. આ જ મહીનાની સોળમી રાતે અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺ ની મરજીના પ્રમાણે કા'બાને કિબ્લો બનાવી આપ્યો. એ અગાઉ મુસલમાનો બૈતુલ મુકદસ પ્રતિ મોઢુ કરી નમાઝ પઢતા હતા.

## શાબાનની ફઝીલત હદીષની રોશનીમાં

રસૂલે ખુદા ﷺ એ ફર્માવ્યું કે શાબાન જે રજબ તથા રમઝાનની વચ્ચેનો એક મહીનો છે તેની શાનથી લોકો ગાફેલ છે, એમાં બંદાઓના અમલો ઉઠાવવામાં આવે છે અને **મને એ પ્રિય છે કે મારા અમલો એ હાલમાં ઉઠે કે હું રોઝાદાર હોઉં.** *(હવાલો ઉપર મુજબ, પેજ-૧૪૧)*

હઝરત ઉમ્મુલ્ મો'મિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કે **નબી કરીમ ﷺ ને સર્વ મહીનાઓથી અધિક પ્રિય શાબાન મહીનો હતો.** *(નુઝહતુલ્ મજાલિસ, ભાગ-૧, પેજ-૧૩૧)*

## પ્રથમ શાબાનના નફ્લ તથા રોઝાની ફઝીલત

હુઝૂરે અકરમ ﷺ એ ફર્માવ્યું જે પ્રથમ શાબાનની રાતે **૧૨ રકાત** નફ્લ પઢે દરેક રકાતમાં **અલ્હમ્દુ શરીફ** પછી **કુલ્હુવલ્લાહ** ૫ વાર પઢે તો અલ્લાહ તબારક વ તઆલા તેને **બાર હજાર**

**શહીદોનો સવાબ અતા કરશે** તથા **બાર વરસની ઈબાદતનો સવાબ** તેને માટે લખવામાં આવશે. ગુનાહોથી એવો પાક થઈ જાય છે જાણે હમણા માંના પેટથી જન્મ્યો અને ૮૦ દિવસ સુધીના ગુનાહ નથી લખવામાં આવતા.

તેમ જ જે માણસ શાબાનની પ્રથમ જુમેરાત કે છેલ્લી જુમેરાતે રોઝો રાખશે તો અલ્લાહ તઆલાના કરમના જિમ્મે છે કે તેને જન્નતમાં દાખલ કરે. *(નુઝહતુલ્ મજાલિસ, ભાગ–૧, પેજ–૧૩૧)*

**શબે બરાતની રાત મગફેરત તથા રોજી પામવાની તથા પરેશાનીથી છૂટવાની રાત ! :–**

હદીષ શરીફમાં છે કે શાબાનની પંદરમી રાતમાં ખુદા તઆલાની રહમત નાઝિલ થાય છે. તેના ગયબી કારકૂનો (ફરિશ્તાઓ) તેની સમક્ષ વરસભરનાં આમાલનામાં રજુ કરે છે. ત્યારબાદ અહ્કમુલ્ હાકિમીન પોતાની શફકતથી બંદાઓને પ્યારથી સંબોધન કરે છે :–

''ખબરદાર ! છે કોઈ મગફેરત માંગનાર કે હું તેના ગુનાહોને બખ્શી આપુ. ખબરદાર ! છે કોઈ રોજી માંગનાર કે હું તેને રોજી આપુ. ખબરદાર ! છે કોઈ મુસીબતમાં સપડાયેલો કે હું તેને રાહત બખ્શુ....... ફજ્ર થતાં સુધી રાતભર આ એલાન ચાલુ રહે છે.'' *(મિશ્કાત શરીફ, પેજ–૧૧૫)*

તે લોકો કેટલા ખુશનશીબ છે કે જેઓ આ રાતમાં ઈબાદત કરીને તૌબા કરી પોતાના રબને રાજી કરે છે અને પોતાના ગુનાહોના બોજને હલકો કરે છે અને હલાલ રોજી માંગીને ગૈબી ખજાનાથી માલમાલ થાય છે. બીમારીઓ તથા મુસીબતોથી પનાહ માંગીને તેનાથી મુક્તિ પામે છે.

હદીષમાં છે : બેશક ! અલ્લાહ તઆલા શાબાનની ૧૫ મી રાત્રે રહ્મતની તજલ્લી ફર્માવે છે પછી તમામની મગફેરત ફર્માવે છે સિવાય મુશ્રિક, જાદૂગર, જ્યોતિષ, ઝિનાખોર, આદી શરાબી..... એમની બખ્શિશ નથી થતી.

આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ રાત્રે જન્નતુલ બકીઅની ઝિયારત કરી હતી. આપણે પણ કબ્રસ્તાન પહોંચી મુડદાંઓની મગફિરત માંગવી જોઈએ.

## શબે બરાતના નફલ

આ મુબારક રાત્રીએ ગુસલ કરે અને બે રકાત નમાઝ પઢે ઘણો જ સવાબ મળશે.

હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું છે કે, ''જ્યારે શાબાનની ૧૫ મી રાત્રી હોય ત્યારે નવાફિલ પઢો અને ૧૫ મીના દિવસે રોઝો રાખો નિઃશંક ! તે રાત બરકતવાળી છે.

૧૪ મી શાબાનના ગુરૂબ આફતાબ (સૂર્યાસ્ત)ના સમયે ૪૦ વાર **''લા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લા હિલ્ અલીય્યીલ્ અઝીમ''** પઢે અને ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે.

## દુઆએ નિસ્ફ શાબાન

શાબાનની ૧૫ મી રાત્રે મગરિબની નમાઝ બાદ છ રકાતો બબ્બે કરીને પઢે. પ્રથમ બે રકાત વખતે ભલાઈની સાથે લાંબી ઉમરની, બીજી બે રકાત વખતે બલાઓ દૂર થવાની, ત્રીજી બે રકાત મખ્લૂકનો મોહતાજ ન થવાની નિય્યતથી પઢે, દરેક બે રકાત બાદ સૂરએ યાસીન એક વાર અથવા સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) ૨૧ વાર અને ત્યાર બાદ છેવટે દુઆએ નિસ્ફ શાબાનુલ્ મુઅઝ્ઝમ પઢે :–

اَللّٰهُمَّ يَا ذَا الْمَنِّ وَلَا يُمَنُّ عَلَيْهِ يَا ذَا الْجَلَالِ
وَالْإِكْرَامِ ط يَا ذَا الطَّوْلِ وَالْإِنْعَامِ لَا إِلٰهَ إِلَّا
أَنْتَ ظَهْرَ اللَّاجِيْنَ ط وَجَارَ الْمُسْتَجِيْرِيْنَ ط وَ
أَمَانَ الْخَائِفِيْنَ ط اَللّٰهُمَّ إِنْ كُنْتَ كَتَبْتَنِيْ عِنْدَكَ
فِيْ أُمِّ الْكِتٰبِ شَقِيًّا أَوْ مَحْرُوْمًا أَوْ مَطْرُوْدًا أَوْ
مُقَتَّرًا عَلَيَّ فِي الرِّزْقِ فَامْحُ اللّٰهُمَّ بِفَضْلِكَ

شَقَاوَتِي وَحِرْمَانِي وَطَرْدِي وَاقْتِتَارَ رِزْقِي وَاَثْبِتْنِي
عِنْدَكَ فِي اُمِّ الْكِتٰبِ سَعِيْدًا مَّرْزُوْقًا مُّوَفَّقًا
لِّلْخَيْرَاتِ فَاِنَّكَ قُلْتَ وَقَوْلُكَ الْحَقُّ فِي كِتَابِكَ
الْمُنْزَلِ عَلٰى لِسَانِ نَبِيِّكَ الْمُرْسَلِ يَمْحُوا اللّٰهُ مَا
يَشَآءُ وَيُثْبِتُ وَعِنْدَهٗ اُمُّ الْكِتٰبِ اِلٰهِيْ بِالتَّجَلِّي
الْاَعْظَمِ فِي لَيْلَةِ النِّصْفِ مِنْ شَهْرِ شَعْبَانَ الْمُكَرَّمِ
الَّتِيْ يُفْرَقُ فِيْهَا كُلُّ اَمْرٍ حَكِيْمٍ وَّيُبْرَمُ اَنْ تَكْشِفَ
عَنَّا مِنَ الْبَلَآءِ وَالْبَلْوَآءِ مَا نَعْلَمُ وَمَا لَا نَعْلَمُ
وَاَنْتَ بِهٖ اَعْلَمُ اِنَّكَ اَنْتَ الْاَعَزُّ الْاَكْرَمُ وَصَلَّى اللّٰهُ
تَعَالٰى عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰى اٰلِهٖ وَصَحْبِهٖ وَسَلَّمَ
وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ۝

**અલ્લાહુમ્મ યા ઝલ્ મન્નિ વલાયુમન્નુ અલૈહિ. યા ઝલ્ જલાલિ વલ્ ઈકરામ. યા ઝત્તૌલિ વલ્ઈન્આમિ લાઈલાહ ઈલ્લા અન્ત ઝહ્રલ્લાજીન. અલ્લાહુમ્મ ઈન્કુન્ત કતબ્તની ઈન્દક ફી ઉમ્મિલ્કિતાબિ શકિય્યન્ અવ્ મહરૂમન્ અવ્ મત્રૂદન્ અવ્ મુક્તરન્ અલૈય ફિર્રિઝ્કિ ફમ્હુ. અલ્લાહુમ્મ બિ ફદ્લિક શકાવતી વહિર્માની વતર્દી વકતિતાર રિઝ્કી. વ અષ્બિત્ની ઈન્દક ફી ઉમ્મિલ્ કિતાબિ સઈદમ્ મર્ઝુકમ્ મુવફ્ફકલ્ લિલ્ ખૈરાતિ. ફઈન્નક કુલ્ત વકૌલુલ્હક્ક. ફી કિતાબિકલ્મુન્ઝલ. અલા લિસાનિ નબિય્યિલ્ મુર્સલ. યમ્હુલ્લાહુ મા યશાઉ વયુષ્બિતુ વઈન્દહૂ ઉમ્મુલ કિતાબ. ઈલાહી બિત્તજલ્લીલ્ અઅ્ઝમ. ફી લૈલતિન્નિસ્ફિ મિન્શહ્રિ શાબાનિલ્ મુકર્રમ. અલ્લતી યુફરકુ ફીહા કુલ્લુ અમ્રિન્ હકીમિંવ્ વ યુબ્રમ. અન્તકશિફ અન્ના મિનલ્ બલાઈ વલ્બલ્વાઈ મા નઅ્લમુ વમા લા નઅ્લમ. વ અન્તબિહી અઅ્લમુ ઈન્નક અન્તલ્ અઅઝ્ઝુલ્ અકરમ. વ સલ્લલ્લાહુ તઆલા અલા સૈયિદિના મુહમ્મદિંવ્ વઅલા આલિહી વસહ્બિહી વસલ્લમ. વલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ્ આલમીન.**

**ઈશાની નમાઝ બાદ :-**

આઠ રકાત નફ્લ નમાઝ બે–બે રકાતની નિય્યતથી અદા કરે. દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી **"સૂરએ કુલ્હુવલ્લાહુ અહદ"** પાંચ વખત પઢે. આ નમાઝ પઢનાર ગુનાહોથી પાક સાફ થશે અને તેની દુઆઓ કબૂલ થશે તેમ જ ઘણો મોટો સવાબ પ્રાપ્ત થશે.

**ચાર રકાત એક સલામથી પઢે :-**

દરેક રકાતમાં **અલહમ્દુ** પછી **સૂરએ ઈખ્લાસ** (કુલ્હુવલ્લાહ) ૫૦ વાર પઢે.

**બે રકાત નમાઝ પઢે :-**

દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી આયતુલ કુર્સી એકવાર અને સૂરએ ઈખ્લાસ ૧૫ વાર પઢે. સલામ ફેરવ્યા પછી ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે. આ નમાઝ પઢવાવાળાની રોઝીમાં બરકત થશે તેમજ દુઃખ દર્દથી રક્ષણ મળશે અને ગુનાહોથી બખ્શિશ થશે.

**૧૪ રકાત નમાઝ :–**

બે–બે રકાતની નિય્યતથી પઢે. નમાઝ પૂરી કર્યા પછી ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે અને દુઆ માંગે. ઈન્શાઅલ્લાહ ! કબૂલ થશે.

**૧૦૦ રકાત નમાઝ :-**

આ મુબારક રાત્રીએ બે–બે રકાતની નિય્યતથી ૧૦૦ રકાત નફ્લ નમાઝ પઢે જેમાં સૂરએ ફાતેહા (અલહમ્દો) પછી સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) ૧૦ વાર પઢે. આ નમાઝને "સલાતુલ ખૈર" કહે છે.

આ નમાઝ બાબત ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہ એ રિવાયત કરી છે કે, ત્રીસ સહાબીઓએ મને કહ્યું કે, "જે વ્યક્તિ આ નમાઝને આ રાતમાં પઢશે અલ્લાહ તઆલા તેની તરફ ૭૦ વખત નિહાળશે અને દરેક નઝરના બદલામાં તેની ૭૦ હાજતો પૂરી કરશે જેમાં બધાથી ઉત્તમ મગફેરત છે. (ઈન્શાઅલ્લાહ ! સુબ્હાનલ્લાહ !) *(સંપૂર્ણ)*

બ
ઝ્મે
ઔ
લિ
યા

# હઝરત ઈમામ જા'ફર સાદિક

(رحمة الله عليه)

[ઉર્સ : ૨૨-રજબુલ મુરજ્જબ]

-કાર્યાલય

આપનું નામ મુબારક જઅ્ફર સાદિક અને કુન્નિયત અબૂ મુહમ્મદ છે. આપ અહલે બયતે અત્હારમાંથી છે. આપની ખૂબીઓ તથા કરામતો અગણિત છે અને સાચા અર્થમાં વારિસે નબી પણ છે. આપના કમાલની ઝાંખી કરાવતા અમુક પ્રસંગો જોઈ લઈએ :-

## ★ એક નાસ્તિકનો ઈસ્લામ સ્વીકાર ★

અલ્લાહની હસ્તીનો એક મુન્કિર હતો તેની સાથે હઝરત ઈમામ સાહબની વાતચીત થઈ તો તે નાવિક બોલ્યો કે ખુદા કોઈ નથી ! (મઆઝલ્લાહ !) હઝરત ઈમામ સાહબ رضی اللہ عنہ એ તેને ફર્માવ્યું કે તમે જહાઝ ચલાવનાર છો તો એ જણાવો કે ક્યારેક સમુદ્રના તોફાનનો સામનો થયો છે ? તો બોલ્યો, હા ! મને સારી રીતે યાદ છે કે એકવાર સમુદ્રના સખ્ત તોફાનમાં મારું જહાઝ ફસાઈ ગયું હતું. આપે ફર્માવ્યું, પછી શું થયું ? કહ્યું, મારું જહાઝ ડૂબી ગયું અને સૌ મુસાફરો ડૂબી ગયા પણ જહાઝનો તખ્તો મારા હાથ લાગી ગયો જેના સહારે તરતો તરતો હું કિનારાની નજીક પહોંચી ગયો. પણ હજી કિનારો દૂર હતો એવામાં તખ્તો પણ હાથથી છૂટી ગયો. પછી મેં જાતે જ કોશિશ કરી અને હાથ પગ મારીને ગમે તે રીતે કિનારે પહોંચી ગયો. હઝરતે ફર્માવ્યું,

લો ! હવે સાંભળો ! જ્યારે તમે તમારા જહાઝ પર સવાર હતા ત્યારે તમને તમારા જહાઝ પર ભરોસો હતો કે આ જહાઝ પાર લગાડી દેશે અને જ્યારે તે ડૂબી ગયું તો તમારો ભરોસો તખ્તા પર હતો. જ્યારે તે પણ હાથથી છૂટી ગયો તો હવે વિચારીને જણાવો કે તે બેસહારા તથા લાચારીની હાલતમાં પણ શું તમને એ ઉમ્મીદ હતી કે હજી પણ જો કોઈ બચાવવા ચાહે તો હું બચી શકું છું ?! તો બોલ્યો, હા ! ઉમ્મીદ તો હતી. હઝરતે ફર્માવ્યું, પણ તે ઉમ્મીદ કોનાથી હતી કે કોણ બચાવી શકે છે ? હવે તે નાસ્તિક ખામોશ થઈ ગયો. ત્યારે આપે કહ્યું કે, સારી પેઠે યાદ રાખો કે તે લાચારીની હાલતમાં તમને જે હસ્તીની ઉપર ઉમ્મીદ હતી તે જ ખુદા છે અને તેણે જ તમને બચાવી લીધા હતા. નાવિક આ સાંભળીને હોશમાં આવી ગયો અને ઈસ્લામ કબૂલી લીધો. *(તફસીરે કબીર, પેજ-૨૨૧, ભાગ-૧)*

## ★ આપની વિલાયતનો કમાલ ! ★

ખલીફા મન્સૂરે એક રાત્રે પોતાના વઝીરને હુકમ આપ્યો કે જા'ફર સાદિકને મારી સમક્ષ હાજર કરો જેથી હું તેમને કત્લ કરી દઉં ! વઝીરે અર્ઝ કરી કે દુનિયાને ત્યજીને જે શખ્સ ગોશાનશીન થઈ ગયો હોય તેને કત્લ કરવો બુધ્ધિગમ્ય નથી. પરંતુ ખલીફાએ ગુસ્સે થઈને કહ્યું કે, મારી આજ્ઞાનું પાલન કરો ! જેથી મજબુરન્ જ્યારે વઝીર જા'ફર સાદિકને લેવા ચાલ્યો ગયો. તો મન્સૂરે ગુલામોને હિદાયત કરી દીધી કે જે સમયે હું મારા માથેથી તાજ ઉતારું તો તમે તરત જ જા'ફર સાદિકને કત્લ કરી નાખજો. પરંતુ જ્યારે હઝરત . DFD ÔŒZ ; FNS رضی اللہ عنہ વઝીરની સાથે તશરીફ લાવ્યા તો આપની અઝમત તથા જલાલે ખલીફાને એટલા પ્રમાણમાં આંજી નાખ્યો કે વ્યાકુળતાપૂર્વક આપના સ્વાગતના માટે ઉભો થઈ ગયો અને ન કેવળ આપને ઉચ્ચ સ્થાને બેસાડયા બલ્કે ખૂદ પણ અદબભેર આપની સમક્ષ બેસીને આપની જરૂરિયાત તથા

હાજતોના વિશે પૂછવા લાગ્યો. આપે ફર્માવ્યું કે મારી ખાસ મહત્વની જરૂરત એ છે કે હવે પછી ફરીથી કદી મને અહીં બોલવવામાં ન આવે જેથી મારી ઈબાદતમાં ખલેલ ન પડે. જેથી મન્સૂરે વાયદો કરીને ઈઝ્ઝતો એહતેરામની સાથે આપને વિદાય કર્યા. પરંતુ આપના દબદબાની એના પર એવી અસર પડી કે ધ્રુજતો થઈ ગયો અને સંપૂર્ણ ત્રણ રાત દિવસ બેહોશ રહ્યો. અમુક રિવાયતમાં છે કે ત્રણ નમાઝો કઝા થવાની હદ સુધી બેહોશી છવાયેલી રહી. ખલીફાની આ હાલત જોઈને વઝીર તથા ગુલામ આશ્ચર્યમાં પડી ગયા અને જ્યારે ખલીફાને તેની આ સ્થિતિ વિશે પૂછયું તો તેણે જણાવ્યું કે, જ્યારે હઝરત જા'ફર સાદિક મારી પાસે તશરીફ લાવ્યા તો તેમની સાથે એક એટલો મોટો અજગર હતો જે પોતાનાં ઝડબાંઓ વચ્ચે પૂરા ચબૂતરાને સમાવી શક્તો હતો અને તે પોતાની ભાષામાં મને કહી રહ્યો હતો કે જો તેં જરા પણ ગુસ્તાખી કરી તો તને ચબૂતરા સમેટ ગળી જઈશ ! જેથી તેનો ડર મારા પર છવાઈ ગયો અને મેં આપનાથી માફી માંગી લીધી. *(તઝકેરતુલ્ ઔલિયા)*

## ★ આ છે આલે રસૂલ બુઝુર્ગતરીન હસ્તીની આજીજી ! ★

એકવાર હઝરત દાઊદ તાઈ رحمۃ اللہ علیہએ આપની પાસે હાજર થઈને અર્ઝ કરી કે આપ અહ્‌લે બયતમાંથી છો એટલા માટે મને કોઈ નસીહત ફર્માવો ! પરંતુ આપ ખામોશ રહ્યા અને જ્યારે ફરીવાર હઝરત દાઊદ તાઈએ કહ્યું કે, અહ્‌લે બયત હોવાના લીધે અલ્લાહ તઆલાએ આપને જે ફઝીલત આપી છે એના લેહાઝથી મને નસીહત કરવી આપના પર ફર્ઝના સ્થાને છે. આ સાંભળીને આપે ફર્માવ્યું કે, **"મને તો એ ડર લાગેલો છે કે કિયામતના દિવસે ક્યાંક મારા નાના જાન હાથ પકડીને મને એ પ્રશ્ન ન કરી બેસે કે તેં ખૂદ મારી પયરવી કેમ ન કરી ? એટલા માટે કે નજાતનો સંબંધ નસબથી નથી બલ્કે નેક અમલો પર આધારિત છે."** આ સાંભળીને દાઊદ તાઈને ખૂબ જ ઈબ્રત થઈ ! અને અલ્લાહ તઆલાથી અર્ઝ કરી કે જ્યારે અહ્‌લે બયત પર ખૌફના પ્રભાવની આ સ્થિતિ છે તો હું કઈ ગણત્રીમાં આવુ છું ! અને કઈ ચીજ પર ફખ્ર કરી શકું છું ! *(તઝકેરતુલ્ ઔલિયા)*

**નોંધ** : આ મહાન બુઝુર્ગો મહાન આ'લે રસૂલ તથા વિલાયતના માલિક હોવા છતાં પોતાને કેવા તુચ્છ સમજીને ખુદાથી કેટલા ડરતા હતા ?! તો આપણા જેવા ગુનેહગારોએ તો કેટલા ડરવું જોઈએ ! આપણે કેવળ **ફાતેહા દેવડાવી** કે **ન્યાઝ કરીને છટકી ન જવું ન જોઈએ**, બલ્કે સાચી મહોબ્બત આ'લે રસૂલ તથા બુઝુર્ગોથી હોય તો તેમના કહ્યા તથા કર્યા અનુસાર અમલોના માર્ગે ચાલવું જોઈએ. મૌલા તઆલા બુઝુર્ગોના વસીલાથી આપણા દિલોને ખૌફે ખુદાથી ભરી આપે. (આમીન)

## ★ આપના મુબારક ઈર્શાદો ★

★ જે ગુનાહો પર શર્મિંદો થાય તે **ફર્માબરદાર** છે.

★ **મો'મિનની ઓળખ** એ છે કે નફ્સની સરકશીનો મુકાબલો કરતો રહે. અને **આરિફ (વલી)ની ઓળખ** એ છે કે તે અલ્લાહની ફર્માબરદારીમાં સતત મશગૂલ રહે. (એટલે કે વલી હશે તે રબની નાફર્માનીમાં, હરામ કામોમાં કદી નહીં પડે.)

★ **કરામતવાળો તે છે** જે પોતાની જાતના માટે નફ્સની સરકશી સામે જંગ માટે તૈયાર રહે (નફ્સનો ગુલામ ન બને) કેમ કે નફ્સથી જંગ કરવો એ જ અલ્લાહ સુધી પહોંચવાનો સબબ છે.

★ પાંચ પ્રકારના લોકોની સોહબતથી બચવું જોઈએ : **(૧) જૂઠાથી** કે તેનાથી મેળાપ ધોકામાં ફેંકી દે છે. **(૨) મૂર્ખથી** કે જેટલો તે તમને લાભ પહોંચાડવા ચાહશે એટલું જ તે તમને અધિક નુકસાન કરશે. **(૩) કંજૂસથી** કે તેની સોહબતથી બેહતરીન સમય વેડફાઈ જાય છે. **(૪) ડરપોકથી** કે તે સમય આવશે સાથ છોડી આપે છે. **(૫) ફાસિકથી** કે તે એક કોળિયાની લાલચમાં દૂર થઈને મુસીબતમાં નાખી દે છે. *(સંપૂર્ણ)*

# સ્વચ્છ સમાજના ઘડતરમાં નવયુવાનોનો રોલ

★ **લેખક** : મુહમ્મદ ઝિયાઉર્રહ્‌માન અલીમી ★ **અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી

પ્યારા વાંચકો ! આમ તો સમાજને સ્વચ્છ તથા નેક બનાવવામાં દરેક ઈન્સાનનો રોલ તથા ભાગ રહે છે અને ભવ્ય ભવિષ્યની તામીરમાં સમાજના દરેક સપુતનો કિરદાર હોય છે, પણ જો ખૂબ જ ધ્યાનપૂર્વક અને બારીક નજરે જોવામાં આવે તો આ વાત ખૂબ જ સ્પષ્ટ થઈ સામે આવે છે કે પાકીઝા સમાજના ઘડતર તથા સમાજના ઉજ્જવળ ભવિષ્યની તામીરમાં નવયુવાન ગૃપનો રોલ બીજા અન્ય લોકોથી ઘણો જ અધિક હોય છે. અરબી ભાષાની એક પ્રખ્યાત કહેવત છે :–

**અર્થાત** : "ઉમ્મતના નવયુવાનો ભવિષ્યના બીયારણ (બીજ) રૂપ છે." જેના ઘણાયે કારણો તથા સબબો છે.

પરંતુ ઉપરોક્ત હકીકતનું સૌથી મોટું કારણ એ છે કે નવયુવાન પોતાના આ ખૂબસૂરત સમયગાળામાં જિંદગીના એવા ઠેકાણે હોય છે જેનો સંબંધ બાળપણ તથા વૃદ્ધાવસ્થા બંનેથી હોય છે. બાળપણથી સંબંધ એ રીતે કે તેના પસાર થયા પછી પણ તેનામાં બાળપણાની અમુક ટેવો બાકી રહે છે અને વૃધ્ધાવસ્થાથી તેનો સંબંધ એ રીતે હોય છે કે નવયુવાન બાળપણથી પસાર થયા પછી એ મંઝિલ પર પહોંચી ગયો છે જેનો સંબંધ ડાયરેક્ટ વૃદ્ધવસ્થાથી છે અને નવયુવાનીના જમાનામાં તેનું દિમાગ એટલી હદે મજબૂત થઈ જાય છે કે તેમાં વૃધ્ધાવસ્થાની અમુક નિશાનીઓ જોવા મળે છે. જેના કારણે તે પોતાનો પ્રભાવ બાળકો તથા વડીલો પર પણ નાખે છે, તેનાથી સમાજના બાળકો પણ પ્રભાવિત થાય છે તથા વડીલો પણ અસર મેળવે છે. મતલબ કે તેની અસરો ઘણે દૂર સુધી જોવા મળે છે. માટે જો આ સમયમાં તેના કદમો ખરાબ કૃત્યો તથા ગલતરાહની મોજોમાં ન ફસાય અને તેની જિંદગીની બુલંદીનો સિલસિલો અમલી તથા ફિક્રી, સંસ્કારિક તથા વૈચારિક રીતે દુરુસ્ત રહ્યો તો તેની એકાંત તથા વ્યક્તિગત અને સામુહિક જિંદગી એવી બની જાય જેના પર બંને આલમને રશ્ક થાય. અને તેની સુંગધથી માત્ર એક જ આલમ નહીં પણ મિલ્લતની નસલો મહેકી ઉઠશે. અને તેનાથી જન્મ લેનાર તેની નવી નસલો પણ તેના નક્શે કદમને મિશ્અલે રાહ (દીવાદાંડી) બનાવશે, તેની ફિકર તથા અમલ (ચિંતન તથા વર્તન) અને ટેવો તથા આદતોને અપનાવશે. પણ જો તેના કદમ દુનિયાની રંગીનીઓથી ધોકો ખાઈને ખરાબ રસ્તા પર પડી જશે અને ફિક્રી તથા અમલી રીતે ઉંધા રસ્તાના શિકાર થઈ જશે તો આખી જિંદગી ફસાદનો શિકાર થઈ જહન્નમનો નમૂનો બની જશે અને તેના ભવિષ્યના આસમાન પર એવી ઘનઘોર તથા કાળી ઘટાઓ છવાઈ જશે જેના અંધારામાં તેના નુત્ફાથી દુનિયામાં આવનાર પેઢીઓ પણ પોતાની મંઝિલથી ભટકી જશે અને તે આવનાર વંશજ પણ ફિક્રી તથા સંસ્કારિક બુરાઈનો શિકાર થઈને મિલ્લતની પીડા અને સમાજ માટે તકલીફ તથા સતામણીનું કારણ બની જશે.

જો સંપૂર્ણ મગ્નતા સાથે નવયુવાનોના અખ્લાક તથા કિરદારના પ્રભાવ તથા અસર કબૂલ કરવાના મસ્અલા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો આ હકીકત ખૂબ જ સ્પષ્ટપણે સામે આવે છે કે

સમાજની નવી પેઢીઓ જ સૌથી વધુ નવયુવાનોથી પ્રભાવિત થાય છે અને તેઓની અસર કબૂલ કરે છે અને નવયુવાનોના અખ્લાક તથા ખયાલોની સારી અથવા બુરી અસરો સમાજના બાળકો પર જ વધુ પડે છે, કારણ કે આમ તો રબ તબારક વ તઆલાએ જિંદગીને ત્રણ દૌરમાં વહેંચી નાખી છે : (૧) બાળપણ (૨) જુવાની (૩) બુઢાપો. અને માણસ આ ત્રણેય દૌરમાં વિવિધ ગતિવિધિઓથી પસાર થતો રહે છે અને વિવિધ અસરો પણ કબૂલ કરતો રહે છે. પણ આ ત્રણેયમાં બાળપણ એવો સમય છે જેમાં બાળક પોતાના આસપાસના માહોલથી ઘણો જ પ્રભાવિત થાય છે તે પોતાના આસપાસના માહોલનો ચુપચાપ અભ્યાસ કરતો રહે છે, તેની ઝબાનમાં બોલવાની તાકાત ન હોવા છતાં તેનું દિમાગ બરાબર કામ કરતું રહે છે જેના કારણે તે પોતાના માહોલમાં પ્રસરી રહેલા ખયાલો તથા આદતો અને ટેવોની અસર સ્વભાવિક રીતે કબૂલ કરે છે. પછી જ્યારે તેની ઝબાનને બોલવાની તાકાત મળી જાય છે તો તે જ ખયાલો તથા ટેવો શબ્દોના રૂપમાં સામે આવે છે સાથોસાથ અમલી રીતે પણ તે આ જ વસ્તુઓનો નમૂનાદાર બને છે.

માટે જો સમાજમાં હાજર નવયુવાનો નેક આદતો તથા સારા સંસ્કાર અને ટેવોના માલિક હશે તો તેના કારણે આપણો સામાજ અને માહોલ પણ પાક તથા સાફ અને સ્વચ્છ બની જશે અને તેમાં ઉછરનાર બાળકો પણ નેક આદતો તથા સારા સંસ્કાર ધરાવનાર બનશે. અને પોતાના પ્રજ્વલિત ભવિષ્ય તરફ ધ્યાન આપતા જોવા મળશે. પરંતુ **જો સમાજમાં રાત દિવસ પસાર કરનાર નવ યુવાનો ખરાબ આદતો અને અસ્વચ્છ સંસ્કાર ધરાવતા હશે અને તેનું ઝહેર પોતાનામાં ઉતારી ચૂક્યા હશે તો પછી આપણે એ ઉમ્મીદ ન રાખવી જોઈએ કે તેઓ પોતાના સમાજને સ્વચ્છતા તથા સભ્યતાનો તોહફો આપી શક્શે તથા સમાજમાં ઉછેર પામનાર બાળકોને ઉચ્ચ વિચારણા તથા સ્વચ્છ આદતોનું શરબત પીવડાવી શક્શે** અથવા તેનાથી પ્રભાવિત થઈ ઉછરનાર નવી પેઢી ફિક્ર તથા નજર (ચિંતન તથા વિચાર) સંસ્કાર તથા સભ્યતા, અમલ તથા કિરદારની ખૂબસૂરતીની પયકર બનશે. આ પ્રકારની ઉમ્મીદો સતાવનાર સ્વપ્નોથી પણ ઉતરતી હૈસિયત ધરાવે છે.

પણ આ સ્પષ્ટ હકીકત છે કે નેક રસ્તો અલ્લાહ તઆલાની તૌફીક વિના નથી મળી શક્તો કારણ કે જુવાની ઈન્સાની જિંદગીનો એ સખત ફિત્નાવાળો સમય છે જેના વિશે તબીબે દો આલમ ﷺ ઈર્શાદ ફર્માવે છે કે જવાની દીવાનગીનો એક ભાગ છે. (મિશ્કાત) ખરેખર આ એવો સમય હોય છે જેમાં એહસાસો તથા જઝબાતનો ભવ્ય રેલો સીનામાં વહેતો હોય છે. પણ ફિક્ર તથા સમજ (ચિંતન તથા સમજદારી) પોતાની ઉચ્ચ મંઝિલે ન પહોંચી હોવાના કારણે તે આ ફિત્નાવાળા સમયની બુરાઈઓનો શિકાર થઈ જાય છે અને તેનો ગુલામ બની જાય છે અને પછી તે એવાં કામો તરફ પોતાના કદમ ઉઠાવે છે જેના કારણે જાનવરોના ગિરોહમાં તેની ગણના થાય છે. આ સમયમાં ઈન્સાન પર જિંદગીના દૌરમાં કદમ રાખવાની અને તેમાંથી કંઈક મેળવવાની અજીબ કૈફિયત હોય છે. અને આવા મોકા પર કોઈ એવા રહનુમા (માર્ગદર્શક)ની જરૂરત હોય છે જે તેના હાથો પકડી સારા અને નેક રસ્તા પર તેને લગાડે અને તેના ડાલમડોલ થતા ખયાલો તથા કમજોર વિચારણાની તાકાતને મજબૂતી તથા એકાગ્રતા બખ્શી શકે અને તેની સેક્સના જઝબાતથી પ્રભાવિત થયેલ અપૂર્ણ અક્કલને સેક્સની બેડીઓથી આઝાદી અપાવી શકે, પછી તે કામયાબી સાથે પોતાની જિંદગીનો સફર સંપૂર્ણ કરી શકે. પણ સામાન્ય રીતે વાલિદૈન (મા બાપ) પોતાના પુત્રની આ ઉમરમાં ગફલતના

શિકાર થઈ જાય છે અને તેની સંસ્કારિક તથા દિમાગી તર્બિયતથી (કેળવણી) વંચિત થઈ જાય છે જેનું પરિણામ એ નીકળે છે કે તે વિવિધ પ્રકારની સામાજિક તથા સંસ્કારિક બુરાઈઓમાં સપડાઈ જાય છે.

જેથી વર્તમાનકાળમાં પણ નવયુવાનોનું ચાલચલન અને તેઓના કાર્યો ઘણા જ ખરાબ છે. આપણે નજર ઉઠાવી નવયુવાનોની જિંદગીને નિહાળીએ છીએ તો આ વાત સ્પષ્ટ થઈ જાય છે કે આ તરક્કી પામેલ સમયમાં પણ આપણી નવયુવાન નસલ વૈચારિક તથા સંસ્કારિક રીતે મેહફૂઝ નથી, બલ્કે તે દીની તથા દુનિયવી તા'લીમ ધરાવતા હોવા છતાં પસ્તીના શિકાર છે, એવું લાગે છે કે તેઓએ જે જ્ઞાન મેળવ્યું છે તેને પોતાના અંતરાત્મામાં વસાવવાની કોશિશ નથી કરી. તેઓનો મોટો ભાગ સંસ્કારિક તથા વૈચારિક બુરાઈઓનો સંગમ લાગે છે. તેઓના દિમાગો તથા ખયાલો સ્પષ્ટપણે ખરાબ બની ગયેલ છે. તેમનામાં ગંદી વાતો, ખરાબ લિટ્રેચર્સ વગેરે તરફ ઝુકાવ ખૂબ સારી રીતે જોવા મળે છે, તેમની તબીયત બેહયાઈ તથા બેશર્મીભર્યા દ્રશ્યો જોવામાં જરા પણ ખચકાટ મેહસૂસ નથી કરતી. અને પોતે તેઓનો કિરદાર પણ તેનું પ્રતિબિંબ પાડે છે. તેઓના દિલોથી વડીલોની ઈજ્જત, નાનાઓ પર મહેરબાની, ઉસ્તાદની તા'ઝીમ, જૂઠુ બોલવાથી પરહેઝ, હસદથી નફરત અને બીજી સ્વચ્છ આદતો અને ટેવો પોટલાં બાંધીને વહી ચૂકી છે ! અને મારા ખયાલથી તેનું અસલ કારણ એ છે કે આ સમયમાં તા'લીમ તો આપવામાં આવે છે પણ તર્બિયત (કેળવણી) આપવાની જરા પણ કોશિશ નથી થતી. વળી ક્યાંક ક્યાંક તો આ બધી બુરાઈઓને સભ્યતા સમજવામાં આવે છે !

જો ફિક્રો અમલની બેદરકારી આ જ રીતે ચાલતી રહેશે અને તેની સુધારણાની કોશિશ કરવામાં નહીં આવે તો તે દિવસ દૂર નથી કે આપણો સમાજ પોતાની સંપૂર્ણ તબાહી તથા બર્બાદીના કસીદા પઢી રહ્યો હશે અને આપણી આવનાર નસલો સંસ્કારિક બેલગામીની એક એવી સડક પર ચાલી રહી હશે જેના પરથી પાછા ફરી નેક રસ્તા પર આવવાનો ખયાલ પણ તેમના દિમાગમાં નહીં આવે. અને આનાથી થનાર મોટુ નુકસાન અને ખોટ માત્ર વરસ કે બે વરસ નહીં પણ સદીઓ સુધી રહેશે અને આપણી આ થોડીક જ નિષ્કાળજીના કારણે સમાજ આપણા પૂર્વજોના મહાન (સંસ્કારિક) વારસાથી પણ વંચિત થઈ જશે. માટે પોતાની જિમ્મેદારીને સમજો અને સમાજ તથા આવનાર આપણી નસલોને આ ભવ્ય નુકસાન તથા ખોટથી બચાવો ! જે આપણા હાથમાં તથા સમાજના નવયુવાનોના હાથમાં છે.

*અગર અબ ભી ન સંભલોગે તો મિટ જાઓગે એ પ્યારે મુસલમાનો !*
*તુમ્હારી દાસ્તાં તક ભી ન હોગી દાસ્તાનો મેં*

માટે ગફલતની ગાઢ નિદ્રામાંથી ઉઠો ! અને પોતાની આવનાર નસલને બચાવો. *(સંપૂર્ણ)*

## અલ્લાહ તઆલા જઝાએ ખૈર અતા કરે

**જનાબ ઐયૂબભાઈ અરગામાવાળા-લંડન** તરફથી મુા. રતનપુર (તા. ઝઘડિયા બાવાગોર પાસે)ની મસ્જિદ બનાવવા તેમજ **જનાબ હાજી મુહમ્મદ માલજી દયાદરાવાળા** તથા **જનાબ મૂસાભાઈ** તથા **જનાબ નિસારભાઈ નબીપુરવાળા** થકી નેત્રંગ મસ્જિદ માટે, તેમજ **જનાબ ગુલામ મોહીયુદ્દીન સાંસરોદવાળા-લેસ્ટર** તથા **જનાબ આદમભાઈ ઘંટીવાળા નબીપુરી** તથા **જનાબ મૌલાના યૂનુસ મિસ્બાહી-વાગરાવાળા** તરફથી **"મસ્જિદ બાંધકામ ફંડ"**ની **ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**ની ઓફરને માન આપી સારો એવો સહકાર મળ્યો છે જેનો ઉપયોગ વિવિધ મસ્જિદોના કામો પૂર્ણ કરવામાં થયો છે. મૌલા તઆલા નામી અનામી દરેક સહાયકોને તેના મહૂબબ ﷺ ના વસીલાથી જન્નતમાં આ'લા મહેલો અતા કરે. (આમીન) *-તંત્રી : બરકાતે ખ્વાજા*

# રહમતે ઈલાહી

★ અઝ ★

**જનાબ જિગર નબીપુરી, લંડન**

હઝરત અબ્દુલ્લાહ બિન મુબારક رحمۃ اللہ علیہ બગદાદ શરીફના એક મશહૂર વલી અને મુહદ્દિષ થઈ ગયા છે પોતાના સફરે હિજાઝનું વર્ણન કરતાં તેઓ લખે છે કે, "હું જ્યારે મદીના શરીફ હઝરત નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઝિયારત માટે રોઝા શરીફ પર હાજર થયો ત્યારે મારી રૂહ રહમતના વાદળોના સાયામાં હતી. દુરૂદો સલામમાં મારા હોઠ હાલતા રહ્યા. રોઝા મુબારકની સામે ઉભા ઉભા મારી આંખોમાંથી અશ્રુ વહેતાં રહ્યાં. મારું હૃદય રહમત અને નૂરના વરસાદમાં પલળતું ગયું. દૂર દૂરથી દુરૂદો સલામના અવાજ પણ સંભળાતા હતા. આજ સ્થિતિમાં રોઝા મુબારકની સામે સાંજ પણ પડી ગઈ. છતાંયે દીદારે રહમતથી મારું દિલ ભરાયું નહીં. નૂરનો વરસાદ વરસાવતું એક વાદળ મારી નજરની સામે જ હતું. અને એ જ દશામાં અઝાનનો અવાઝ મારા કાને અથડાયો. નમાઝની પવિત્ર ફર્ઝ અદા કરી હું હરમ શરીફના શેખ પાસે મસ્જિદ શરીફમાં રાત રહેવા માટેની મંજૂરી મેળવવા પહોંચ્યો, તેમણે મને માથાથી પગ સુધી એકીટશે જોઈ લીધા પછી મસ્જિદ શરીફમાં રહેવાની રજા આપી."

મારા દિલને રોશન કરવાવાળી એ અજોડ રાતને હું ક્યારેય ભૂલી નહીં શકું. એ રાત મને અદ્ભુત દ્રશ્ય જોવામાં આવ્યું. મુજ તુચ્છ ગુલામને સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાની રહમતોથી ખાસ નવાજ્યો હતો. અને એ જ રાતના છેલ્લા ભાગમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મને ખાસ ધ્યાનથી કહ્યું કે, "તમે બગદાદ જઈ ત્યાં બહેરામ યહૂદી નામની વ્યક્તિને મારો પૈગામ પહોંચાડી આપો કે, તમારા (બહેરામ યહૂદીની) ઈન્તેઝારમાં અલ્લાહ તઆલાની રહમતના દરવાજા ખુલી ગયા છે."

ફજ્રની નમાઝ પઢયા બાદ હું ફરીથી મારે ઠેકાણે આવ્યો. મારા દિલમાં ખુશીઓનો ઉભાર હતો. દિલ પણ બગદાદ શરીફ જવા માટે ઘણા જ શોખથી તડપી રહ્યું હતું. કારણ કે અહીં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના દરવાજા પર અદબની સાથે હાથ બાંધીને ઉભેલાઓમાંથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ફક્ત મારા ઉપર જ પસંદગી ઉતરી છે ! એથી વધુ ખુશી કઈ હોઈ શકે ! વળી, બગદાદ જઈ બહેરામ યહૂદીથી પૂછું કે તેણે કયો એવો અમલ કર્યો કે બગદાદમાં રહી એણે આ ઈનામ હાંસલ કર્યું છે ?!

દુરૂદો સલામ પેશ કરી, સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહોબ્બતમાં મદીના શરીફથી રવાના થઈ આનંદ વિભોર બગદાદ શરીફ પહોંચ્યો. ઘેર જઈ એ જ વખતે બહેરામ યહૂદીની શોધમાં નીકળ્યો. સરકારે જણાવેલા ઠેકાણે બહેરામ યહૂદીથી મુલાકાત થઈ. એને મળીને મને ખૂબ જ ખુશી થઈ. તો પછી મેં એને સલામ કલામ બાદ આરામથી પૂછયું કે, તમે એવો કયો અમલ કર્યો છે કે જે કારણે તમારા માટે અલ્લાહ તઆલાની રહમતના દરવાજા ખુલી ગયા છે ! મહેરબાની કરીને તમારી જિંદગીનો અમલ બતાવો તો આભારીત થઈશ !

મારી વાત સાંભળી થોડીક વાર એ વિચારમાં પડી ગયો પછી બોલ્યો; "મારી જિંદગીમાં એવો કોઈ ખાસ અમલ નથી કે તમારા સવાલનો જવાબ આપી શકું, પરંતુ એક વખત કંઈક આવું બન્યાનું યાદ છે કે, મારી પડોશણ એક મુસલમાન સ્ત્રી એક સાંજના સૂરજ આથમ્યા બાદ મારા ઘરમાં આવી. તેણીના હાથમાં એક દીવા હતો. તે મારા ઘરના સળગતા દીવા સાથે સળગાવીને પાછી ફરી. જ્યારે એના ઘરના બારણા પાસે પહોંચી ત્યારે દીવો ઓલીવી નાંખ્યો. ફરીથી મારા ઘરના દીવા સાથે દીવો સળગાવી રવાના થઈ તે પછી પણ પોતાના ઘરના બારણા પાસે જઈ દીવો ઓલવી નાખ્યો. ત્રીજી વેળા પણ એમ જ કર્યું. તો મને શંકા ગઈ કે ક્યાંક એ મારા ઘરની જાસૂસી તો નથી કરતી ને ?! એટલે હું એની પાછળ ગયો, એ એના ઘરમાં દાખલ થઈ એટલે એ ઘરની બહાર હું છુપાઈને ઉભો રહ્યો."

"એના ઘરમાં બધું વેરવિખેર (અવ્યવસ્થિત) હતું. ઘરમાં દાખલ થતાં જ એનાં રડતાં બાળકો એને વળગી પડયાં. રડતાં બાળકોને સાંત્વન આપવા તે દુઃખી વદને

બોલી, મારા વહાલાંઓ સબ્ર કરો ! તમારા માટે ખાવાનું લાવવા માટે હું આપણા પડોશીને ઘરે ગઈ હતી તે દરમ્યાન કેટલીયે વાર મેં દીવો સળગાવ્યો અને ઓલવ્યો કે જેથી એ મારાથી કંઈક વાત કરે ને હું તમારી ભૂખ વિશે તેને કહું. પરંતુ મારી આ હકીકતના ઈશારાથી તે કાંઈ સમજી શક્યા નથી અને ઈજ્જતના કારણે મારાથી પણ જીભથી કાંઈ બોલી શકાયું નથી ને અંતે નિરાશ થઈને પાછી ચાલી આવી. સબ્ર કરીને આજની રાત જેમ તેમ કાઢી લો. સવારના અલ્લાહ તઆલા જલ્લશાનહુ તેના પરદએ ગયબથી આપણી ભૂખ દૂર કરશે."

"આ દર્દભરી દાસ્તાન સાંભળી મને એ સ્ત્રી અને એના બાળકો પ્રત્યે દયા આવી, મારા □સની ગતિ પણ વધતી ગઈ મને ખૂબ જ દુ:ખ અને અફસોસ થયો કે, મેં તે વખતે જ એ સ્ત્રીને કેમ ન પૂછયું ! અંતે એને મદદરૂપ થવા હું મારા ઘરમાં આવ્યો અને મારી પત્નીને મેં કહ્યું કે, આપણી પાસે જે કાંઈ અનાજ રાંધેલુ છે તે મને આપી દે કે જેથી પડોશણના છોકરાઓને રાજી કરું. આપણે એક રાત ભૂખ્યા રહીશું તો કદાચ અલ્લાહ તઆલાને આપણું એક રાતનું ભૂખ્યા રહેવાનું પસંદ આવી જાય ને તે આપણી કિસ્મતમાં પરિવર્તન લાવી દીયે !"

"આમ વિચારી ઘરમાં જે કાંઈ ખાવાનું રાંધેલું હતું તે અને થોડીક રોકડ રકમ સાથે જ હું એ સ્ત્રીને ઘેર ગયો અને બહારથી જ અવાજ આપીને કહ્યું કે, લ્યો બહેન ! અલ્લાહ તઆલાએ પરદએ ગયબથી આ તમારી મદદ મોકલી છે. જે ખાલિકે કુલ કાઈનાત પર તમે તવક્કલ (ભરોસો) કર્યો હતો એની રહમતમાં એને એ પસંદ ન આવ્યું કે તમારાં બાળકો સવાર સુધી ભૂખ્યાં રહી રાહ જોઈને બેસી રહે."

છોકરાંઓ ખાવાનું જોઈને ખુશીમાં આવી ગયાં એમની ખુશીનોયે કોઈ પર ન રહ્યો. એ સ્ત્રીએ પોતાનાં બાળકોને ખુશ જોઈને અલ્લાહ તઆલાનો શુક્રિયા અદા કરતાં હાથ ઉઠાવી દુઆ માંગી કે, "અલ્લાહ આ માણસના માટે તારી રહમતના દરવાજા ખોલી દે કે આજે મેં મારા બાળકોને પેટ ભરીને ખવડાવીને સૂવડાવ્યાં છે."

"એના અંતરમાંથી ઉદ્‌ભવેલી આ દુઆ મારા દિલમાં એવી અસર કરી ગઈ કે જાણે ઝખ્મ પર કોઈએ મલમપટ્ટી લગાડી હોય અને તે પછી મને એમ જ લાગ્યા કરતું કે મેં કોઈ સારું કામ કરી અલ્લાહ તઆલાની રહમતને મનાવી લીધી છે, પરંતુ મને એના તરફથી શું ઈનાયત થશે એ મેં વિચાર્યું નથી !"

હઝરત અબ્દુલ્લાહ બિન મુબારક رحمۃ اللہ علیہ કહે છે કે, આ વાત કર્યા પછી મને બહેરામ યહૂદીએ પૂછયું કે, "મેં મારા જીવનનો ભેદ તમારી સામે કહી દીધો, હવે તમે પણ મને મહેરબાની કરીને બતાવો કે તમને મારી પાસે કોણે મોકલ્યા ? આખા બગદાદમાં ફક્ત મારો અમલ પૂછવા તમને કોણે જણાવ્યું ?!"

જવાબમાં હઝરત અબ્દુલ્લાહ બિન મુબારક رحمۃ اللہ علیہ એ કહ્યું કે, અત્યારે હું મદીના શરીફની સફરથી આવ્યો છું. ત્યાં રાત્રીના છેલ્લા ભાગમાં હું સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના રોઝએ અકદસ પર હાજર હતો ત્યારે મેં મારી આંખોથી જોયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મારી સામે ઉભા રહી મને ફર્માવ્યું કે, તમે બગદાદ જઈને મારા તરફથી બહેરામ યહૂદીને ખબર આપો કે, "અલ્લાહ તઆલાની રહમતના દરવાજા તમારા માટે ખુલ્લા છે."

તમને આ મુબારક સંદેશો પહોંચાડવા ઉપરાંત તમારામાં એવો ક્યો અમલ છે તે જાણવા હું અહીં આવ્યો છું

આ હકીકત જાણી જણાવી દીધા પછી હું ત્યાંથી રવાના થવાની તૈયારીમાં હતો ને એણે (બહેરામ યહૂદીએ) મારો હાથ પકડી લઈ કહ્યું કે, સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સંદેશાનો જવાબ સાંભળ્યા વિના તમે કેમ જઈ શકો છો ?!

સાંભળો ! તે મુકદસ રાત્રીના પૈગંબરે આખિરુઝ્ઝમાનની આ નિશાની મારી નજરથી ગુજરી હતી કે તેઓ તને ગયબની ખબર આપશે અને મારા દિલમાં છુપાયેલ ભેદ જાહેર કરી દેશે, જે આજે હું મારી પ્રત્યક્ષ નજરોથી જોઈ રહ્યો છું, માટે તમે આજે મારા ગવાહ રહો કે, હું તે હયાતુન્નબી صلی اللہ تعالیٰ علیہ وسلم પર ઈમાન લાવું છું અને ઈસ્લામમાં દાખલ થાઉં છું અને કલ્મો પઢી એ દરવાજામાં દાખલ થાઉં છું કે જે મારી નજાતના માટે ખુલ્લો છે. (સુબ્હાનલ્લાહ !)

હઝરત અબ્દુલ્લાહ બિન મુબારક ફર્માવે છે કે, આ હકીકતથી મારું યકીન કામિલ થઈ ગયું કે, **અલ્લાહ તઆલાની રહમત ભૂખ્યા અને મુસીબતવાળાઓની દુઆની નજીક છે.** *(સંપૂર્ણ)*

## ઓરતોની હિકાયતો

લેખક :
મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર
અઝ : આલિમા કારિયહ્ અનીસા યાકૂબ પટેલ (પાલેજ)

## અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام ની બીવીઓ

### ★ હઝરતે હવ્વા ★

**હિકાયત નં. ૧ :** અલ્લાહ તઆલાએ જન્નત પૈદા ફર્માવી ત્યારે હઝરત આદમ عليه السلام ને જન્નતમાં રાખ્યા, આપ જન્નતમાં તન્હા હતા. એકવાર અલ્લાહ તઆલાએ હઝરત આદમ عليه السلام પર ઊંઘ ગાલિબ કરી દીધી અને આપ સૂઈ ગયા. અલ્લાહ عزوجل એ પછી આપની જમણી પાસંળીઓમાંથી એક પાસંળી કાઢીને તેનાથી હવ્વાને પૈદા ફર્માવ્યાં અને હઝરત આદમ عليه السلام ની કાઢેલી પાસંળીની જગાને ગોશતથી ભરી દીધી. હઝરત આદમ عليه السلام જાગ્યા ત્યારે પોતાના સર મુબારક પાસે હઝરત હવ્વાને બેઠેલાં જોયાં. આપે પૂછયું, તું કોણ છે ?! અર્ઝ કરી, હું ઔરત છું ! ફર્માવ્યું, તને કેમ પૈદા કરવામાં આવી ?! અર્ઝ કરી, એટલા માટે કે આપ મારાથી આરામ મેળવો અને હું આપથી. ફરિશ્તાઓએ પૂછયું, અય આદમ ! આનું નામ શું છે ? ફર્માવ્યું, હવ્વા ! ફરિશ્તાઓએ પૂછયું, આ નામ કેમ (રાખવામાં આવ્યું) છે ? ફર્માવ્યું, એટલા માટે કે આ હયયથી પૈદા કરવામાં આવી છે.

**બોધ :** સ્ત્રીને ખુદા તઆલાએ પુરૂષના આરામ માટે પૈદા ફર્માવી છે અને પુરૂષને સ્ત્રીના આરામ માટે જેવી રીતે કે ખુદા તઆલાએ કુઆન પાકમાં ફર્માવ્યું છે :

**અર્થાત :** ''તેની નિશાનીઓમાંથી એક એ છે કે તેણે તમારા માટે તમારામાંથી જ જોડાં પૈદા કર્યાં જેથી કરીને તમે તેનાથી સંતોષ પ્રાપ્ત કરો. અને તેણે (ખુદાએ) તમારા વચ્ચે મહોબ્બત અને પ્રેમ પૈદા કરી દીધો. નિઃશંક ! તેમાં ચિંતન વિચાર કરનારાઓ માટે નિશાનીઓ છે.'' *(સૂરએ રૂમ, રુકૂઅ–૩)*

જણાયું કે દંપતિને અલ્લાહ તઆલાએ એકબીજાના આરામ માટે પૈદા ફર્માવ્યાં છે અને આ આરામ તે જ વખતે મળી શકે છે જ્યારે પત્ની પોતાના પતિને, પતિ પોતાની પત્નીને સમજે અને જો પત્ની પણ પતિ બનવા લાગે અને કહેવા લાગે કે હું પણ મર્દના ખભા સાથે ખભો મિલાવીને ચાલીશ ! તો પછી સુકૂન પ્રાપ્ત કરવું મુશ્કલ છે. મેં લખ્યું છે :–

નયી તેહઝીબ કા નક્શ અયાં હૈ
મિયાં બીવી હૈ ઔર બીવી મિયાં હૈ
બરાબર મર્દ કે ઔરત કો સમઝે
ઝમીં કો કેહ રહે હૈં આસ્માં હૈ

એ જ રીતે આજકાલના કેટલાક મર્દ પણ એવા જ છે. જે જોવામાં (દેખાવમાં) પતિ નહીં પત્ની નજર આવે છે. એવો જ એક લતીફો સાંભળી લ્યો :– એક ડાન્સરે જોરદાર ડાન્સ કર્યો. ખુરશી પર બેઠાલા એક માણસે શાબાશી આપતાં કહ્યું, વાહ રે વાહ ! છોકરીએ કમાલ કરી દીધો ! બીજા માણસે જે એ માણસ પાસે બેઠેલો હતો બોલ્યો, અરે ! તે તો મારો દીકરો છે ! પહેલા માણસે માફી માંગતા કહ્યું, મિસ સાહેબા ! માફ કરજો ! બીજો ફરી બોલ્યો, અરે હું તો તેનો બાપ છું ! બતાવો, આવા જોડામાં જેમાં પતિ–પત્નીમાં ફરક જ કોઈ ન હોય તો સૂકૂન પૈદા થઈ શકે છે ?! મેં લખ્યું છે :–

નયી તેહઝીબ કા દુલ્હા ભી આતા હૈ નઝર દુલ્હન
યે ગોયા હો રહા અક્દ લળકી હી સે લળકી કા

અહીંયા એક હદીષ સાંભળો ! હુઝૂર صلى الله تعالى عليه وسلم નો ઈર્શાદ છે :– મારી ઉમ્મતની ઔરત પર તો સોનુ અને રેશમ હલાલ છે પણ મર્દો પર હરામ છે.

જાણવા મળ્યું કે સોનાના ઘરેણા, અંગૂઠી, ચેઈન, લોકીટ વિગેરે ઔરતોથી પહેરાય છે, મર્દથી નહીં. પણ આજકાલ શાદીઓમાં છોકરીવાળા દુલ્હામિયાં માટે સોનાની અંગૂઠી તૈયાર કરાવી દુલ્હામિયાંને પહેરાવે છે અને દુલ્હો ખુશ થઈ જાય છે. જ્યારે કે દુલ્હનવાળા દુલ્હાને સોનાની અંગૂઠી પહેરાવી મારા શેઅરનાં આ મિસરાનું સમર્થન કરતા હોય છે :–

યે ગોયા હો રહા હે અક્દ લળકી હી સે લળકી કા

આ પણ જાણવા મળ્યું કે ઔરતની પૈદાઈશ પાંસળીથી થઈ છે. અને હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે ઔરતની પૈદાઈશ પાંસળીથી થઈ છે અને પાંસળી વાંકી હોય છે એની સાથે નર્મીથી વર્તો કેમ કે પાંસળીને અગર સખ્તીની સાથે સીધી કરવા ચાહશો તો તે તૂટી જશે અને એનું તૂટવું શું છે ? તલાક ! એટલા માટે જ્યાં સુધી થઈ શકે ઔરતની સાથે નરમાશથી પેશ આવો !

સુબ્હાનલ્લાહ ! કેવી મુબારક તા'લીમ છે ! અગર આ જ એક હદીષ પર અમલ થવા માંડે તો આગામી દિવસોમાં તલાકના ઝઘડા ખતમ થઈ જાય. હુઝૂર ﷺ એ જેવી રીતે પુરૂષોનાં હુકૂક (હક્કો) સ્ત્રીઓ પર બયાન ફર્માવ્યા છે તેવી જ રીતે એ પણ ફર્માવ્યું છે કે **તમારામાં સૌથી શ્રેષ્ઠ શખ્સ તે છે જે પોતાની પત્ની સાથે સારો સુલૂક કરે** અને હું પોતાની પત્નીઓની સાથે તમારાથી સારો સુલૂક કરું છું.

પુરૂષનો દરજ્જો જો કે સ્ત્રીથી મહાન છે પણ સ્ત્રીના હક્કો પણ પુરૂષો પર ઘણા છે. એક શખ્સની પત્ની મરી ગઈ તો તે કહેવા લાગ્યો, ભાઈઓ ! મારી પત્ની જ નથી મરી ગઈ, મારો બાવરચી પણ મરી ગયો, મારા ઘરનો મુહાફિઝ પણ મરી ગયો, મારી ધોબન પણ મરી ગઈ, મારી બાવરચન પણ મરી ગઈ અને મારી ઔલાદની પરવરિશ કરવાવાળી પણ મરી ગઈ ! ગોયા આ બધાં કામ એક પત્ની કર્યા કરતી હતી. એટલા માટે ઈસ્લામે સ્ત્રી સાથે હુસ્ને સુલૂકનો દર્સ દીધો છે.

ચાહતા હૈ ચૈન વ ઈત્મિનાન ગર
ચલ રસૂલુલ્લાહ ﷺ કી તા'લીમ પર

-(ક્રમશઃ)

## અનોખા સવાલ-અનોખા જવાબ

અઝ : મૌલાના સાદિક હસન સાબરી ચિશ્તી દેહગામી
*(ખતીબો ઈમામ શાહી જુમ્મા મસ્જિદ, જંબુસર)*

**સવાલ** : એક વ્યક્તિ કલમો પઢયા વગર મુસલમાન થઈ ગયો તે કેવી રીતે ?

**જવાબ** : જે વ્યક્તિ કહે કે મેં ફલાણા મઝહબને છોડી દીને ઈસ્લામ કબૂલ કર્યો તો તે મુસલમાન થઈ ગયો જેવું કે ફતાવા અફરીકા-લાહોર, સફા નં. ૧૫૪ માં છે. એટલું કહેવું કે મેં તે મઝહબ છોડી દીને મુહમ્મદી કબૂલ કર્યો. તે ઈસ્લામ માટે કાફી છે. *(રદ્દુલ મુહ્તાર, ભાગ-૩, સ.ન. ૨૮૭ માં પણ એવું જ છે.)*

**સવાલ** : એક વ્યક્તિ મઝહબે ઈસ્લામને સહીહ માને છે અને જબાનથી ઈકરાર પણ કરે છે. પરંતુ તે કાફિર છે ? કેવી રીતે ?

**જવાબ** : તે વ્યક્તિ દિલથી સહીહ માનવા અને જબાનથી ઈકરાર કરવા સાથે મઝહબે ઈસ્લામને પોતાનો મઝહબ કરાર દેતો નથી તે કારણે તે કાફિર છે એટલા માટે કે કુફ્રની ચાર કિસ્મો છે : (૧) **કુફ્રે ઈન્કાર** : ન દિલ સહીહ માને ન જબાનથી ઈકરાર કરે, જેવું કે ફિરઔન વગેરેનો કુફ્ર (૨) **કુફ્રે જહુદી** : કે દિલથી સહીહ માને અને જબાનથી એતરાફ ન કરે જેવું યહૂદી વગેરેનો કુફ્ર (૩) **કુફ્રે નિફાકી** : કે દિલથી સહીહ ન માને પણ જબાનથી ઈકરાર કરે, જેવું કે ઉબય બિન ખલફ વગેરેનો કુફ્ર (૪) **કુફ્રે એનાદી** : કે દિલથી સહી માને અને જબાનથી ઈકરાર પણ કરે પરંતુ મઝહબે ઈસ્લામને પોતાનો દીન ન માને જેવું કે અબૂ તાલિબ વગેરેનો કુફ્ર. *(ખાઝિન, ભાગ-૧, પેજ-૩૧)*

**સવાલ** : જમીનનો એવો ક્યો હિસ્સો છે જે દરેક જગા અર્શ કુર્સીથી પણ અફઝલ છે ?

**જવાબ** : જમીનનો તે હિસ્સો છે હુઝૂરે અકદસ ﷺ ના મુબારક જિસ્મથી લાગેલ છે એ દરેક જગાથી અફઝલ છે ત્યાં સુધી કે કા'બા શરીફ અર્શ અને કુર્સીથી પણ અફઝલ છે જેવું કે આ'લા હઝરત رحمۃ اللہ علیہ તહરીર ફર્માવે છે : તુર્બતે અત્હર (કબ્ર મુબારક) એટલે જે જમીન જિસ્મે અનવરથી સ્પર્શેલ છે તે કા'બા શરીફ બલ્કે અર્શથી પણ અફઝલ છે. *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ-૪, પેજ-૬૮૭, દુર્રે મુખ્તાર મઅશામી, ભાગ-૨, પેજ-૨૫૭)* સૈયદ મુહમ્મદ બિન અલવી બિન અબ્બાસ માલિકી (મક્કા શરીફ) પોતાની કિતાબ રિહાબિલ બયતિલ હરામ (અરબી)ના પેજ નં. ૧૬૯ પર લખે છે કે ઈજમાઅ એના પર છે જેવું કે કાઝી અયાઝ વગેરેનો કૌલ છે કે જમીનનો સૌથી અફઝલ હિસ્સો એ જ છે જે રસૂલુલ્લાહ ﷺ ના જિસ્મે મુબારકથી લાગેલો છે.

# દુરૂદે પાક એક અઝીમ ઈબાદત

★ અઝ : હાફેઝ મુહમ્મદ સરફરાઝ દયાદરવી *(મુતઅલ્લિમ અલ્ જામિઅતુલ્ અશ્રફિયહ્, મુબારકપુર)*

## ★ દુરૂદે પાકની શરૂઆત ક્યારે થઈ ? ★

એ વાત તો સાબિત છે કે અલ્લાહ તબારક વ તઆલાએ પોતાની કુદરતે કામિલાથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના નૂરને આખી દુનિયાથી પહેલાં પૈદા ફર્માવ્યું. ભલે આ દુનિયામાં આગમન તમામ અંબિયા વ મુરસલીન علیہم السلام પછી થયું. આપ صلی اللہ تعالیٰ علیہ وسلم નું નૂર આ દુનિયામાં જાહેર થવાને કરોડો વર્ષો પહેલાં આલમે ગૈબમાં એક ચમકતા તારાની સૂરત ચમકતું રહ્યું. મશહૂર સહાબી હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ વર્ણન કરે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام થી પૂછયું, હે જિબ્રઈલ ! બતાવો, તમારી ઉમ્ર કેટલી છે ? જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام એ કહ્યું, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મને મારી ઉમ્રના બારામાં ખબર નથી, હા ! મને એટલી ખબર છે કે ચોથા હિજાબમાં એક તારો હતો જે સિત્તેર હજાર વર્ષોમાં એકવાર ચમકતો હતો. એ તારાને મેં બોત્તેર હજાર વાર ચમકતો જોયો છે. એટલે કે જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام એ બારગાહે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم માં આ વાત પેશ કરી કે મારી ઉમ્ર ઘણી લાંબી છે. અત્યારે મારી ઉમ્ર પાંચ અબજ ચાર કરોડ વર્ષથી પણ વધારે છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, હે જિબ્રઈલ ! મારા રબની ઈઝ્ઝત વ જલાલની કસમ ! હું જ એ તારો છું !

ખુલાસો એ કે નૂરે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ને આખી દુનિયાથી પહેલાં પૈદા ફર્માવ્યું ત્યાર બાદ બધાથી પહેલાં અલ્લાહ તબારક વ તઆલાએ જાતે જ પોતાના મહબૂબના નૂરે પાક પર દુરૂદ શરીફનો તોહફો મોકલ્યો, જેની શરૂઆતનું જ્ઞાન માત્ર અલ્લાહ તબારક વ તઆલાને જ છે.

## ★ મો'મિનોને દુરૂદ શરીફ પઢવાનો હુકમ ક્યારે મળ્યો ? ★

બારગાહે નબવીમાં મો'મિનોના દુરૂદ વ સલામ મોકલવાની શરૂઆતના વિશે ઉલમાના દરમ્યાન વિવાદ છે. અલ્લામા શહાબુદ્દીન ખફ્ફાજી رحمۃ اللہ علیہ હઝરત અબૂઝર رضی اللہ عنہ નો આ ઈર્શાદ નકલ ફર્માવે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પર દુરૂદ મોકલવાની શરૂઆત હિજરતના પાંચમાં વર્ષે મદીના મુનવ્વરામાં થઈ. અને બીજા ઉલ્માએ ફર્માવ્યું કે દુરૂદ વ સલામ પઢવાની શરૂઆત મક્કા મુકર્રમામાં થઈ કારણ કે દુરૂદ પઢવાનું વર્ણન મેઅરાજવાળી હદીષમાં આવ્યું છે. *(નસીમુર્રિયાઝ, ભાગ–૩, પેજ–૪૪૩)*

અલ્લામા શામી رحمۃ اللہ علیہ માં ઈર્શાદ છે કે શાબાનનો મહીનો હિ.સ. ૨ અથવા મેઅરાજમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પર દુરૂદ પઢવાનો હુકમ નાઝિલ થયો છે. *(રદ્દુલ્ મુહ્તાર, ભાગ–૧, પેજ–૫૧૫)*

## ★ દુરૂદ શરીફની ફઝીલત કુર્આનની રોશનીમાં ★

اِنَّ اللّٰـهَ وَمَلٰٓـئِكَتَـهٗ يُصَلُّـوْنَ عَلَـى النَّبِـيِّ

يٰۤاَيُّهَاالَّـذِيْنَ اٰمَنُوْاصَلُّوْا عَلَيْهِ وَسَلِّمُوْاتَسْلِيْمًا

**તર્જુમા** : બેશક ! અલ્લાહ અને તેના ફરિશ્તાઓ નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم પર દુરૂદ મોકલે છે, હે ઈમાનવાળાઓ ! તમે પણ એમના પર દુરૂદ વ સલામ મોકલો !

અલ્લાહ તબારક વ તઆલાએ આ આયતે કરીમામાં પોતાના મહબૂબ ﷺ પર દુરૂદ શરીફ પઢવાની શરૂઆત પોતાના નામે પાકથી ફર્માવી પછી પાક અને માસૂમ ફરિશ્તાઓનું દુરૂદ પઢવાનું વર્ણન ફર્માવ્યું. એટલા માટે કે પોતાના હબીબ ﷺ ની બુલંદી વ બડાઈ અને સરદારી વ બુઝુર્ગીને ઝાહિર ફર્માવે. અને પ્યારા રસૂલની પ્યારી ઉમ્મતને આ વાતનો શોખ અર્પણ કરે કે તેઓ પોતાના રસૂલ પર દુરૂદ વ સલામ મોકલીને પોતાના રબની ખાસ મહેરબાનીઓને હાંસલ કરે. માટે જયારે જયારે ઈમાનવાળાઓ ઉપર વર્ણવેલી આયતની તિલાવત કરે છે અને એના અર્થો પર વિચારે કરે છે તો તેઓ જરૂર આ વાતનો એહસાસ કરે છે કે જયારે રસૂલુલ્લાહ ﷺ પર માસૂમ ફરિશ્તાઓ વારંવાર દુરૂદ મોકલે છે અને અલ્લાહ તબારક વ તઆલા દરેક ચીજથી બેપરવા હોવા છતાંય એમના પર હમેશાં દુરૂદ મોકલે છે તો આપણી ઉપર કેમ કરીને જરૂરી ન હોય કે આપણે રસૂલની બારગાહમાં બેહિસાબ દુરૂદ શરીફનો તોહફો પેશ કરીને ખુદાની રહમત અને મુસ્તફાની શફાઅતના હક્કદાર બનીએ. કારણ કે આપણે તો માથાથી લઈને પગ સુધી પૂરા ગુનાહોથી ભરેલા છીએ અને ખુદાના અઝાબથી છૂટકારા માટે હુઝૂરની "શફાઅત" જ સહારો છે.

## દુરૂદ શરીફની ફઝીલત હદીષની રોશનીમાં

### ★ અઝીમ ખુશખબરી ★

**૧.** અલ્લામા શહાબુદ્દીન رحمۃ اللہ علیہ ઈમામ બયહકી અને નિસાઈના હવાલાથી આ હદીષ નકલ ફર્માવે છે કે હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہ ફર્માવે છે કે એક દિવસ બારગાહે રસૂલમાં મને હાજરીની સઆદત નસીબ થઈ તો મેં જોયું કે આપનો ચહેરો મુબારક એટલો ખીલેલો હતો કે એવો ખીલેલો મેં કદી પણ જોયો ન હતો. મેં હુઝૂર ﷺ થી આનું કારણ પૂછયું તો હુઝૂર ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, અત્યારે મારા પાસેથી જિબ્રઈલે અમીન ગયા છે, તેઓ મારા રબની પાસેથી એ ખુશખબરી લાવ્યા કે અલ્લાહ તબારક વ તઆલાએ મને તમારી બારગાહમાં મોકલ્યો છે કે હું આપને ખુશખબરી સંભળાવું કે આપનો જે પણ ઉમ્મતી આપ પર દુરૂદ મોકલશે અલ્લાહ તબારક વ તઆલા અને તેના ફરિશ્તાઓ એના પર દસ વાર રહમત મોકલશે.

**૨.** આવી જ બીજી હદીષ હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہ થી મરવી છે : તેઓ વર્ણન કરે છે કે રસૂલલ્લાહ ﷺ એક દિવસ એવી હાલતમાં તશરીફ લાવ્યા કે આપના ચહેરા મુબારકથી ખુશી જાહેર થતી હતી. સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અમારાં માં બાપ આપ પર કુર્બાન ! આજે આપના ચહેરાએ મુબારક પર ખુશી જાહેર થવાનું કારણ શું છે ? સરકારે દો જહાંએ ઈર્શાદ ફર્માવ્યો, જિબ્રઈલે અમીન આવ્યા અને એમણે કહ્યું, યા રસૂલલ્લાહ ! શું આપને આ વાત ખુશી નથી પહોંચાડતી કે અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે કે આપનો જે પણ ઉમ્મતી આપ પર એકવાર દુરૂદ મોકલે છે અલ્લાહ તબારક વ તઆલા એના પર દસ વાર રહમત નાઝિલ ફર્માવે છે અને જે આપ પર એક વાર સલામ મોકલે છે અલ્લાહ તબારક વ તઆલા એના પર દસ વાર સલામ મોકલે છે. *(નસીમુર્રિયાઝ, ભાગ-૩, પેજ-૩૯૦)*

**૩.** આજ લેખની એક બીજી હદીષ હઝરત અબ્દુર્રહ્માન બિન ઔફ رضی اللہ عنہ થી મરવી છે : તેઓ ફર્માવે છે કે એક વાર સરકારે મુસ્તફા ﷺ એક બાગમાં તશરીફ લઈ ગયા હું પણ એમની પાછળ હાજર થઈ ગયો. હુઝૂર ﷺ એ ત્યાં નમાઝ અદા ફર્માવી અને એટલો લાંબો સજદો કર્યો કે મને ખતરો થયો કે હુઝૂરની રૂહે પાક નીકળી ગઈ છે. હું આ ખ્યાલથી રડવા લાગ્યો અને નજીક જઈ જોયું.

સરકારે સજદાથી ફારિગ થઈને ફર્માવ્યું, અબ્દુર્રહ્‌માન શું વાત છે ?! મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપે એકલો લાંબો સજદો કર્યો કે મને ખૌફ થયો કે ખુદા ન ચાહે આપની રૂહે પાક તો નીકળી નથી ગઈ ! સરકારે ઈર્શાદ ફર્માવ્યો, મારી પાસે જિબ્રઈલે અમીન આવ્યા અને મને આ ખુશખબરી આપી, અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે કે જે માણસ સલામ મોકલશે એના પર સલામ મોકલીશ અને જે આપ પર દુરૂદ મોકલશે હું એના પર રહમત નાઝિલ કરીશ. બસ ! મેં એના શુક્રિયામાં આટલો લાંબો સજદો કર્યો.

૪. ઈમામ નિસાઈએ હઝરત અનસ رضی اللہ عنہ થી આ હદીષ નકલ કરી છે : હુઝૂર સરવરે કાઈનાત صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે જે માણસ મારા પર એકવાર દુરૂદ મોકલશે અલ્લાહ તબારક વ તઆલા એના પર દસ વાર રહમત નાઝિલ ફર્માવશે અને એના દસ ગુનાહોને માફ ફર્માવશે અને એના દસ દરજાઓ બુલંદ ફર્માવશે. *(અલ્ કવ્લુલ્ બદીઅ, પેજ–૧૦૪, નસીમુર્રિયાઝ, ભાગ–૩)*

૫. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, જે માણસ મારા પર એકવાર દુરૂદ મોકલે છે અલ્લાહ તબારક વ તઆલા એના પર દસ રહમત નાઝિલ ફર્માવે છે અને જે મારા પર દસ વાર દુરૂદ મોકલે છે અલ્લાહ તબારક વ તઆલા સો વાર રહમત નાઝિલ ફર્માવે છે. અલ્લાહ તબારક વ તઆલા એની પેશાની પર براْۃ من النفاق وبراْۃ من النار લખી દે છે. એટલે કે આ માણસ નિફાક અને જહન્નમથી અલગ છે. واسکنہ یوم القیامۃ مع الشھداء અને અલ્લાહ તબારક વ તઆલા એનો હશ્ર શહીદોના સાથે ફર્માવશે.

૬. હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ رضی اللہ عنہ ફર્માવે છે કે જે માણસ નબીએ કરીમ પર એક વાર દુરૂદ પઢશે તો અલ્લાહ તબારક વ તઆલા અને તેના ફરિશ્તાઓ એના પર સિત્તેર વાર રહમત નાઝિલ ફર્માવે છે.

## ★ જુમ્આના દિવસે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પર દુરૂદ મોકલવાની ફઝીલત ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પર દરેક દિવસ અને દરેક રાતમાં દુરૂદ વ સલામ પઢવું ઘણું સારું છે ખાસ કરીને જુમ્આના દિવસે અને જુમ્આની રાતમાં એનાથી પણ વધારે ફઝીલત છે. અને જુમ્આના દિવસે ખાસ કરીને ઉમ્મતીના દુરૂદ વ સલામ બારગાહે મુસ્તફામાં પેશ કરવામાં આવે છે અને કબૂલિયતના દરજાથી નવાઝવામાં આવે છે.

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ થી મરવી છે : દરેક જુમ્આના દિવસે પોતાના પ્યારા નબી પર વધુમાં વધુ દુરૂદ વ સલામ મોકલો, એ માટે કે તમારા દુરૂદ વ સલામ સરકારની બારગાહમાં દરેક જુમ્આના દિવસે પેશ કરવામાં આવે છે. *(નસીમુર્રિયાઝ, ભાગ–૩, પેજ–૫૦૦)*

હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : મારા પર જુમ્આના દિવસે અને જુમ્આની રાતમાં વધુમાં વધુ દુરૂદ મોકલો ! જે માણસ આમ કરશે હું કયામતના દિવસે તેની હિફાઝત કરવાવાળો અથવા શફાઅત કરવાવાળો હોઈશ !

હઝરત અબૂ ઈમામા رضی اللہ عنہ થી મરવી છે : આકાએ કાઈનાત صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, મારા પર જુમ્આના દિવસે ખૂબ વધારે દુરૂદ મોકલ્યા કરો, એટલા માટે કે મારી ઉમ્મતનું દુરૂદ દરેક જુમ્આના દિવસે મારા પર પેશ કરવામાં આવે છે.

## ★ દુરૂદ વ સલામની ફઝીલત વાકેઆતની રોશનીમાં ★

**૧. રોજીમાં બરકત** : હઝરત સુહેલ બિન સઅદ رضی اللہ عنہ ફર્માવે છે એક માણસ બારગાહે રિસાલતમાં હાજર થયો અને ગરીબી વ તંગદસ્તી અને મોહતાજીની ફરિયાદ કરી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ

ફર્માવ્યું, જ્યારે તમે મકાનમાં દાખલ થાવ તો સલામ કરો ચાહે મકાનમાં કોઈ હોય અથવા ન હોય. પછી મારા ઉપર સલામ મોકલો, પછી એકવાર **કુલ્હુવલ્લાહુ અહદ** પઢો. પેલા આદમીએ હુઝૂરના ફર્માવ્યા પ્રમાણે અમલ કર્યો તો અલ્લાહ તબારક વ તઆલાએ તેની રોઝીમાં બેહિસાબ બરકત અર્પણ કરી.

**૨. મગફેરતનો ઝરીયો** : એક માણસે અબૂ હફ્સ કાગઝી رحمۃ اللہ علیہ ને તેમના ઈન્તેકાલ પછી ખ્વાબમાં જોયા તો એમનાથી પૂછયું, અલ્લાહ તઆલાએ તમારા સાથે કેવો વર્તાવ કર્યો ? એમણે કહ્યું, અલ્લાહ તઆલાએ મારા પર રહમ ફર્માવી અને મારી મગફેરત ફર્માવી અને મને જન્નતમાં દાખલ કરવાનો હુકમ આપ્યો. પેલા આદમીએ પૂછયું, કયા ભલાઈના કામના કારણે તમારી મગફેરત થઈ ? એમણે કહ્યું, જ્યારે બારગાહે ઈલાહીમાં મને પેશ કરવામાં આવ્યો તો ફરિશ્તાઓને નામાએ આમાલનો હિસાબ કરવાનો હુકમ કર્યો. ફરિશ્તાઓએ મારા ગુનાહ અને મારા દુરૂદનો હિસાબ કર્યો તો મારા દુરૂદ ગુનાહોથી વધી ગયાં. બસ ! અલ્લાહ તબારક વ તઆલાએ ફર્માવ્યું, હે ફરિશ્તાઓ ! બસ ! હવે તેનો હિસાબ ન કરો અને તેને મારી જન્નતમાં લઈ જાઓ !

૩. બની ઈસ્રાઈલમાં એક માણસ ઘણો ગુનેહગાર હતો. જયારે તે મૃત્યુ પામ્યો તો લોકોએ તેને આમ જ જમીન ફેંકી દીધો. યા'ની લોકોએ તેને ન ગુસ્લ આપ્યું અને ન તો તેની જનાઝાની નમાઝ પઢી અને ન તો તેને દફન કર્યો. અલ્લાહ તઆલાએ સૈયદના મૂસા علیہ السلام પર વહી નાઝિલ ફર્માવી કે તેને ગુસ્લ આપીને તેની જનાઝાની નમાઝ પઢો ! મેં તે આદમીની મગફેરત ફર્માવી દીધી છે. સૈયદના મૂસા علیہ السلام એ અર્ઝ કરી, હે રબ્બે કરીમ ! એ કયુ કારણ છે જેના લીધે તેને આ દરજા હાંસલ થયો. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, કે તે આદમીએ એકવાર તૈરાત ખોલી હતી અને એમાં મુહમ્મદ صلی اللہ تعالی علیہ وسلم નું નામ જોયું હતું. તો તેણે એમના પર દુરૂદ પઢયું હતું, આ કારણે મેં તેની મગફેરત ફર્માવી દીધી. *(અલ્ કૌલુલ્ બદીઅ, પેજ-૧૧૮)*

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ
كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ○
اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا
بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ
حَمِيْدٌ مَّجِيْدٌ ○

**પ્યારા સુન્ની ભાઈ બહેનો** ! રસૂલુલ્લાહની ઝાતે બા બરકતથી અકીદત અને મહોબ્બત કરવી ઈમાનનો એક હિસ્સો છે અને એના વગર ઈમાન અધુરૂ રહે છે અને દુરૂદ શરીફ પઢવું મહોબ્બતની દલીલ છે. બલ્કે દુરૂદે પાકને વધુમાં વધુ પઢવાથી ઈશ્કે રસૂલ પૈદા થાય છે. ઈશ્કે રસૂલ દીનનું નૂર છે અને રૂહનો ખોરાક છે, ઈશ્કે રસૂલથી મગફેરત હાંસલ થાય છે, ઈશ્કે રસૂલ ખત્મ ન થવાવાળી દૌલત છે. અને આ દૌલતને હાંસલ કરવાનો તરીકો દુરૂદે પાકનું વિર્દ છે, અને જેમ જેમ જે માણસ દુરૂદે પાકનું વિર્દ કરે છે એનામાં ઈશ્કે રસૂલ વધતું જાય છે માટે આપણે પણ દુરૂદે પાકનું વિર્દ ખૂબ ખૂબ કરવું જોઈએ. અગર ! આપણે દુરૂદે પાક પઢીશું તો આપણો દીન અને દુનિયા બંનેવ કામ્યાબ થશે, આપણા ગુનાહોનો કફ્ફારો થશે, તંગદસ્તી અને મોહતાજી પણ દૂર થશે, પાકી હાસંલ થશે, જિસ્માની અને રૂહાની બીમારીઓનો ઈલાજ થશે. માટે આજથી દુરૂદે પાકનું વિર્દ ચાલુ કરી દો ! ઈન્શાઅલ્લાહ ! ઈશ્કે રસૂલ જેવી અઝીમ દૌલતથી માલામાલ થશો. અલ્લાહ તબારક વ તઆલા સર્વને દુરૂદે પાક વધુમાં વધુ પઢવાની તૌફીક આપે. (આમીન) *–સંપૂર્ણ*

# બરકાતે ખ્વાજાની ટપાલ

## આ મુખ્લિસ હમદર્દોના અમો આભારી છીએ

હમદર્દે સુન્નિયત અમારા ખાસ સ્નેહી વડીલ **જનાબ "જિગર" નબીપુરી સાહબ (લંડન)** તરફથી બરકાતે ખ્વાજા (માસિક)ના પ્રચાર તથા પ્રસારમાં પુષ્કળ સહકાર દરેક રીતે મળી રહ્યો છે :–

★ સાત ગ્રાહકો (ઈન્ડિયા)નું ૫ વર્ષનું બરકાતે ખ્વાજાનું લવાજમ ★ સાત ગ્રાહકો (કેનેડા)નું ૧ વર્ષનું બરકાતે ખ્વાજાનું લવાજમ ★ **૨૦૦** મદ્રસા–મસ્જિદ ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા સંચાલિતનું બે વરસનું લવાજમ તથા **૮૩** ગ્રાહકોનું અલમુઈનનું તથા પોતાનું **૫** વર્ષનું "બરકાતે ખ્વાજા"નું લવાજમ મોકલેલ છે.

જેનો આભાર વ્યક્ત કરવા અમારી પાસે શબ્દો નથી ! મૌલા તઆલા તેના પ્યારા હબીબ ﷺ ના સદકામાં તેમની, તેમની ઔલાદની બંને દુનિયાને ખુશ્નુમા રાખે. (આમીન) એમના જ સહકારથી :–

★ **જનાબ ઈસ્માઈલ માસ્તર ઝીકરીવાલા દયાદરાવાળા** તરફથી **૨૦** ગ્રાહકોનું વાર્ષિક લવાજમ (ઈન્ડિયાના) તથા ૫૦ રૂા. લિલ્લાહ,

★ **જનાબ અહમદ કડુજી નબીપુરવાળા** તરફથી **૧૪** ગ્રાહકોનું **૨** વર્ષનું લવાજમ તથા ૧૦ રૂા. લિલ્લાહ તેમ જ

★ **જનાબ ગુલામભાઈ લોલા નબીપુરવાળા** તરફથી **૪૫** ગ્રાહકોનું વાર્ષિક લવાજમ તથા ૧૦ રૂા. લિલ્લાહ તેમજ

★ **જનાબ જિગર નબીપુરી સાહબ તરફથી** રૂા. ૧૫,૦૦૦/– ઝકાત "મદ્રસા બરકાતે ખ્વાજા" (આમોદ)ને મળ્યા છે. જઝકાલ્લાહ !

મૌલા તઆલા નબી પાક ﷺ ના સદકામાં તેમની આ કુર્બાનીઓને કબૂલ ફર્માવી બેહતરીન જઝા બંને જહાનમાં અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા*

### ★ યુ.કે.માં અમારા પેટ્રન બન્યા છે ★

અમારા ચહીતા ભાઈ તથા મિત્ર જનાબ **ઐયૂબ ભીખા પટેલ દયાદરાવાળા (લંડન)** પેટ્રન ફી ચૂકવીને બરકાતે ખ્વાજા (માસિક)ના પેટ્રન મેમ્બર બન્યા છે. આ સહકાર બદલ અમો તેમના આભારી છીએ. મૌલા તઆલા હબીબે પાક ﷺ ના સદકામાં તેમની બંને દુનિયા આબાદ ફર્માવે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા*

### ★ એક અનુકરણીય શાદી મુબારક ! ★

**દયાદરા**ના (હાલ લેસ્ટર, યુ.કે.) નિવાસી હઝરત મૌલાના કારી અબુલ કલામ રઝવી સાહબના નેક ફરઝંદ **અહમદ રઝા**ની શાદી તા. ૧૨–૭–૨૦૦૪ ના રોજ હલદરવા મુકામે **આલિમા રઈસા D/o.** ખલીલ અહમદ ઈસા જોહા સાથે રાખવામાં આવી. વર્તમાનકાળમાં બેન્ડબાજા નાચગાનના શૈતાની ખેલો સાથે થતી શાદીઓના માહોલમાં આ મુબારક શાદીમાં નઅત તથા સલાતો સલામ સાથે બારાત નિકાહના સ્થળે પહોંચી ત્યાં હઝરત સૈયદ કમરૂદ્દીનબાવા કારંટવી સાહબે નિકાહ પઢાવ્યા હતા બાદમાં સલાતો સલામ બાદ દુઆ સાથે શાદીની રસ્મ પૂર્ણ થઈ હતી. *(દુલ્હા–દુલ્હનને મુબારકબાદ ! –તંત્રી : બરકાતે ખ્વાજા)*

**લંડન** : અમારા ખાસ મિત્ર તથા મુખ્લિસ ચાહક જનાબ યૂનુસ મુહમ્મદ માલજી દયાદરાવાળાની દુખ્તરે નેક અખ્તર મુનીરુન્નિસાની શાદી મુબારક મુહમ્મદ રિયાઝ **S/o.** હાજી હાફેઝ મૂસા ઝંઘારવી સાથે લંડન મુકામે તા. ૧૪–૮–૦૪, ૨૬–જમાદીઉલ આખર–૧૪૨૪ હિ. ના રોજ રાખવામાં આવી. દુલ્હા–દુલ્હન તેમજ બંનેનાં કુટુંબીજનોને અમારા તરફથી હાર્દિક મુબારકબાદી ! *–તંત્રી : બરકાતે ખ્વાજા*

### ★ જશ્ને દસ્તારે ફઝીલત ★

સુન્ની જગતની ટોચની હસ્તી નબીરએ આ'લા હઝરત તાજુશ્શરીઅહ **હઝરત અલ્લામા મૌલાના મુફ્તી અખ્તર રઝાખાં અઝહરી** دامت برکاتہم ની

સરપરસ્તીમાં મર્કઝે અદ્દરાસાતુલ્ ઈસ્લામિયહ્ જામિઅતુર્રઝા (બરૈલી શરીફ, યુ.પી.) ખાતે મૌલાના મુહમ્મદ મોહસિન મક્કી (S/o. હાજી વલી અહમદ બાબર–સેગવા)ની દસ્તારબંદી મોહદ્દિષે કબીર હઝરત અલ્લામા ઝિયાઉલ મુસ્તફા સાહબ, હઝરત અલ્લામા તેહસીન રઝા સાહબ, હઝરત મુફતી કાઝી અબ્દુર્રહીમ બસ્તવી તથા અન્ય ઉલમાએ ઝીશાનના મુબારક હસ્તે તા. ૨૩–૭–૦૪, ૫–જમા. આખર–હિ. ૧૪૨૫ ના રોજ કરવામાં આવી. હાર્દિક મુબારકબાદ ! –*તંત્રી : બરકાતે ખ્વાજા*

## ★ સાચા પીરની પરખવાળો લેખ ખૂબ ગમ્યો ! ★

અસ્સલામુ અલૈકુમ, મુકર્રમી જનાબ પટેલ શબ્બીર અલી રઝવી સાહબ, જણાવવાનું કે **"બરકાતે ખ્વાજા"** (માસિક) ઓગસ્ટનો અંક વાંચ્યો ઘણી જ ખુશી અનુભવી. ખૂબ સુંદર અને માહિતપૂર્ણ અંક છે. આ માસિકની વધુ તરક્કી થાય અને અલ્લાહ પાક આપને વધુ ઉંમર બક્ષે અને દીનની ખિદમત કરવા માટે તંદુરસ્તી બક્ષે એ દુવા સાથે જણાવવાનું કે **સાચા પીરની પરખવાળો** લેખ પણ ખૂબ જ ગમ્યો, વર્તમાન સમયમાં આવા ઉમદા જ્ઞાનની ખરી જરૂર છે.

*–દાઊદભાઈ મુહમ્મદ ખિલજી (જંત્રાણ–તા. જંબુસર)*

## ★ મસ્જિદના વિસ્તરણ માટે મદદની અપીલ ★

ભરૂચ રેલ્વે સ્ટેશનની બાજુમાં જ આવેલી હઝરત પીર નસીરુદ્દીન જમાલુદ્દીન દરગાહવાળી સુન્ની સ્ટેશન મસ્જિદ કે જેનો આગળનો ભાગ રોડ પહોળો કરવા થયેલ માસ્ટર પ્લાનમાં જતો રહ્યો હતો જેથી સંકડામણ અનુભવાય છે તથા મસ્જિદ ઘણી જ જૂની હોવાથી ઘણો ભાગ જર્જરિત થઈ ગયો હોવાથી તેનું રીપેરિંગ કામ તથા તેની ખુલ્લી જગામાં બે સ્લેબ આગળ લંબાવવાના છે તથા અંદર આવેલ દરગાહ શરીફનું પણ રીપેરિંગ કામ કરવા જેવું હોવાથી આશરે ૧૮ થી ૨૦ લાખનો ખર્ચ છે. તો સુન્ની સખી દાતાઓ આ કામોને પાર પાડવા મર્હૂમોના સવાબ અર્થે દિલ ખોલીને ફાળો નોંધાવે તેવી અપીલ છે.

**મદદ મોકલવાનું સરનામુ :** શબ્બીરભાઈ યુસુફમિયાં મલેક, રેલ્વે કેન્ટિન, એ.યુ. મલેક & કુા. પ્લેટફોર્મ ૪ તથા ૫, ભરૂચ

## ★ કુર્આનનો અજોડ તર્જુમો એટલે "કન્ઝુલ ઈમાન !" હિન્દીમાં મંગાવો ! ★

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ એ કરેલ કુર્આન પાકનો તર્જુમો તથા સદરુલ અફાઝિલ હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رضی اللہ عنہ ની લખેલ તફસીર યા'ને કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન **હિન્દી** ભાષામાં મળશે. [હદિયો : રૂા. ૧૫૦/– (ટપાલ ખર્ચ :રૂા ૫૦/– રજીસ્ટર્ડ ચાર્જ અલગ)]

**પ્રાપ્તિ સ્થાન : રઝવી કિતાબ ઘર,** મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન. ૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧, મો. ૯૮૨૪૪૮૬૪૪૩

## ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**જંબુસર** : ના સુન્ની દા'વતે ઈસ્લામીના ખાસ ચાહક જનાબ હાજી અલ્લારખા ફ્રુટવાળાના વાલિદ સાહબ તા. ૨૮–૪–૦૪ બુધવારના રોજ માહે રબીઉલ અવ્વલના ૭ મા ચાંદે ખુદાની રહમતમાં પહોંચી ગયા છે. મર્હૂમની નમાઝે જનાઝા કારી સાહબે (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી, આમોદ) પઢવી હતી. મૌલા તઆલા મર્હૂમની મગફિરત ફર્માવી જન્નત નશીન કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) –*તંત્રી : બરકાતે ખ્વાજા*

**જંબુસર** : તા. ૨૭–૭–૦૪ મંગળવાર જમાદીઉલ આખર ચાંદ–૯ ના રોજ જંબુસર હુસૈની કમિટીના પ્રમુખ શેખ ઝાકિર હુસૈન સાહબના વાલિદ સાહબ મર્હૂમ અલ્લારખાભાઈ એહમદભાઈ અલ્લાહ તઆલાની રહમતે પહોંચી ગયા છે. મર્હૂમની જનાઝાની નમાઝ હાજી મૌલાના સાદિક સાબરી દહેગામી (ખતીબો ઈમામ જામા મસ્જિદ)એ પઢાવી હતી. અલ્લાહ તઆલા મર્હૂમના જન્નતુલ ફિરદૌસમાં આ'લાથી આ'લા દરજાત બુલંદ ફર્માવે, અને કબ્રને નૂરથી પુર કરે અને ઘરવાળાંઓને સબ્રે જમીલ અતા ફર્માવે. (આમીન) –*તંત્રી : બરકાતે ખ્વાજા*